Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૦૯
તા.૧૮-૧૨-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૪ માગસર વદ - ૦))
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૭ સૂર્યાસ્ત : ૦૫:૫૭

તાપમાન
ડીસા ૧૨.૩ | વડોદરા ૧૭.૪
અમદાવાદ ૧૭.૬ | સુરત ૨૦.૦
ગાંધીનગર ૧૬.૫ | નલિયા ૧૧.૬

ચાંદી : ૩૭,૫૦૦ સોનું : ૨૯,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

રખેવાલ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંચાલક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૩૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

કેસરીયા કે નવસર્જન : આજે સરકારનો ફેંસલો

સત્તા પુનરાવર્તન કે પરિવર્તનને લઇને રાજકીય પંડિતો પણ મૌન : હાઈપ્રોફાઇલ-હાઈવોલ્ટેજ ગુજરાત ચૂંટણીના પરિણામ ઉપર સમગ્ર દેશની નજર : ૧૮૨૮ ઉમેદવારોના ભાવિનો ફેંસલો : સવારે ૮ વાગ્યાથી મતગણતરી

ભારે ઉત્તેજના વચ્ચે ચૂંટણીના પરિણામોનો હોટ ફિવર છવાયો

સમગ્ર રાજયમાં બસ એક જ ચર્ચા : શું લાગે છે ભાજપ કે કોંગ્રેસ ?

સૌકોઇના મોંઢે બસ પરિણામોના પ્રશ્નોની જ ચર્ચાઓ : ગુજરાતના પરિણામો ઉપર દેશ અને દુનિયાની નજર મંડાઇ : રાજકીય પક્ષોમાં પણ ભારે ઉત્તેજના

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બે તબક્કામાં યોજાયેલા મતદાન બાદ હવે આવતીકાલે મતગણતરી હાથ ધરાનાર છે અને પરિણામો જાહેર થનાર છે ત્યારે બીજીબાજુ, અમદાવાદ સહિત રાજયભરમાં ભારે ઉત્તેજના અને સસ્પેન્સના વાતાવરણ વચ્ચે ચૂંટણીના પરિણામોનો હોટ ફિવર છવાયો છે. ચૂંટણીના પરિણામોને લઇ રાજકીય પક્ષો, તેમના ઉમેદવાર અને સમર્થક-ટેકેદારોએ આગોતરા આયો જન કર્યા છે તો બીજીબાજુ, ચૂંટણી રસિયાઓએ પણ આવતીકાલે પરિણામો માટે ખાસ તૈયારીઓ કરી છે. તો વળી, કેટલાક ઉત્સાહી ચૂંટણી રસિયાઓએ તો નોકરી અને ધંધા-રોજગારમાં રજા પાડી ટીવી સ્ક્રીન સામે ગોઠવાઇ જઇ પરિણામોની સસ્પેન્સ થ્રીલર જેવી લાઇવ મોજ માણવાનું આયોજન કર્યું છે. આવતીકાલના પરિણામોને લઇ અમદાવાદ શહેર સહિત રાજયભરમાં અત્યારે બસ માત્ર એક જ ચર્ચા છે, બોલો બોસ, શું લાગે છે ? ભાજપ આવશે કે કોંગ્રેસ? રિઝલ્ટના પ્રશ્નો હાલ તો સૌકોઇના મુખે ચર્ચાઇ રહ્યા છે.

અમદાવાદ

ગુજરાતમાં કોની સરકાર રચાશે તેને લઇને છેલ્લા કેટલાક દિવસથી પ્રવર્તી રહેલા સસ્પેન્સનો આવતીકાલે અંત આવશે. ગુજરાતમાં સત્તામાં પુનરાવર્તન થશે કે પછી પરિવર્તન થશે તેને લઇને હાલમાં તમામ રાજકીય પંડિતો અને રાજ્યના લોકોમાં ચર્ચા ચાલી રહી છે. એક્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા બાદથી ઉત્તેજના વધી ગઈ છે. ભાજપ અને કોંગ્રેસ બંને દ્વારા જીતના દાવા કરવામાં આવી રહ્યા છે. ગુજરાતની હાઈ પ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ચૂંટણીને લઈને માત્ર ગુજરાત ના લોકોની જ નહીં બલ્કે દેશના લોકોની તથા કેટલાક અન્ય દેશોની પણ નજર હતી. કારણ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતનમાં આ ચૂંટણી યોજાઈ છે. ભાજપ છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં સત્તા પર રહ્યું છે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી શાસક પક્ષની વિરુદ્ધમાં રહેલા

અનુસંધાન પાના નં.૬

વડગામ છનીયાણામાં ૭૪.૬ ટકા મતદાન

તા.પ્રતિ.

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં ૧૧- વડગામ વિધાનસભા બેઠકના છનિયાણા ખાતે મતદાન મથક ૧૧૨ અને ૧૧૩ ઉપર ગઈકાલ રવિવારે પુનઃમતદાન યોજાયું હતું. જેમાં કુલ ૧૯૨૦ મતદારમાંથી ૧૪૨૦ મતદાન થયું હતું. જેથી ૭૪.૬ ટકા કતદાન થયું હોવાનું વડગામ

ફાઇલ ફોટોગ્રાફી

ચૂંટણી શાખાના સૂત્રોએ જણાવ્યું હતું.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ૧૧-વડગામ વિધાન સભા બેઠકના છનિયાણા ખાતે બીજા તબક્કાના મતદાન અન્વયે તા.૧૪-૧૨-૨૦૧૭ ના રોજ મતદાન યોજાયું હતું. પરંતુ મતદાન મથક ઉપરના ફરજ પરના અધિકારીઓ અને ઓબ્ઝર્વરના રિપોર્ટ ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયાને મોકલવામાં આવ્યા હતા. જે અંતર્ગત ઈ.સી. આઈ.ની સુચના મુજબ તા.૧૭ ડિસેમ્બર ૨૦૧૭ ના રોજ સવારે ૮ થી સાંજના ૫ વાગ્યા સુધી પુનઃ મતદાન યોજાયું હતું.

પ્રથમ અડધા કલાકમાં પોસ્ટલ બેલેટની ગણતરી

બપોરમાં ૧૨ વાગ્યા સુધીમાં ટ્રેન્ડ ઉપલબ્ધ થશે

પોસ્ટલ બેલેટની ગણતરી બાદ ઇવીએમ-ચૂંટણી પંચના નિર્દેશ મુજબ, નિયત વીવીપેટ સ્લીપની મત ગણતરી થશે

અમદાવાદ

ભારે ઉત્તેજના, ઉત્સાહ અને સસ્પેન્સભર્યા વાતાવરણ વચ્ચે આવતીકાલે સવારે આઠ વાગ્યાથી ગુજરાત વિધાન સભાની ૧૮૨ બેઠકો માટેની મતગણતરી હાથ ધરાશે. ચૂંટણી પંચ દ્વારા સુરક્ષા અને સલામતીને લઈ બહુ જબરદસ્ત વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે, જેમાં મતગણતરી કેન્દ્રો ખાતે એન્ટ્રીગેટથી લઈ કાઉન્ટીંગ હોલ સુધી થ્રી લેયર સુરક્ષા ચક્ર ઉભુ કરવામાં આવ્યું છે. પ્રથમ અડધા કલાકમાં પોસ્ટલ બેલેટની મતગણતરી હાથ ધરવામાં આવશે, ત્યારબાદ ઈવીએમનું કાઉન્ટીંગ શરૂ થશે અને ત્યારબાદ ચૂંટણીપંચના નિર્દેશાનુસાર જે તે વિધાન સભા બેઠકના પસંદ કરાયેલા મતદાનમથકના વીવીપેટની સ્લીપની મતગણતરી હાથ ધરવામાં આવશે. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો માટે તો આજે જાણે કતલની રાત જેવી રાત છે, રાજયના કેટલાક સ્થળોએ ઉમેદવારો અને તેમના ટેકેદારો-સમર્થકો તો આજે રાતથી જ મતગણતરી કેન્દ્રો પર ગોઠવાઈ ગયા હતા. આવતીકાલે સોમવારે બપોરે ૧૨-૦૦ વાગ્યા સુધીમાં ઉમેદવારોની હાર-જીતનો ટ્રેન્ડ સામે આવી જશે.

કોંગ્રેસ આગ લગાવીને સત્તા પર આવે છે

કર્ણાટકમાં ભાજપે ચૂંટણી પ્રચાર માટે રણશિંગુ ફૂંક્યું

કર્ણાટકમાં યેદીયુરપ્પાના નેતૃત્વમાં ચૂંટણી લડવા રાજનાથસિંહની જાહેરાત

બેંગ્લોર

ગુજરાત અને હિમાચલ પ્રદેશ બાદ હવે ભારતીય જનતા પાર્ટીની નજર વર્ષ ૨૦૧૮માં કર્ણાટકમાં યોજાનાર વિધાનસભાન ચૂંટણીમાં સત્તા કબજે કરવા ઉપર કેન્દ્રિત થઈ ગઇ છે. રાજનાથસિંહે બેંગ્લોરમાં આજે એક ચૂંટણી સભાને સંબોધી હતી અને કહ્યું હતું કે, પાર્ટી યેદીયુરપ્પાના નેતૃત્વમાં ચૂંટણી લડશે. રાજનાથસિંહે કોંગ્રેસ પાર્ટી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ રાજયોને વિભાજિત કરવાના પ્રયાસમાં લાગેલી છે. કોંગ્રેસ સરકાર કર્ણાટકમાં શાસન કરવા માટે તેને વિભાજિત કરવા ઈચ્છુક છે. બંધારણમાં આવી કોઈ વ્યવસ્થા નથી છતાં પણ મુસ્લિમ સમુદાયને અનામતનું વચન આપવામાં આવ્યું છે. જો કે, કોર્ટે તેને ફગાવી દીધી છે. થોડાક દિવસ પહેલા જ પરેશ મેસ્તા નામના ૨૧ વર્ષના યુવાન અને સપ્ટેમ્બર મહિનામાં હત્યા કરી દેવામાં આવેલી પત્રકાર ગૌરી લંકેશનો ઉલ્લેખ કરતા પ્રશ્ન કર્યો હતો કે, સરકાર આ વિવાદોને ઉકેલવા માટે કેવા ઉપાય કરી રહી છે. રાજનાથસિંહે વચન આપ્યું હતું કે, જ્યારે ભાજપની સરકાર બનશે ત્યારે દરેક મામલામાં તપાસ કરવામાં આવશે. દોષિતોને સજા કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, કોઇપણ દોષિતોને બચાવી લેવામાં આવશે નહીં. રાજનાથસિંહે કોંગ્રેસ પ્રમુખ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, તેઓ રાહુલ ગાંધીને અભિનંદન આપવા ઈચ્છુક છે પરંતુ ભાજપની નીતિઓના કારણે સાંપ્રદાયિકતા, આતંકવાદ અને નક્સલવાદને પ્રોત્સાહન મળ્યું નથી.

હિમાચલમાં ભાજપ સરકાર બનાવે તેવી આગાહી

હિમાચલમાં પણ આજે મત ગણતરી : ૩૩૭ ઉમેદવારો

સિમલા

હિમાચલ પ્રદેશમાં આવતીકાલે મતગણતરી યોજાનાર છે. ગુજરાતની સાથે હિમાચલની સાથે પણ મતગણતરી સાથે તૈયારી કરી લેવામાં આવી છે. હિમાચલમાં અભૂતપૂર્વ સુરક્ષા વચ્ચે ૯મી નવેમ્બરના દિવસે રેકોર્ડ મતદાન થયુ હતુ. આવી સાથે જ તમામ ૩૩૭ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. હિમાચલપ્રદેશમાં કોની સરકાર બનશે તે અંગે હવે આવતીકાલે ફેંસલો થશે. ઉંચા મતદાન બાદ ભાજપ અને કોંગ્રેસ પાર્ટી બન્ને જીતના દાવા કરી રહ્યા છે. હિમાચલ પ્રદેશમાં રેકોર્ડ ૭૫ ટકાથી વધુ મતદાન થયું હતું. વર્ષ ૨૦૧૨માં નોંધાયેલા મતદાન કરતા વધુ મતદાન થયું હતું. ૨૦૧૨માં ૭૩.૫૧ ટકા મતદાન થયું હતું. કેટલીક જગ્યાએ ૮૪ ટકા સુધી મતદાન થયું હતું. દૂન, બડી (સોલાન જિલ્લા) ખાતે ૮૪ ટકા જેટલું મતદાન થયું હતું. જ્યારે જુબ્બલ કોઠાઈ ખાતે ૮૧ ટકા મતદાન થયું હતું. રાજ્યના તમામ ૬૮ વિધાનસભા ક્ષેત્રોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા રહી છે. મતદાન બાદ ૬૨ ધારાસભ્યો સહિત કુલ ૩૩૭ ઉમેદવારો ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. મુખ્યમંત્રી વીરભદ્રસિંહ, ૧૦ પ્રધાનો, આઠ મુખ્ય સંસદીય સચિવો, વિધાનસભાના નાયબ અધ્યક્ષ જગતસિંહ મોદી, પૂર્વ મુખ્યમંત્રી પ્રેમકુમાર ધુમાલ અને એક ડઝનથી વધારે પૂર્વ મંત્રી સહિતના નેતાઓના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.

અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૭.૬ ડિગ્રી

નલિયા ઠંડુગાર : પારો ગગડીને ૧૧.૬, જનજીવન પર અસર

હાલ ઠંડીનું મોજુ અકબંધ રહે તેવી હવામાનની આગાહી

અમદાવાદ

હિમાચલ અને જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષા અને ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી વચ્ચે ગુજરાતમાં પણ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૧.૬ અને ડિસામાં ૧૨.૩ ડિગ્રી તાપમાન રહ્યું હતું. અલબત્ત હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી લઘુત્તમ તાપમાનને લઈને જારી કરવામાં આવી નથી. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૧.૬ ડિગ્રી સુધી

રહ્યું હતું જે ગઈકાલની સરખામણીમાં આંશિકરીતે વધારે છે પરંતુ તીવ્ર ઠંડીની અસર આજે જોવા મળી હતી. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન રાત્રિ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર જોવા મળશે નહીં. બીજી બાજુ ઉત્તર પૂર્વીય પવનો નિચલી સપાટી ઉપર ફૂંકાઈ રહ્યા છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૨૭.૭ અને લઘુત્તમ તાપમાન ૧૭.૬ ડિગ્રી નોંધાયું હતું.

ત્રીસ હજારથી વધારે કર્મચારી ફરજ ઉપર : સઘન સલામતી

૧૮૨ બેઠકો માટે મતગણતરીની કાર્યવાહીમાં

અમદાવાદ

રાજ્ય વિધાનસભાની ચૂંટણી બાદ આવતીકાલે સોમવારને ૧૮ ડિસેમ્બરના રોજ સવારના ૮ કલાકથી મતગણતરીનો આરંભ કરવામા આવશે આ તબકકે મતગણતરીની કામગીરીમા કુલ મળીને ૩૦,૦૦૦ જેટલા કર્મચારીઓ ફરજ બજાવશે.આ ઉપરાંત સ્થાનિક પોલીસ ઉપરાંત સેન્ટ્રલ પેરામિલેટરીની ૧૦૦ જેટલી કંપનીઓના જવાનોને પણ ફરજ પર તૈનાત કરવામાં આવ્યા છે.તમામ ૧૮૨ બેઠકોની મતગણતરી સમયે રાજયના ૩૩ જેટલા શહેરોમા ખાસ કંટ્રોલરૂમ પણ કાર્યરત કરવામા આવશે.આ સાથે અમદાવાદ શહેરના એનેક્ષી ખાતે મિડીયા સેન્ટર ઉભુ કરવામા આવ્યુ છે.આ અંગેની વિગત એવી છે કે,રાજયભરમા મતદાન બાદ હવે સૌની નજર પરિણામ ઉપર છે આ પરિસ્થિતિમા મતગણતરી માટે ચૂંટણીપંચ દ્વારા પણ તમામ તૈયારીઓ પુરી કરી લેવામાં આવી છે.આવતીકાલે સોમવારે સવારે ૮ કલાકથી મતગણતરીનો આરંભ પોસ્ટલ બેલેટથી કરવામા આવશે આ અગાઉ ચૂંટણીપંચ દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામા આવ્યો છે.રાજયના ૩૩ શહેરોમાં કંટ્રોલરૂમ કાર્યરત કરવામા આવશે.જે પરિણામો અંગેના સતત લાઈવ અપડેટ આપતા રહે શે .મતગણતરીની કામગીરીમા ૩૦,૦૦૦ કર્મચારીઓ જોડાશે આ અંગે માહિતી આપતા રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી.સ્વૈને કહ્યુ કે,ઈવીએમ -વીવીપેટની સુરક્ષાને લઈને પણ ખાસ તકેદારી રાખવામા આવી છે.

ભારતનો ૮ વિકેટે શ્રીલંકા પર જીત સાથે શ્રેણી વિજય

ભારતે વનડે મેચોની શ્રેણી ૨-૧થી જીતી

વિશાખાપટ્ટનમ

વિશાખાપટ્ટનમ ખાતે રમાયેલી ત્રીજી અને અંતિમ વનડે મેચમાં ભારતે શ્રીલંકા ઉપર આઠ વિકેટે એક તરફી જીત મેળવી હતી. આની સાથે જ શ્રેણી ૨-૧થી જીતી લીધી હતી. ભારતે આ શ્રેણી જીતીને નવો રેકોર્ડ સર્જ્યો છે. જીતવા માટેના ૨૧૬ રનના નજીવા લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે ૩૨.૧ ઓવરમાં જ આ રન બનાવીને મેચ જીતી લીધી હતી. શિખર ધવને ૧૩ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૮૫ બોલમાં અણનમ ૧૦૦ રન બનાવ્યા હતા. અય્યરે આઠ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૬૫ રન બનાવ્યા હતા. મોહાલી ખાતે બીજી વનડે મેચમાં ભારતે શ્રીલંકા ઉપર ૧૪૧ રને જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા ભારતે ૩૯૨ રનનો જંગી જુમલો ખડક્યો હતો. ભારત તરફથી રોહિત શર્માએ ફરી

એકવાર અણનમ બેવડી સદી ફટકારી હતી. કેપ્ટન તરીકે રોહિત શર્માએ ૧૫૩ બોલામાં ૧૩ ચોગ્ગા અને ૧૨ છગ્ગા સાથે ૨૦૮ રન ફટકાર્યા હતા. જીતવા માટેના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા શ્રીલંકાની ટીમ ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૫૧ રન બનાવી શકી હતી. હિટમેનના નામથ લોકપ્રિય રોહિત શર્માએ વનડે કેરિયરની ત્રીજી બેવડી સદી ફટકારી હતી. રોહિતે આ અગાઉ બે બેવડી સદી ફટકારી હતી.

સૂર્યોદય - ૭.૧૭ સૂર્યાસ્ત - ૫.૫૮

તિથિદર્શન પોષ સુદ-૧ સોમવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર વદ : અમાવાસ્યા સોમવાર નક્ષત્ર:અનુરાધા યોગ :સુકર્મા કરણ :ગર આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

ધર્મ શનૈઃ સંચિનુયાદ્ વલ્મીકમિવ મુક્તિકાઃ પરલોક સહાયાર્થે સર્વ ભૂતાન્ય પીડયન્

'જે પ્રમાણે ઊધઈ અત્યંત ધીરજપૂર્વક ધીમે ધીમે પોતાનો રાફડો બનાવે છે તે જ પ્રમાણે માણસે પણ સર્વ પ્રાણીઓને ત્રાસ- પીડા આપ્યા વિના, પરલોકમાં પણ મદદરૂપ થાય એવી ગણતરીપુર્વક,ધીમે ધીમે, શાંતિ અને ધીરજપૂર્વક ધર્મ અને પુણ્ય સંચય કરવાં જોઈએ.'

જ્યાં કોઈ ખાસ પગરવ- હલનચલન ન હોય, શાંતિ અને ગુફા જેવું એકાંત જ હોય, ત્યાં ઊધઈ પોતાનું 'આસન' જમાવે છે અને કોઈ પણ આધાર વિના પણ એવો ઢગલા જેવો દંડ ઊભો કરી દે છે. એ ઊધઈની સિદ્ધિ- સફળતા છે.

માણસે ધર્મચિરણમાં પણ એવી કાળજી રાખવી પડે. કામ ભલે સારું અને ચર્વના હિતમાં હોય, ધર્મોત્સવ હોય. દા.ત., 'નવરાત્રી' માતાજીની ગરબી- ગીત- રાસ અને ગરબા એક ધર્મોત્સવ જ છે. પણ પરીક્ષાના વાંચન સમયમાં જ મોટાં મોટાં સ્પીકરમાં ગવાતા રાસ- ગરબાનો અવાજ વિદ્યાર્થીને વિચલિત કરી દે અને વિદ્યાર્થીની માતાજીની પ્રત્યેની શ્રદ્ધા હલબલી જાય એટલા તેના નિઃશ્વાસ ધર્મચિરણ કરનારા ગવૈયાની શ્રદ્ધાળુઓને કનડે છે. મધમાખી પણ જેમ ધીમે એકત્ર કરી મધપૂડો બનાવે છે એમ કોઈને નુકસાન કર્યા વિના ધર્મચિરણ શાંતિ - શ્રદ્ધા અને ધીરજપૂર્વક થવું જોઈએ.

૧૪૦ એજિ દ્વારા ઇવીએમના સોર્સ કોડને હેકીંગ કરવા તૈયાર

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બંને તબક્કામાં યોજાયેલા મતદાનની આવતીકાલે મતગણતરી થવા જઈ રહી છે ત્યારે આગલા દિવસે પાસના યુવા નેતા હાર્દિક પટેલે ફરી એકવાર ઈવીએમ સામે ગંભીર સવાલો ઉઠાવી દ્વીટ્ટર કરતાં ભારે ખળભળાટ મચી ગયો છે. હજુ ગઈકાલે જ હાર્દિકે ભાજપ પર સીધો અને ગંભીર આરોપ લગાવ્યો હતો કે, ભાજપ દ્વારા શનિવાર અને રવિવારની રાત્રે ઈવીએમમાં ગડબડી કરવા જઈ રહી છે..હાર્દિકના આ દ્વીટ્ટર વિવાદની ચર્ચા હજુ શમી નથી ત્યાં હાર્દિકે મતગણતરીના આગલા દિવસે આજે કેટલાક વધુ દ્વીટ્ટર કરી ઈવીએમને લઈ ગંભીર આરોપ લગાવ્યા છે. હાર્દિકે સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, શહેરની એક કંપની દ્વારા ૧૪૦ સોફ્ટવેર એન્જિનીયરો મારફતે પાંચ હજાર ઈવીએમના સોર્સ કોડને હેકીંગ કરવાની તૈયારી થઈ છે.

અનુસંધાન પાના નં.૬

આજનો દિન મહાન - યશવંત કડીકર

પ્રતિભાસંપન્ન ધારાશાસ્ત્રી અને એક પ્રખર રાજપુરૂષ સર તેજબહાદુર સપ્રુની જન્મજયંતી છે. એમનો જન્મ ૧૮-૧૨-૧૮૭૫ના રોજ કાશ્મીરી બ્રાહ્મણ કુટુંબમાં જાગીરદાર પિતાને ઘેર થયો હતો. ૧૯૦૬થી કોંગ્રેસ મહાસમિતિના સભ્ય તરીકે ૧૯૧૩-૧૪ માં યુકત પ્રાંતની રાજકીય તા સામાજીક પરિષદોના પ્રમુખ તરીકે ૧૯૧૮-૨૦ માં પ્રાંતિક લિબરલ લીગના અને ૧૯૨૩ તથા ૨૫માં અખિલ હિંદ લિબરલ ફેડરેશનના પ્રમુખ સ્થાનેથી એમણે આપેલી સેવાઓ ખુબ જ નોંધપાત્ર છે. એ ઉપરાંત સપ્રુ સમિતિના અધ્યક્ષ તરીકે તેમણે ભજવેલી ભૂમિકા તો અવિસ્મરણીય છે. આ પ્રખર કાયદાશાસ્ત્રીનું ૨૧-૧-૧૯૪૯ના રોજ અવસાન થયુ.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રમેવાળા પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેધ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

મોદી ક્યારેય હાર્યા નથી અને ક્યારેય હારશે નહીં

ફૈઝાબાદ

ઉત્તર પ્રદેશના ફૈઝાબાદ જિલ્લામાં આયોજિત ક્ષત્રિય મહાસંમેલનમાં ભાગ લેવા માટે પહોંચેલા રાજ્યસભાના સાંસદ અમરસિંહે આજે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભરપુર પ્રશંસા કરી હતી. અમરસિંહે કહ્યું હતું કે, પ્રદેશમાં હવે યોગીની સરકાર આવી છે. ભોગીની સરકાર રહી નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, મોદી ક્યારે પણ ચૂંટણી હાર્યા નથી અને ક્યારેય હારશે પણ નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, યોગી આદિત્યનાથ બિલકુલ સાદગીથી જીવન જીવે છે. યોગીને એસીની જરૂર પણ દેખાતી નથી. આવી સ્થિતિમાં તેમના અંગે કોઈપણ વાત કરવી અયોગ્ય રહેશે. રાજ્યસભા સાંસદ અમરસિંહે કહ્યું હતું કે, પ્રદેશમાં ભ્રષ્ટ વેપારીઓની ભોલબાલા છે. મધ્યાહન ભોજનના કોન્ટ્રાકટરો હજુ પણ સક્રિય થયેલા છે. સરકાર દ્વારા સક્રિય કાર્યવાહી કરવામાં આવે તે ખુબ જ જરૂરી છે. અમરસિંહના હાલમાં સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ સાથે સંબંધ તુટી ચુક્યા છે. મુલાયમ સાથે તેમના કોઈ સમયે સારા સંબંધ હતા અને સમાજવાદી પાર્ટીમાં સક્રિય ભૂમિકા હતી.

હરિશ રાવત દ્વારા દાવો કરવામાં આવ્યો
રાહુલ ગાંધીને કેદારનાથ ખાતે ખાસ અનુભૂતિ થઈ

નવીદિલ્હી

ગુજરાત ચૂંટણી દરમિયાન જુદા જુદા મંદિરોમાં જઈને દર્શન કરવાના કારણે અનેક વખત ચર્ચામાં આવેલા અને કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીના સંદર્ભમાં તેમની પાર્ટીના જ વરિષ્ઠ નેતા અને ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી હરિશ રાવતે દાવો કર્યો છે કે, રાહુલ જ્યારે હિમાલયમાં આશરે ૩૫૦૦ મિટરની ઉંચાઈએ સ્થિત જ્યોતીર્લિંગ કેદારનાથ મંદિરમાં દર્શન કરવા માટે પહોંચ્યા હતા ત્યારે ત્યાં તેઓ અડધા કલાક સુધી ધ્યાનમગ્ન રહ્યા હતા. તેમને ત્યાં કેટલીક ખાસ અનુભૂતિ થઈ હતી. હરિશ રાવતે કહ્યું છે કે, એ ગાળા દરમિયાનમાં કેદારનાથ મંદિરના દર્શન કર્યા બાદ જ રાહુલે ભોજન કર્યું હતું. તેમણે કહ્યું છે કે, રાહુલ અને કોંગ્રેસ નેતા ધર્મને વ્યક્તિગત આસ્થાના વિષય તરીકે ગણે છે. આ સંદર્ભમાં જાહેર ચર્ચાથી બચતા રહે છે. તેમણે ઉમેર્યું હતું કે, કેદારનાથ હોનારત વેળા તેઓએ જોયુ હતું કે, રાહુલે મંદિર જતી વેળા પોતાના હાથથી કાટમાળ ઉઠાવ્યો હતો.

અમદાવાદ સહિત ૪ બેઠકના છ બુથ પર ફેર મતદાન કરાયું

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના બે મતદાન મથક સહિત રાજયની ચાર વિધાનસભા બેઠકોના કુલ છ મતદાન મથકો ખાતે ભારે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આજે ફેર મતદાન યોજાયુ હતુ. મોક પોલ દરમ્યાન વોટીંગના ટેટાને ઈવીએમમાંથી દૂર કરાયો નહી હોઈ ચૂંટણી પંચ દ્વારા વિરમગામ વિધાનસભા બેઠકના એક અને દસક્રોઈ વિધાનસભા બેઠકના એક એમ અમદાવાદ જિલ્લાના બે મતદાન મથક પર આજે ફેર મતદાન યોજવાના આદેશો જારી કરાયા હતા. ચૂંટણી પંચના આ આદેશ અનુસંધાનમાં આવતીકાલે વિરમગામ અને દસ્ક્રોઈ સહિત ચાર વિધાનસભા બેઠકના છ મતદાન મથકો પર ફેર મતદાનની પ્રક્રિયા યોજાઈ હતી. બીજીબાજુ, રાજયની કુલ આઠ વિધાનસભા બેઠકો પર ઈવીએમમાં આ જ પ્રકારની સમસ્યા સર્જાઈ હોવાથી આ આઠ બેઠકોના દસ પોલીંગ બુથ પર ઈવીએમના બદલે વીવીપેટની કાપલીની મતગણતરી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી આવતીકાલે મતગણતરીના દિવસે આ આ આઠ બેઠકોના દસ પોલીંગ બુથ પર વીવીપેટની સ્લીપની મતગણતરી હાથ ધરાશે. આજે રાજયની જે ચાર વિધાનસભા બેઠકોના છ મતદાન મથકો ફેર મતદાન યોજવાનું હતું ત્યાં વહેલી સવારે આઠ વાગ્યાથી જ મતદારો મતદાન કરવા માટે લાઈનમાં એકત્ર થઈ ગયા હતા અને તેમણે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

અનુસંધાન પાના નં.૬

થરાદની આરટીઓ ચેકપોસ્ટ પાસે કાર અને ટેન્કર ટકરાતાં યુવકને ગંભીર ઈજા

પ્રતિનિધિ થરાદ

બનાવની પ્રાપ્ય માહિતી મુજબ થરાદ શહેરના બબાભાઈ ધેગાભાઈ રાજપુત નામનો યુવક પોતાની ક્ષ૦૦મ્હ ૭૬૨૮ નંબરની વેગનઆર કારમાં આવી રહ્યો હતો.દરમ્યાન સાંચોર હાઈવે પર આવેલી સેલટેક્સ ક્યેરી પાસે નંબરના ગેસ ભરેલા ક્ષ૧૨૬ ૪૦૫૮ નંબરના ટેન્કર સાથે ધડકાભેર અકસ્માત સર્જાવા પામ્યો હતો.આથી બબાભાઈ કારમાં જ ગંભીરરીતે ઈજાગ્રસ્ત થતાં ફસાઈ જવા પામ્યા હતાબધાએ મળીને લગભગ અડધો પોણો કલાક કરતાં પણ વધારે મહેનત કરી કારને તોડવાનો પ્રયાસ કર્યો હતો.આખરે જેસીબી મશીનની મદદથી કારના દરવાજાને અલગ કરી તેમાંથી બબાભાઈને બહાર કાઢી ૧૦૮માં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.બનાવના પગલે રાષ્ટ્રીયધોરી માર્ગ પર બંન્ને બાજુ ભારે ટ્રાફીકજામ થવા પામ્યો હતો.

અંબાજી સંસ્કૃત પાઠશાળામાં ફરજ બજાવતા મીઠીધારીયાલના ઈસમનું માર્ગ અકસ્માતમાં મોત

પ્રતિનિધિ ચાણસ્મા

ચાણસ્મા તાલુકાની મીઠીધારીયાલ ગામના વતની અને અંબાજી ખાતે સંસ્કૃત પાઠશાળામાં ગુરૂજી તરીકેની છેલ્લા ૨૦ વર્ષની ફરજ બજાવતા એક આધેડનું અંબાજી દાંતા વચ્ચે માર્ગ અકસ્માતમાં આજે મૃત્યુ થતાં તેમની લાશને માદરે વતન લાવવામાં આવતાં ગામમાં ઘેરોશોકની કાલિમા છવાઈ ગઈ હતી. આ અંગે અંબાજી પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અકસ્માત બનાવની વિગત જાણવા મળે છે તે મુજબ મીઠીધારીયાલ ગામના હર્ષદકુમાર વિશ્વનાથ દવે (૭.૫.૫૦) કે જેઓ છેલ્લા ૨૦ વર્ષથી અંબાજી ખાતે સંસ્કૃત પાઠશાળામાં ગુરૂજીની ફરજ બજાવતા હતા. ગતરોજ સવારે તેઓ વેગેનાર ગાડીમાં પાટણ ખાતે રહેતા તેમના પરિવારને મળવા જઈ રહ્યા હતા ત્યારે અંબાજી દાંતા વચ્ચે પાનસા ગામ નજીક સામેથી પૂર ઝડપે આવતા પીકઅપ ડાલાએ જોરદાર ટક્કર મારતાં હર્ષદકુમાર દવેનું ગંભીર ઈજા થવાથી ઘટના સ્થળે કરૂણ મોત નીપજયું હતું. તેમજ તેમની સાથે ગાડીમાં સવાર અન્ય ત્રણ જણાને ગંભીર ઈજા પહોંચી હતી. જેઓને વધુ સારવાર માટે પાલનપુર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મૃતકનું પીએમ અંબાજી ખાતે કરી પોલીસે પીકઅપડાલાના ડ્રાઈવર વિરૂધ્ધ અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. મૃતકના પરિવારમાં તેમની પત્ની અને નાના બે સંતાનો નિરાધાર થઈ ગયાંછે. તેમની લાશને માદરે વતનમાં લાવવામાં આવતાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ હતી. આ બનાવની જાણ અંબાજી ખાતે થતાં તેમના સ્નેહીજનોમાં પણ દુઃખની લાગણી ફેલાઈ ગઈ હતી.

શ્રી પાર્શ્વનાથસ્વામી જન્મકલ્યાણક નિમિત્તે પ્રવચન

"વિશ્વની સમસ્યાનો ઉકેલ ભોગદૃષ્ટિમાં નહીં ભક્તિદૃષ્ટિમાં છે." : રાજરક્ષિત વિજયજી મ.

નવસારી

પુરૂષાદાનીય પાર્શ્વનાથ પ્રભુના જન્મકલ્યાણ નિમિત્તે તપોવન-નવસારીમાં પંન્યાસ રાજરક્ષિત વિજયજી એ જણાવ્યું કે વિશ્વની તમામ સમસ્યાનો ઉકેલ ભોગ-દૃષ્ટિમાં નહિ પરંતુ ભક્તિ દૃષ્ટિમાં છે. આજ સુધીમાં એક પણ વ્યક્તિએ ભોગોને ભોગવીને તૃપ્તિનો ઓડકાર પ્રાપ્ત કર્યા નથી. લાકડા હોમવાથી અગ્નિ તૃપ્ત થતો નથી. દુનિયાની તમામ નદી દરિઆમાં જાય છતાં દરિઆ સંતોષ પામતો નથી. તેમ પાંચઈન્દ્રિયોના સતત ઉપભોગથી ક્યારે પણ આત્મા પરિતૃપ્ત બનતો નથી. આ માર્ગે કોઈને પણ ક્યારેય સફળતા મળી નથી. ભોગમાં આનંદ નથી પણ ત્યાગમાં આનંદ છે. કોઈ એક વ્યક્તિ તમામ સુખો ભોગવી શકતો નથી. પરંતુ તમામ ભોગસુખોને ત્યાગી શકે છે. ભર્તુહરિ પણ કહે છે કે, અતિ ભોગો ભોગવવાથી શરીરમાં ખૂબ રોગો થાય છે.

પૂજ્યશ્રીએ કહ્યું કે જીવનરથને ઉર્ધ્વગતિએ લઈ જવો હોવ તો સારથી તરીકે પરમાત્માને પસંદ કરજો. શ્રીપાર્શ્વનાથ પ્રભુના જીવનમાંથી મસ્ત સંદેશો પ્રાપ્ત થાય છે કે, કોઈપણ જીવસાથે વૈરભાવ રાખતા નહીં, વૈરની ગાંઠ, વિષ કરતાં ભયંકર છે. આ ભવમાં સમાધિ જોખમમાં મૂકે છે તથા પરભવ દુર્ગતિગામી બનાવે છે. વેરનું વિસર્જન કરનાર વિરાટ બને છે. જ્યારે વૈરભવાનું સર્જન કરનાર વિકરાળ બને છે ? પ્રભુને હૃદયમા જન્મ આપવો હોય તો હૃદયને કોમળ બનાવજો. જેનું મન-હૃદય-કૃપણ અને દરિદ્ર હોય તે સ્થાને આવ્યા વિના રહેતા નથી. માટે જીવનમાંથી કઠોરતા છોડીને કોમળતા લાવો એ પ્રભુ પાર્શ્વનાથનો સંદેશ છે.

વડાલી માર્કેટયાર્ડના વેપારીઓ ખુલ્લેઆમ મગફળી, અડદ સી.સી.આઈમાં ભરાવતા ચક્કાર

પ્રતિ. વડાલી

વડાલી, ઈડર, ખેડબ્રહ્મામાં રાજ્ય સરકાર દ્વારા ખેડુતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે સરકાર ખેડુતોનો માલ ખરીદીના કેન્દ્રો ચાલુ કરેલ છે. પણ વડાલી, ઈડર, ખેડબ્રહ્મામા વેપારીઓ ખેડુતોનો કાલ સસ્તા ભાવે રોકડેથી ખરીદી અડદ ૭૦૦ રૂપિયા મગફળી ૭૫૦ ના ભાવે ખરીદી સી.સી.આઈમાં અડદ ૧૦૮૦ ભાવ મગફળી ૯૦૦ ના ભાવે ભરાવી દે છે. ખેડુતોના ઉતારા માટે તેમ સી.સી.આઈના અધિકારીઓને તગડુ કમિશન ટકાવારી આપી વેપારીઓ રોજનો લાખો રૂપિયાનો માલ ભરાવતા હોય છે. ખેડુતોના માલથી વેપારીઓ માલામાલ થાય છે. વડાલીના વેપારીઓ ખેડબ્રહ્મા તથા ઈડરના સી.સી.આઈ કેન્દ્રોમાં પોતાનો માલ ભરાવે છે. સરકાર દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવે તો ૪૦ ટકા ખેડુતો એ તો મગફળી કે અડદનું વાવેતર પણ કર્યુ નથી. છતાં તેમના ઉતારા વેપારીઓના લાગતા વળગતા લોકોના ૭/૧૨/૮અ લઈ ખોટા દાખલા મેળવી વેપારીઓ સરકારને લાખો રૂપિયાનો ચુનો લગાવી રહ્યા છે.

ઘણા સમયથી આ બાબતે ભુમરાડ ઉઠવા પામી હતી. ત્યારે વડાલીના એક વેપારી ખુલ્લેઆમ વડાલી માર્કેટયાર્ડમાંથી જ અડદનું ટ્રેકટર ભરી ખેડબ્રહ્મા સી.સી.આઈ કન્દ્રમાં માલ ભરાવતા વિડીયોમાં કેદ કરી લેવામાં આવ્યા હતા. પ્રતિનિધિએ ખેડબ્રહ્મા સી.સી.આઈ ના અધિકારીઓને વિડીયો બતાવતા સી.સી.આઈના અધિકારી દ્વારા ટ્રેકટર રોકવામાં આવ્યું હતું. ત્યારે વડાલી માર્કેટયાર્ડના તડ સાધુ વેપારીઓ એક સાથે ખેડબ્રહ્મા કેન્દ્રમાં દોડી ગયેલા અને ત્યાં શું કર્યુ તે ખબર નથી. પણ આધારભુત સુત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આ ટ્રેકટર માલદારને પુરવઠા ખાતાને કે ઉચ્ચ અધિકારીઓને જાણે અધિકારીઓને જાણ કર્યા વગર મોટો તોડ કરી મામલો દબાવી દેવામાં આવ્યો છે. પ્રતિનિધિ દ્વારા કિસાન સંઘના અધ્યક્ષ તેમજ મહામંત્રીને પણ આ વિડીયો બતાવામાં આવ્યો છતાં તે પણ આ બાબતે મૌન સેવી રહ્યા છે. ત્યારે સવાલ થાય છે. કે વેપારીઓનો આજ દિન સુધી કરોડોનો સી.સી.આઈ દ્વારા માલ ખરીદી સરકારને લાખોનો ચુનો લગાડવામાં આવ્યો છે. યોગ્ય તપાસ કરવામાં આવે તો કરોડોનું કૌભાંડ બહાર આવી શકે.

ટી.વી ચેનલોથી મહિલા વર્ગમાં વૈચારિક ક્રાંતિ

મન-દર્પણ -મંજુ પ્રજાપતિ

સાંજ ઢળી ચૂકી હતી. રાત પડવાને થોડીક વાર હતી. આ સમય એટલે ગામડાંના માણસો માટે બિલકુલ શાંતિનો સમય. જમી-પરવારીને ખાટલે આડા પડ્યાં પડ્યાં કુટુંબનાં બધા સભ્યો વાતોના ગપાટાં મારતાં હોય. જુવાનિયાઓ ગામના ચોરે ટોળ-ટપ્પાં કરતાં હોય. બધાં જ લોકો પોતાના જીવનમાં વ્યસ્ત હોય. કેસર પણ વાળુ કરીને હજુ પથારીમાં આડી પડવાનું વિચારતી હતી ત્યાં બારણે ટકોરાં પડ્યાં. કેસર ઉભળકાંથી દરવાજો ખોલવાં દોડી. એને હતું કે બાજુમાંથી ગંગાબા વાતો કરવા આવ્યા હશે પરંતુ દરવાજો ખોલતાં સામે ઉભેલી વ્યક્તિને જોઈ એના હૃદયમાં શેરડો પડ્યો. એ બે ડગલાં પાછી ખસી ગઈ. આવકારો આપવો કે ઝાકારો દેવો ? કેમ આવ્યા છો ?' એમ પૂછ્યું કે આંગણે આવેલ અતિથિને પાણી પાઈ ઘજમાન નો ધરમ નીભાવવો..

કેસર કંઈ બોલી ના શકી. એની આંખોના ખૂણામાં ભીનાશ તરવરી રહી. ઘોઘરાવટ અનિમેષ નજરે આગંતુક ને તાકયાં કર્યું.પણ પછી આંખોમાં ઝાંખપ વરતાણી દેખાતું ઝાંખુ થયું ત્યારે ભાન આવ્યું કે પોતે દરવાજે રોકીને ઉભી છે. આંખો લૂછી એ ઘરની અંદરની તરફ થોડીક એકબાજુ ખસી કાનજીને મૂંગો આવકાર આપ્યો. કાનજીનો ચહેરો એની ઉદાસીનતાની ચાડી ખાતો હતો. પથ્થાતાપ યો અગ્નિ એના દેહને બાળી મુક્યો હતો. સાવ દૂબળો દેહ, કોરી ધાકોર ઉડી ઉતરી ગયેલી આંખો જોઈ કેસર પણ કાનજીના હૃદયની સ્થિતિને પળમાં પામી ગઈ. રૂમમાં પલંગ પર બેઠાં પછી કાનજીએ ઘરમાં ચારે બાજુ નજર ફેરવી. પ્લાસ્ટર વગરની દિવાલો ને માથે પતરાંની છત્ત. રૂમમાં એક બાજુ પાણિયારૂ જેમાં પિતળાનો ઘડો બાજુમાં નાનો ચૂલો અને આઠ-દસ વાસણો સિવાય ઘરમાં કાંઈ જ નહોતું. છતાં કેસરનાં ચહેરા પર સંતોષ છલકતો હતો. કેસર કાનજીને જોઈ જાણે પથ્થરની મૂર્તી બની ગઈ હોય એમ સ્તબ્ધ ઉભી હતી. કાનજીએ ખોંખારો ખાધો એટલે કેસરને વાસ્તવિક પરિસ્થિતિનું ભાન થયું. પાણિયાર તરફ ગઈ અને પાણીનો ગ્લાસ ભરી લાવી કાનજીને આપ્યો. ગ્લાસ લેતાં બંનેની નજર મળી. કેસરની આંગળીઓને કાનજીના હાથનો સ્પર્શ થતાં કેસરનું હૃદયજાણે ધબકાર ચૂકી ગયું. શરીર ઝણઝણી ઉઠ્યું. કાપતાં હાથે એણે ખાલી ગ્લાસ પાણિયારે મૂક્યો. શું બોલવું સૂઝતું નહોતું. કાનજી પણ સાવ મૂઢ બની કેસર તરફ તાકી રહ્યો હતો. થોડીક વાર થઈ એટલે કેસરે જ હિંમત કરી પૂછ્યું,"વાળું પાણી કરશો ને? રોટલા હા અબઘડી થઈ દઈશ."

કાનજી અચકાતાં બોલ્યો, "ના...ના.. બહુ ભૂખ નથી. ચાલશે ઘઠીકવારમાં પાછો વળીશ. ખોટી ઉપાધિ નથી કરવી.

કેસર ઉભી થઈ. બહારથી બે-ચાર સૂકાં લાકડાં હાથમાં લીધાં અને ચૂલો સળગાવતાં બોલી,"અરે એમાં ઉપાધી શાની ? એમ ભૂખ્યાં થોડું જવાય ? ઘઠીક વારમાં ખાવા આપી દઈશ. તમ તમારે નિરાંતે બેસો. ઘઠીક આડા પડો ને પોરો ખાઓ ત્યાં શાક રોટલા થઈ જશે. " કેસર હરખાતાં રસોઈ બનાવવા માંડી. એના હૈયામાં આજે આનંદની હેલી ઉઠી હતી. જાણે સુદામાના ઘરે કૃષ્ણ પધાર્યાં હોય એટલી ખુશી હતી. કાનજીએ બીડી સળગાવી. બીડીનો ફસ લેતાં લેતાં એ કેસરને મન ભરીને નિહાળી રહ્યો હતો. હજ્જ આજે પણ એ એટલી જ સુંદર દેખાતી હતી. ફરક માત્ર એટલો હતો કે લગ્ન સમયની કેસર નાદાન, પારેવાં જેવી ભોળી લાગતી હતી અને અત્યારની કેસરમાં પીઢતા અને સમજણ ભારોભાર દેખાતી હતી. જમાનાએ આપેલી ઠોકરે એને બાહોશ બનાવી દીધી હતી. કાનજી મનોમન વિચારી રહ્યો હતો કે, કેસરે જીવનમાં કશું જ મેળવ્યું નથી. હંમેશા દર દરની ઠોકરો ખાધી છે જન્મી ત્યારથી ઝાકારા સિવાય એને કંઈ મળ્યું નથી. પ્રેમ, વ્હાલ, હેત આવા શબ્દો એના માટે માત્ર પુસ્તકમાં લખાયેલા અમુક શબ્દોથી વધારે કાંઈ જ નહોતા. જમાનાની તો વાત એક બાજુ પણ મારૂ એણે શું બગાડ્યું હતું કે મેં પણ એને ઝાકારો આપ્યો. કોડ ભરી એ મારે આંગણે આવી હતી. હજુ એના પગલાંની છાપ પણ ઘરમાંથી ભૂંસાઈ નહોતી ને હું કાળોતરો બની એના જીવતરને ડંખી ગયેલો. ધક્કા મારી મારીને ઘરમાંથી હડપૂત કરાયેલી ત્યારે પણ હુ ભડનો દીકરો એક શબ્દ બોલી નહોતો શક્યો." નો કયાં જશે? એવો વિચાર મારા મનમાં કેમ નહિ આવ્યો હોય ?' કાનજીની આંખો સમક્ષ વર્ષો પહેલાંની એ હૃદય વલોવી નાખતી કેસરની ચીસો, એની વારે વારે પગમાં પડી દયાની ભીખ માગતી સ્મૃતિ તાજી થઈ ગઈ. એ ભુતકાળમાં સરી ગયો.

ઘરમાં રોકકળ હતી. કાનજીના પિતાનું કારજ હતું. સગાં સંબંધીનો ટોળે ટાળાં આવતાં હતાં. છેલ્લા બાર દિવસથી મોંમા બટકું રોટલો ગયો નહોતો. કેસર મૂઢા જેવી હાલતમાં ઓરડોના એક ખૂણામાં ઘૂમટો, પોતાનું મોં છુપાવી લપાઈને બેઠી હતી. શરીરમાં સખત તાવ ધગધગતો હતો. ભૂખના કારણે શરીર સાવ નંખાઈ ગયું હતું. સતત મહેણાં સાંભળી ભિચારી અધપુઠે થઈ ગઈ હતી. એ રડતી હતી પોતાના નસીબને. પિયરમાં પણ એનું કોઈ નહોતું. સગી મા એ દુનિયાની લાજે બે ટંક રોટલા ખવડાવી ઉછેરી મોટી કરેલી. લગ્ન પછી જાણે કેસર નામનો કાંસ એના ઘરમાંથી કાઢવો હોય એટલી રાજી થયેલી.જતા જતાં કહેલું કે હવે પાછા પગલાં આ ઘરમાં ક્યારેય કરતી નહીં. કેસર વિચારી રહી કે મારી મા ને મારા માટે અણગમો કેમ રહ્યો મારા જન્મ થતાં પિતાજીનું મૃત્યુ થયું એમાં મારો દોષ કયો ? શું એક દીકરી એના પિતાને ભરખી જાય ખરી ? વીસ-વીસ વરસ મારી સેવા-ચાકરી કરી પણ એક ક્ષણ માટે પણ મારી મા ના હૃદયમાં મમતાનો, વ્હાલપનો એક અંશ માત્ર ન છલક્યો ? દીકરીનો તિરસ્કાર કરવાથી શું એનું સૌભાગ્ય, મારા પિતાજી એને પાછા મળ્યાં ખરા ? હંમેશા મા ના પ્રેમ માટે તલસતી રહી વિચારેલું કે લગ્ન પછી સાસરિયામાં ખુબ પ્રેમ મેળવીશ. સાસુ-સસરાની સેવા કરીશ. પતિની પુજા કરીશ પરંતુ ત્યાં પણ ઈશ્વરને મારી ઈર્ષા આવી. મુજ અભાગણીના પગલાં જ્યાં ઘરમાં પડ્યાં કે મારા સસરાં સ્વર્ગે સીધાવ્યા. હે ઈશ્વર, તું મારાથી આટલો કેમ રૂઠ્યો ?હમણાં બધાં સગાં જતાં રહેશે એટલે પોતે પણ નીકળી જવું પડશે. કોઈ દયા ખાવાનું નથી. પણ હવે આ દુનિયામાં ક્યાં જશે? શું કરશે ?વળી મનમાં થયું. ના...ના... કાનજીને તો મારી દયા આવશે. એ જરૂરથી એની મા ને સમજાવશે.' કેસરના મનમાં વિચારોનો વંટોળ ફુંફાડી લેતો હતો. ત્યાં ધડ.. ફરતું પાટું વાગ્યું. કેસરે ઉંચું જોયું.. ત્યાં સાસુ કાળ નું રૂપ લઈને ઉભાં હતાં. બે હાથ વડે કેસરને ભારોભારી ઝાલ ઉભી કરી જોરથી ધક્કો માર્યો કેસર દરવાજે અથડાઈ નીચે પડી ગઈ એના મોંમાથી ચીસ નીકળે ગઈ.'રાંડ.. અભાગણી... નીકળ મારા ઘરમાંથી બહાર.... ઝડકા સાવી એવી મારા પણીને ભરખી ગઈ. નીકળ જલ્દી, નહિ તો આજે જીવતી મારી નાંખીશ.' સાસુ તો વૂટ્યાં પડ્યાં. મારતા જાય અને દાઝ કાઢતા જાય. કેસર પગમાં પડી કાકલૂદી કરતી રહી, દયાની ભીખ માંગતી રહી. ઘઠીકમાં કાનજીના પગે પડે તો ઘઠીકમાં સાસુના પગમાં પડે.' બા,મને એમ પૂછામાં પડી રહેવા દો. હું ક્યાં જઈશ? તમારા સિવાય મારૂ કોઈ નથી. મારા પર થોડીક દયા કરો. બા, હું તમારી સેવા કરીશ. મને ઘરનાં આંગણે બાંધેલ ઢોર સમજી પડી રહેવા દો બા..' કેસરની દયાની ભીખ અહીં કોઇ સાંભળે એક હતું. કેસરનો વલોપાત જોઈ કાનજી નું હૃદય વલોવાયું પણ મા ની સામે કંઈ બોલી શકાય એમ નહોતું. આખું ગામ ભેંગુ થયું. ઘણાંએ સમજવવાની કોશિશ કરી પરંતુ કાનજીની મા એકની બે ન થઈ. કેસર પહેરેલ કપડે ઘરની બહાર નીકળી. ગામમાં ઘણાં લોકોને હાથ જોડ્યાં, મજૂર તરીકે રાખવાની વિનંતી પણ કરી જોઈ પરં

હોટલ-એરલાઇન્સની જેમ રેલવે ટિકીટ પર ડિસ્કાઉન્ટની થશે ભરમાર

દેશની તમામ ટ્રેનને સીસીટીવીથી સજ્જ કરશે મોદી સરકાર

રેલવેમાં મુસાફરી કરનાર લોકો માટે વધુ એક ખુશ ખબર છે. ભારતીય રેલવે દ્વારા પણ હોટેલ્સ અને એરલાઈન્સની જેમ પ્રવાસીઓની સુવિધા માટે વિવિધ યોજના લાગુ કરવાની વિચારણા હાથ ધરાઈ છે. રેલવે મંત્રી પીયૂષ ગોયલે શનિવારે જણાવ્યું હતું કે, જો રેલવેમાં પણ સંપૂર્ણ બુકિંગ નહીં થાય તો હોટેલ્સ અને એરલાઈન્સની જેમ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. તે ઉપરાંત ફ્લેક્સિ રેટમાં પણ સુધારા-વધારા કરવા અંગે વિચારણા કરવામાં આવશે. રેલવે દ્વારા ફ્લેક્સિ ફેર યોજનાનો રિવ્યૂ કરવા માટે છ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિની રચનાના એક જ દિવસ બાદ રેલવે મંત્રી ગોયલે વિવિધ યોજનાઓ અંગે જાણ કરી હતી.

ન્યુ દિલ્હી

પીયૂષ ગોયલ દ્વારા દિલ્હી ખાતે રેલવેના પ્રમુખ અધિકારીઓની એક બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં ડાયનેમિક પ્રાઈઝિંગ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને એરલાઈન્સ અને હોટેલ્સ દ્વારા જે રીતે ડાયનેમિક પ્રાઈઝિંગ લાગુ કરવામાં આવે છે તેવી જ રીતે દેશની સૌથી મોટી ટ્રાન્સપોર્ટ વ્યવસ્થામાં પણ લાગુ કરવામાં આવે તે અંગે વિચાર ચાલી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, અમે લોકો ડાયનેમિક પ્રાઈઝિંગ અંગે ખૂબ જ મક્કમતાથી વિચારી રહ્યા છીએ. અમે એ પણ પ્રયાસ કરી રહ્યા છીએ કે ભાવ વધે નહીં પણ શક્ય હોય તો જળવાઈ રહે. અમે અત્યારે એ વિકલ્પ વિચારી રહ્યા છીએ કે જો આખી ટ્રેન બુક ન થતી હોય તો ડિસ્કાઉન્ટ રેટના આધારે ટિકિટ આપવામાં આવશે.

રેલવે મંત્રાલય ટ્રેનો સહિત યાત્રીઓની સુરક્ષાને લઈને નવા પગલા લેવા પર વિચાર કરી રહી છે. મહિલા સુરક્ષાની દિશામાં પહેલ કરતાં દેશની તમામ ટ્રેનોમાં સીસીટીવી કેમેરા લગાવવા અને માનવ તસ્કરી વિરુદ્ધ સામૂહિક રીતે લડવા માટે યોજના પર વિચાર કરી રહ્યું છે. રેલ પ્રધાન પિયુષ ગોયલે કહ્યું કે આ યોજના પર કામ કરવામાં આવી રહ્યું છે. અને પ્રધાન મંડળ સમક્ષ આ યોજના રજૂ કરાશે. તેમણે એમ કહ્યું કે મહિલા સુરક્ષાના મુદ્દે રેલવે બે ક્ષેત્રોમાં કામ કરવા અંગે વિચારી રહ્યું છે. જેમાં ટ્રેનોમાં વાઈ-ફાઈ કનેક્ટીવીટી અને તમામ ટ્રેનો અને રેલવે સ્ટેસનો માં સીસીટીવી કેમેરા લગાવવાની યોજના છે. તેમણે જણાવ્યું કે રેલવેએ તાજેતરમાં ૮૮૩ રલવે સ્ટેશનોની ઓળખ કરી કરી છે જ્યાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે.

ફ્લેક્સિ ફેર અંગે સવાલ કરાતા તેમણે જણાવ્યું કે, હાલમાં તે અંગે કઈ કહી શકાય તેમ છે નહીં. ૧૧ ડિસેમ્બરે આ મુદ્દે છ સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવી છે. તેમના દ્વારા આ અંગે જે સૂચનો કરવામાં આવશે અને અહેવાલ આપવામાં આવશે ત્યારબાદ કોઈ નક્કર નિર્ણય લેવાશે. ગ્રાહકોને અને મુસાફરોને લાભ થાય તેવા નિર્ણય લેવામાં આવશે. ફ્લેક્સિ ફેરમાં સુધારા થશે, તેનો અર્થ એ નથી કે તેમાં વધારો જ કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું કે, એરલાઈન્સ અને હોટેલ્સમાં જેમ વ્યક્તિને ડિસ્કાઉન્ટ મળતું હોય છે તેમ અહીંયાં પણ લાભ આપવામાં આવશે. પીક સિઝનમાં, સામાન્ય દિવસોમાં, વિકેન્ડમાં, તહેવારોમાં કેવા ભાવ રાખવા તે અંગે પણ કમિટી દ્વારા જ નિર્ણય લેવામાં આવશે.

ઈવીએમ હેકિંગના ડરને પગલે નેટ બંધ રહેશે તેવું કહેવાયું હતું

નેટ બંધનો નકલી પરિપત્ર વાયરલ, સાયબર ક્રાઈમે અજાણ્યા શખ્સ સામે નોંધી ફરિયાદ

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાઈ હતી. બંને તબક્કા બાદ ઈવીએમ અને વીવીપેડ મશીનોને ૩૩ સ્થળે સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવ્યા છે અને ૧૮મી ડિસેમ્બરે મતગણતરી છે. ત્યારે કોઈ ટીખળીએ મત ગણતરીના દિવસે ગુજરાતમાં નેટ સુવિધા બંધ રાખવા નકલી પરિપત્ર વાયરલ કર્યો હતો. આ નકલી પરિપત્ર વાયરલ કરનાર સામે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ફરિયાદ નોંધી છે અને આગળની તપાસ હાથ ધરી છે.

નિશ્ચિત કંપનીઓ ઈવીએમ મશીનમાં આવેલી એક ચીપને પોતાના નેટવર્કથી હેક કરતી હોવાની વાત એ પરિપત્રમાં કરવામાં આવી હતી. જેથી ગાંધીનગર ડે.ઈલેક્શન કમિશનર કે એલ પરમારની સહી કરીને મોકલવામાં આવ્યો હતો. પરિપત્ર પડઘરી મામલતદારને મોકલવામાં આવ્યો હોવાનું અને તેની ઈન્વર્ડ તારીખ પણ અંદર દર્શાવી હતી. પરંતુ આ સમગ્ર પરિપત્ર પહેલી નજરે જ ફેક લાગ્યો હતો. મીડિયામાં પણ આ ફેક પરિપત્રની પુષ્ટિ કરી ન હતી.

ફેક પરિપત્રને લઈને રાજકોટ જિલ્લા કલેક્ટરનો સંપર્ક સાધતાં તેમણે પણ આવો કોઈ પરિપત્ર આવ્યો હોવાનું નકારી દીધું હતું. તેને માત્ર બદઈરાદા પ્રેરીત અફવા ગણાવી હતી, તેમજ આ બનાવટી પરિપત્ર ફરતો કરનારા સામે તપાસના આદેશો પણ કર્યા હતા.

આ સાથે રાજકોટ જિલ્લા કલેક્ટરે ખુલાસો કર્યો હતો કે પડઘરી તહેસીલથી પત્ર ઈનવર્ડ થયો છે પણ અમોને શંકા હતી કે તેમાં સરકારી ભાષા મુજબ પડઘરી તાલુકો આવવું જોઈએ. ઉપરાંત આ પત્ર ખોટો રણ હોઈ શકે છે. માટે ખોટો મેસેજ વાયરલ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ ઉપરાંત તાલુકા લેવલે કોઈ ચૂંટણી અધિકારી હોતા નથી , અહીં માત્ર જિલ્લા ચૂંટણી અધિકારીને જ સંબોધિત કરી શકાય છે.

સંસદના શિયાળુ સત્ર, કૂડની કિંમત અને અન્ય પરિબળો પણ રહેશે

ગુજરાત ચૂંટણી પરિણામની સીધી અસર શેરબજાર પર રહે તેવી વકી

મુંબઈ

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતાં કારોબારી સેશન દરમિયાન અનેક પરિબળોની અસર થનાર છે જેમાં ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં જાહેર થનાર ચૂંટણીના પરિણામ, હાલમાં ચાલી રહેલા સંસદના સત્ર, જુદી જુદી કંપનીઓના આંકડા, અન્ય ઘણા પરિબળોની અસર જોવા મળનાર છે. આવતીકાલે ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવનાર છે. અટકળોના દોર વચ્ચે શેરબજારમાં હાલ સાવધાનીપૂર્વકનું વલણ જોવા મળી શકે છે. દલાલ સ્ટ્રીટમાં શુક્રવારના દિવસે એક્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા બાદ તેજી રહી હતી. બીએસઈ સેંસેક્સ ૨૧૯ પોઈન્ટ ઉછળીને ૩૩૪૬૨ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૮૧ પોઈન્ટ ઉછળીને ૧૦૩૩૩ની સપાટીએ રહ્યો હતો. ૩૩ શેરમાં તેજી અને ૧૭ શેરમાં મંદી રહી હતી. મૂડીરોકાણકારો આશાસ્પદ બનેલા છે. આવતીકાલે ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવનાર છે. છેલ્લા બે સેશનમાં આની અસર જોવા મળી રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, જો એક્ઝિટ પોલ મુજબ જ પરિણામો જાહેર થશે તો શેરબજારમાં તેજી આવી શકે છે. એક્ઝિટ પોલમાં ગુજરાત અને હિમાચલ બંનેમાં ભાજપની જીત દર્શાવવામાં આવી રહી છે. જો કે, સેશનમાં રેંજ આધારિત કારોબાર જોવા મળી શકે છે. તમામ કંપનીઓના શેરમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી શકે છે. કારણ કે, કર્ણાટક હાઈકોર્ટ દ્વારા શુક્રવારના દિવસે સરકારના નિયમોને ફગાવી દીધા હતા જેમાં તમાકુ પેદાશો ઉપર કઠોર ગ્રાફિક્સ આરોગ્યને લઈને ચેતવણીને ફરજિયાત કરવાના સરકારના નિર્ણયને ફગાવી દેવામાં આવ્યો હતો. આને તમાકુ કંપનીઓ માટે મોટી જીત તરીકે ગણવામાં આવે છે. સાથે સાથે આરોગ્યની તરફેણ કરનાર લોકો માટે આને નિરાશાજનક સમાચાર તરીકે ગણવામાં આવે છે. ખાનગી સેક્ટરની યશ બેંક અને ઈન્ડસઈન્ડ બેંક ઉપર નજર રહેશે. કારણ કે સોમવારે કારોબાર શરૂ થશે ત્યારે બંને શેર બેંચમાર્ક ઈન્ડેક્સમાં સામેલ થશે. સીપ્લા અને લ્યુપિનની જગ્યા આ બંને શેર લઈ લેશે. વૈશ્વિક ઘટનાક્રમની અસર પણ જોવા મળનાર છે. સંસદનું શિયાળુ સત્ર શરૂ થઈ ચુક્યું છે. આ સત્ર દરમિયાન ચાવીરુપ બિલ રજૂ કરવામાં આવનાર છે. આમા ૧૪ સેશન ચાલનાર છે. સરકાર દ્વારા આ સત્ર દરમિયાન ફાઈનાન્સિયલ ઈન્સ્યોરન્સ બિલ રજૂ કરવા માટે તૈયારી કરવામાં આવી છે. વૈશ્વિક ઘટનાક્રમની અસર પણ જોવા મળી શકે છે. યુએસ જીડીપીના ડેટા ગુરુવારના દિવસે જારી કરવામાં આવનાર છે. બુધવારના દિવસે ઓફ જાપાનની નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવનાર છે. આ ઉપરાંત ફૂડની કિંમતોમાં ઉતારચઢાવ માર્કેટની દિશા નક્કી કરવામાં ભૂમિકા ભજવી શકે છે. ગેસોલીન માટેની વધતી જતી માંગની અસર પણ જોવા મળશે. શેરબજારમાં આવતીકાલથી શરૂ થતાં કારોબાર દરમિયાન સૌથી વધુ અસર ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામોની રહેશે.

પાટણથી અમદાવાદ હથિયાર વેચવા આવેલી ગેંગ ઝડપાઈ,પાંચની ધરપકડ

દેશી બનાવટની ૮ રિવોલ્વોર, પિસ્તોલ અને ૧૫ કારતૂસ પકડાયા

અમદાવાદ

અમદાવાદ ક્રાઈમ્રાન્ચે હથિયાર વેચતી ગેંગને ઝડપી પાડી છે. દેશી બનાવટના ૮ હથિયાર અને ૧૫ કારતૂસ મળી આવ્યા છે. અમદાવાદ ક્રાઈમબ્રાન્ચે ૫ આરોપીની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી મળી આવ્યા પિસ્તલ સહિત ૮ હથિયાર હથીયાર વેચવા અમદાવાદ આવી રહેલી પાટણની ગેંગ ક્રાઈમબ્રાંચે ઝડપી પાડી હતી. તેમની પાસેથી દેશી બનાવટની રિવોલ્વર અને પિસ્તોલ કબ્જે કરવામા આવી છે.

કુલ ૮ હથીયાર અને ૧૫ થી વધુ કારતુસ કબ્જે કરવામા આવ્યા છે. ગેંગ મૂળ પાટણની હોવાનું સામે આવ્યું હતુ. મધ્યપ્રદેશથી હથિયાર લાવી અલગ અલગ શહેરોમાં વેંચતા હોવાનું પણ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યો હતુ.

અંબાજી નજીક પાનસા ગામ પાસે ટેમ્પો કાર વચ્ચે અકસ્માતમાં ૧ વ્યકિતનું મોત : ૩ ને ગંભીર ઇજા

અમદાવાદ

બનાસકાંઠાના અંબાજી નજીક પાનસા ગામના પાટીયા પાસે હાઈવે પર ટેમ્પો અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા ઘટના સ્થળે એક વ્યકિતનું મોત નિપજ્યુ છે. ૩ વ્યકિતને ઈજા થતા તાકાલીક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગયેલ અને તપાસનો દોર સંભાળી લીધો છે.

ઘાસચારા કાંડ : લાલૂ જેલ જશે તો પાર્ટીને ફટકો પડશે

નવીદિલ્હી

બિહારની રાજનીતિમાં વર્ષના અંતમાં મોટા ફેરફારની શક્યતા દેખાઈ રહી છે. ઘાસચારા કૌભાંડને લઈને જો આરજેડી વડા લાલૂ યાદવ જેલ ભેગા થશે તો આરજેડીમાં ખળભળાટ મચી શકે છે. ઘાસચારા કૌભાંડ સાથે જોડાયેલા ત્રણ મામલામાં ૨૩મી ડિસેમ્બરના દિવસે ચુકાદો આવનાર છે. આ કેસમાં લાલૂ યાદવ આરોપી છે. આ ત્રણ પૈકી કોઈમાં પણ લાલૂ યાદવને કોર્ટ દોષિત ઠેરવશે તો તેમને તરત જેલ ભેગા થવાની ફરજ પડશે. સીબીઆઈ પોતાની તપાસમાં લાલૂને દોષિત જાહેર કરી ચુકી છે. જો લાલુ યાદવ જેલ ભેગા થશે તો આરજેડીની અંદરથી લઈને બિહારની રાજનીતિમાં મોટી ઉકઇબેક થઈ શકે છે. લાલૂ યાદવના જેલ જવાની સ્થિતિમાં તેમની પાર્ટીમાં બળવો થઈ શકે છે. જેડીયુએ દાવો કર્યો છે કે, લાલૂ જેલમાં પહોંચ્યા બાદ આરજેડીમાં ભાગમભાગ મચી જશે. કેટલાક સિનિયર નેતા યોગ્ય અવસરની રાહ જોઈ રહ્યા છે. તક મળતાની સાથે જ બીજી પાર્ટીમાં ગુલાંટ મારી શકે છે.

જો કે, આરજેડીના લોકો આ પ્રકારની શક્યતાને નકારી રહ્યા છે. કોંગ્રેસમાં પણ લાલૂ યાદવ જેલ જવાની સ્થિતિમાં ખળભળાટ મચી શકે છે. પાર્ટીના દોઢ ડઝન થી વધુ ધારાસભ્ય પહેલાથી જ એનડીએના સંપર્કમાં છે. આવી સ્થિતિ આવવાની સ્થિતિમાં કોંગ્રેસના દોઢ ડઝન સભ્યો ભાજપ સાથે હાથ મિલાવી શકે છે. કોંગ્રેસના સુત્રોના કહેવા મુજબ બિહારમાં લાલૂ યાદવને જેલ ભેગા કરવાની સ્થિતિમાં કોઈ અસર થશે નહીં. લાલૂ યાદવ સૌથી પહેલી વખત ઘાસચારા કાંડમાં જેલ ભેગા થયા હતા તે વખતે લાલૂએ તેમના પત્નિ રાબડી દેવીને મુખ્યમંત્રી બનાવ્યા હતા. તે વખતે તેમની પાર્ટી ઉપર કોઈ અસર થઈ ન હતી પરંતુ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે.

રેલ્વે બે વર્ષમાં થનારી ભરતી પ્રક્રિયાને છ મહિનામાં પૂર્ણ કરવાની યોજના બનાવશે

ન્યુ દિલ્હી

જો તમે ભારતીય રેલવેમાં અરજી કરવા જઈ રહ્યા છો તો તમારા માટે આ ખબર ખુશખબર સાબિત થઈ શકે છે. જોકે ભારતીય રેલવે અત્યાર સુધી બે વર્ષમાં થનારી ભરતી પ્રક્રિયાને આશરે છ મહિનામાં પૂરી કરવાની યોજના બનાવી રહ્યા છે. મોટી સંખ્યામાં કર્મચારીઓના ઘટાડાને લઈને રેલવે વિવિધ પગલાંઓની સાથે-સાથે ભરતી પ્રક્રિયાનો સમય ઓછો કરવા માટે ઓનલાઈન પરીક્ષા શરૂ કરવાની યોજના બનાવી રહી છે. આ અંગે દરેક પ્રક્રિયા યોગ્ય રહી તો ભરતી પ્રક્રિયા આશરે છ મહિનામાં પૂર્ણ થઈ જશે.

વાસ્કો-ડિ-ગામા-પટના એક્સપ્રેસને ૨૪ નવેમ્બર પાટા પરથી ઉતર્યા બાદ થયેલ રેલવે બોર્ડના અધ્યક્ષ અશ્વની લોહાની અને મહાપ્રબંધકોની બેઠકમાં ઝોનલ પ્રમુખો રેલવેમાં ખાલી જગ્યાઓનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ બેઠકથી સંબંધિત દસ્તાવેજ પીટીઆઈની પાસે છે. રેલવેના ૧૭ પ્રમુખ મેનજરોમી હાજરીમાં આ બેઠક દરમિયાન પૂર્વોત્તર ફ્રન્ટીયર રેલવેના મેનેજર ચાહતેય રામે સલાહ આપી હતી કે ભરતી પ્રક્રિયામાં ઘણો લાંબો સમય લાગે છે. આવેદન જમા થયા બાદ આશરે બે વર્ષનો સમય લાગે છે. ઘણાં ઉમેદવારોને વૈકલ્પિક નોકરીઓ મળી જાય છે. જેનાથી ભરતી નોટિસની યોગ્ય પ્રતિક્રિયા મળતી નથી. ઓનલાઈન પરીક્ષા સહિતના માધ્યમથી પ્રક્રિયામાં ઝડપ લાવવી જોઈએ.

આ અંગે લોહાનીએ કહ્યું છે કે રેલવે ભરતી બોર્ડને પ્રક્રિયાની સમીક્ષા કરવી જોઈએ અને તેને ૬ મહીનાની અંદર પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવું જોઈએ. બોર્ડ તેના વિભાગોને આ સંબંધમાં ૨૦ ડિસેમ્બર સુધી દરેક પ્રસ્તાવ સૌંપવા કહ્યું છે. ડિસેમ્બર,૨૦૧૬માં રેલવે કર્મચારીઓની સંખ્યા ૧૩ લાખ હતી. જ્યારે ગ્રૂપ સી અને ડીમાં ૨,૨૫,૮૨૩ ખાલી જગ્યા છે.

સરકારે સબસિડીની જાહેરાત કરતાં કેશલેસ ટ્રાન્ઝેક્શન ૧૦૦ કરોડને પાર થાય તેવી શક્યતા

ન્યુ દિલ્હી

તાજેતરમાં કેન્દ્ર સરકારે ડેબિટ અને ક્રેડિટ કાર્ડ ટ્રાન્ઝેક્શન પર એમડીઆર ચાર્જમાં રૂ.૨,૦૦૦ સુધી સબસિડી આપવાની ઘોષણા કરી છે જેથી દેશમાં પહેલીવાર કેશલેસ ટ્રાન્ઝેક્શનનો આંકડો રૂ.૧૦૦ કરોડને પાર પહોંચે એવી શક્યતાઓ જેવાઈ રહી છે.સરકારના સબસિડીના પ્લાનથી ડિસેમ્બરમાં કેશલેશ વ્યવહારોમાં વધારો થયો છે.

આ પહેલા નવેમ્બર મહિનામાં દેશમાં કેશલેસ ટ્રાન્ઝેક્શન પહેલાથી રેકોર્ડ લેવલે પહોંચ્યા હતા.જેથી કેટલાક બજાર નિષ્ણાતોને લાગે છે કે ડિસેમ્બરના અંત સુધી કેશલેસ વ્યવહારોનો આંકડો રૂ.૧૦૦ કરોડને પાર પહોંચશે.નવેમ્બરમાં દેશમાં રૂ.૯૯.૪ કરોડના કેસલેશ ટ્રાન્ઝેક્શન એક મહિનાની અંદર થયા હતા. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષના નવેમ્બર મહિનામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ની નોટનું ચલણ બંધ કરવાની ઘોષણા કરી હતી.

જોકે આ નોટબંધી બાદ ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન મળ્યો છે. નવેમ્બર ૨૦૧૬માં જ્યાં દેશમાં રૂ.૬૭ કરોડના કેશલેસ ટ્રાન્ઝેક્શન થતા હતા ત્યાં આ વર્ષે નવેમ્બરમાં આ આંકડો રૂ.૯૯.૪ કરોડ સુધી પહોંચ્યો હતો. સ્ફઇ ચાર્જની વાત કરીએ તો આ એક એવો ચાર્જ છે જે ડેબિટ અને ક્રેડિટ કાર્ડ દ્વારા ટ્રાન્ઝેક્શન કરવા બદલ બેંકો દ્વારા મર્ચેંટ પાસેથી વસૂલવામાં આવે છે.જોકે હવે સરકાર રૂ.૨૦૦૦ સુધીના સ્ફઇ ચાર્જની સબસિડી આપશે.જેથી ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં વધારો થવાની અપેક્ષા છે.

મતગણતરી કેન્દ્રમાં નમો વાઈ-ફાઈ પકડાતું હોવાની ફરિયાદથી દોડધામ

કોંગ્રેસના ઉમેદવાર દ્વારા ફરિયાદ કરાઈ

સુરત

ગુજરાત વિધાનસભાની આ વખતની ચૂંટણીમાં ઈફેર સાથે વાઈ-ફાઈ કનેક્ટ થતા હોવાની વ્યાપક ફરિયાદો બહાર આવી છે. ઠેર ઠેરથી ઉમેદવારો દ્વારા આ અંગેની ફરિયાદો કરાયા બાદ ચૂંટણી તંત્રએ તપાસ કરી છે. ત્યારે સુરતમાં જ્યાં મત ગણતરી થવાની છે તેવા કેન્દ્ર ઉપર વાઈ-ફાઈ પકડાઈ રહ્યું હોવાની કોંગ્રેસના ઉમેદવાર દ્વારા ફરિયાદ કરાઈ છે. આ ફરિયાદ બાદ ચૂંટણી તંત્રએ ઘટના સ્થળે જઈને કાર્યવાહી કરી હતી.

સુરતની ગાંધી એન્જીયનીયરિંગ કોલેજમાં વાઈફાઈ પકડાઈ રહ્યુ હોવાની ફરિયાદ કોંગ્રેસના ઉમેદવાર દ્વારા કરવામાં આવી છે. આ કોલેજમાં આવતીકાલે મત ગણતરી હાથ ધરાવાની છે. તે પહેલા કોંગી ઉમેદવારે આ કોલેજમાં નમો વાઈફાઈ પકડાતુ હોવાની ફરિયાદ કરી છે. કોંગી ઉમેદવારની ફરિયાદ બાદ ચૂંટણી પંચના અધિકારીઓ પણ સ્થળ પર પહોચ્યા હતા. જ્યાં તમામ વાઈફાઈ બંધ કરવામાં આવ્યા હતા. જો કે આ લ્યુટુથ કે વાઈ-ફાઈ સાથે કનેક્ટ થયા બાદ ઈફેર માં કેવી રીતે અને શું ચેડા થઈ શકે છે ? તે અંગે હજુ સુધી ક્યાંય કોઈ ટેકનિકલ ફોડ પડ્યો નથી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

વિધાનસભા ચૂંટણીમાં તંત્રને ૧૭.૨૫ લાખની આવક થઇ

ત્રણ જાહેરસભા ઉપરાંત ૩૬ ટોક-શો યોજાયા : વડાપ્રધાને સી-પ્લેનમા મુસાફરી પણ કરી છે : રિવરફ્રન્ટનો ઉપયોગ

અમદાવાદ

રાજ્ય વિધાનસભાની બે તબકકામા યોજવામા આવેલી ચૂંટણીના પરિણામ આજે બપોર સુધીમા આવી જવાની ધારણા છે આ પરિસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટીતંત્ર દ્વારા કુલ મળીને રૂપિયા ૧૭.૨૫ લાખ રૂપિયાની આવક વિવિધ ચૂંટણીલક્ષી કાર્યક્રમો દ્વારા મેળવી છે.જેમા ત્રણ મોટી જાહેરસભા અને ૩૬ જેટલા ટોક-શોનો પણ સમાવેશ થાય છે.આ અંગે મળતી માહિતી અનુસાર, રાજયમા વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ અને ૧૨ ડિસેમ્બરના રોજ બીજા તબકકાના પ્રચાર-પડઘમ શાંત થયા ત્યાં સુધી ભાજપ-કોંગ્રેસ જેવા રાજકીયપ પક્ષો અને વિવિધ ન્યુઝ ચેનલો દ્વારા અમદાવાદ શહેરના સાબરમતી રિવરફ્રન્ટનો ઉપયોગ કરવામા આવ્યો હતા ` અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવારસૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર,વિધાનસભાની ચૂંટણી જાહેર કરવામા આવી અને પ્રચાર કાર્ય પુરુ થયુ ત્યાં સુધીમા વિવિધ ન્યુઝ ચેનલો દ્વારા તેમના ટીવી ટોક-શો માટે રિવરફ્રન્ટની જગ્યાનો ઉપયોગ કરવામા આવ્યો હતો.આ જગ્યાના ભાડા પેટે મ્યુનિસિપલ કોર્પોરેશનને રૂપિયા ૨.૧૨ લાખની આવક થવા પામી છે.આ સાથે જ રિવરફ્રન્ટ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની જાહેરસભા મળીને કુલ ત્રણ જાહેરસભા આ સમયગાળામા યોજવામા આવી હતી.જેને લઈને મ્યુનિસિપલ તંત્રને કુલ રૂપિયા ૯.૩૩ લાખની આવક થવા પામી છે. તો રિવરફ્રન્ટના વિવિધ લોકેશનો ઉપર ચૂંટણી પ્રચાર માટે મુકવામા આવેલી જાહેરાત અને હોર્ડિંગ્સની આવક પેટે કુલ રૂપિયા ૫.૮૦ લાખની આવક થવા પામી છે.

આ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બીજા તબકકાના પ્રચારના અંતિમ દિવસે ૧૨ ડિસેમ્બરના રોજ રિવરફ્રન્ટ ખાતેથી સી-પ્લેનમા મુસાફરી કરવામા આવી હતી.જો કે તંત્ર તરફથી ચૂંટણીલક્ષી જાહેરાતો કે જે કલેકટર કે ચૂંટણીતંત્ર દ્વારા લોકજાગૃતિ માટે કરવામા આવી હતી એ પેટે કોઈ રકમની વસુલાત કરવામા આવી ન હતી. આમ ચૂંટણીના પ્રચારગાળામા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને રૂપિયા ૧૭.૨૫ લાખની આવક મેળવી છે.આગામી દિવસોમા નાતાલ અને નવ્યુઈયરની ઉજવણી નિમિત્તે પણ રિવરફ્રન્ટ ખાતે અનેક કાર્યક્રમો યોજવામા આવશે જેને લઈને પણ તંત્રની આવકમા વધારો થવા પામશે. વર્ષ-૨૦૧૪થી તંત્ર દ્વારા રિવરફ્રન્ટની વિવિધ જગ્યાઓ ભાડેથી આપવામા આવી રહી છે.

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી : જમ્મુમાં ૫.૧ ડીગ્રી

નવી દિલ્હી

ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસની સ્થિતીના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. જમ્મુ કાશ્મીરમાં સીથી વધારે અસર થઈ છે. તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે. પાટનગર દિલ્હીમાં પણ કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં સવારમાં ધુમ્મસની ચાદર જોવા મળી રહી. કેટલાક મેદાની ભાગોમાં પણ પારો શુન્ય સુધી પહોંચી ગયો છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુકાશ્મીરમાં કેટલાક જિલ્લામાં ભારે હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે. સાથે સાથે ભેખડ ધસી પડે તેવી ચેતવણી જારી કરવામાં આવી છે. કાશ્મીર ડિવીઝનમાં લોકોની હાલત કફોડી બનેલી છે. લડાખ પ્રદેશમાં સીથી વધારે ઠંડી નોંધાઇ છે. પહલગામ અને ગુલમર્ગ ખાતે તાપમાન માઈનસમાં છે. સ્કી રિસોર્ટ તરીકે લોકપ્રિય ગુલમર્ગમાં પારો માઈનસ ૭ સુધી નીચે પહોંચી ગયો છે. જ્યારે વાર્ષિક અમરનાથ યાત્રા માટે બેઝ કેમ્પ ગણાતા પહલગામમાં પારો માઈનસ ૯ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો છે. લેહમાં માઈનસ ૮.૫ ડિગ્રી તાપમાન રહ્યુ છે. કારગીલમાં માઈનસ આઠ ડિગ્રી તાપમાન રહ્યુ છે. શ્રીનગરમાં માઈનસ ૪ ડિગ્રી તાપમાન રહ્યુ છે જ્યારે જમ્મુમાં ૫.૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે જે સિઝનનું સૌથી ઓછુ તાપમાન છે. ૧૯ ટ્રેનો મોડેથી દોડી રહી છે. આઠ ટ્રેનો રદ કરવામાં આવી છે. પાટનગર દિલ્હીમા સાત ડિગ્રી તાપમાન થઈ ગયું છે. મેદાની ભાગોમાં હિમવર્ષાની જગ્યાએ વરસાદની આગાહી કરાઈ છે. હિમાચલપ્રદેશમાં પણ એવી જ સ્થિતી થયેલી છે. હિમવર્ષા અને વરસાદના કારણે પારો માઈનસમાં પહોંચી ગયો છે. કેલોંગ, કાલ્પા અને મનાલીમાં તાપમાન માઈનસ ૬.૨ ડિગ્રી સુધી પહોંચી ગયુ છે. કેલોંગ અને ભારમોરમાં હિમવર્ષા થઈ છે. હિમવર્ષાના કારણે ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. પંજાબ અને હિમાચલ પ્રદેશમાં ધુમ્મસની ચાદર છવાયેલી છે. મોટી સંખ્યામાં ટ્રેન રદ કરવામાં આવી છે. હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા અને વરસાદના કારણે ઠંડીમાં એકાએક વધારો થયો છે. બીજી બાજુ ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. તાપમાનમાં ઘટાડો થવાના કારણે લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. બીજી બાજુ બન્ને રાજ્યોમાં કેટલીક જગ્યાએ લઘુતમ તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. કેટલીક જગ્યાએ માઈનસમાં તાપમાન પહોંચી ગયુ છે. ભારે હિમવર્ષાના કારણે કેટલાક રસ્તાને બંધ કરી દેવાની ફરજ પડી છે. ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. ઉત્તરીય કાશ્મીરના બારામુલા જિલ્લા સ્થિત તંગમાર્ગમાં સતત હિમવર્ષા થઈ રહી છે. જ્યારે મેદાની ભાગોમાં હિમવર્ષા થઈ છે. વરસાદના કારણે રાત્રી તાપમાનમાં ઘટાડો થયો છે. જમ્મુ કાશ્મીરના ડોડામાંપણ સતત હિમવર્ષા જારી છે.

અનુસંધાન પાના નં.૬

તંત્રી સ્થાનેથી ...

ગંગા સમાન કોઈ તીર્થ નથી.

કોંગ્રેસના કાર્યકરો ઈવીએમની સુરક્ષામાં ૨૪ કલાક જોતરાયા

વિધાનસભાની ચૂંટણીના પ્રથમ અને બીજા તબક્કાની ચૂંટણીમાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈ.વી.એમ) ની અંદર બ્લુટૂથ કનેક્ટ થવાની ઘટનાએ કોંગ્રેસની ચિંતામાં વધારો કર્યો હતો. ઈ.વી.એમમાં ચેડાં થઈ શકે છે તેવી આશંકાથી કોંગ્રેસની ઊંઘ હરામ થઈ ગઈ હતી. જેથી સંભવિત ગેરરીતિને અટકાવવા માટે કોંગ્રેસે તમામ જિલ્લાઓના પ્રમુખ સહિતના હોદ્દેદારો, ચૂંટણી લેખિકાવારોને ૧૮ ડિસેમ્બર સુધી પોતપોતાના વિસ્તારના ઈવીએમ રાખવામાં આવ્યા હોય તેવા સેન્ટરમાં ૨૪ કલાકનો પહેરો રાખવાનો આદેશ કર્યો છે.

યુથ કોંગ્રેસ અને કોંગ્રેસની વિદ્યાર્થી પાંખના કાર્યકરોને સ્ટ્રોંગ રૂમની વોચ રાખવાની જવાબદારી સોંપવામાં આવી હતી. ત્યારે આજે ચૂંટણી પરિણામો આવશે ત્યારે જ ખ્યાલ આવશે કે ગુજરાતનો સિકંદર કોણ બનશે?

ગુજરાત અગાઉ દેશના અનેક રાજ્યોમાં ચૂંટણીમાં મતદાન માટે ભેલેટને સ્થાને ઈવીએમનો ઉપયોગ કરવામાં આવેલ. જે પક્ષને ઓછા મત મળે અથવા પરાજય થાય ત્યારે ઈવીએમ ઉપર દોષનો ટોપલો ઢોળાય છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઈ.વી.એમ.નો ઉપયોગ કરવામાં આવ્યો છે અને કોંગ્રેસને આ વખતે ચૂંટણી જીતવાનો દ્રઢ આશાવાદ જણાય છે. ત્યારે ગત શુક્રવારે બીજા તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ સીલ થયેલા ઈવીએમ જ્યાં સાચવવા માટે રાખવામાં આવેલ તેમાં સ્ટ્રોંગ રૂમની અંદર કોંગ્રેસના કાર્યકરોને ૨૪ કલાક વોચ ગોઠવવાનો આદેશ અપાયો હતો. જો કે આવી શંકાઓને કારણે કોંગ્રેસે નાટક ઊભું કર્યું છે અને તકેદારી રાખવાની જવાબદારી મોટાભાગે યુથ કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ.ના કાર્યકરોને સોંપવામાં આવી છે. દરેક જિલ્લા મથકોએ ચૂંટણી પંચ દ્વારા સ્ટ્રોંગ રૂમ ઉભવામાં આવ્યા છે. જ્યાં ચોવીસ કલાક લશ્કરી જવાનો અને પોલીસ રાખવામાં આવેલ. તેમજ બીએસએફ સહિત પેટામિલેટ્રી ફોર્સને પણ સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી હોવાથી ઈવીએમ સાથે ચેડાં કેવી રીતે થઈ શકે?

કહેવાય છે કે અગાઉ ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં પણ ભાજપ પર ઈવીએમ સાથે ચેડાં કરવાના ત્યારે આક્ષેપો થયા હતા. જો કે ત્યારબાદ કેન્દ્રીય ચૂંટણી પંચે ઈવીએમ સાથે ચેડાં થતાં ન હોવાનું જાહેર કર્યું હતું. તેમજ દરેક રાજકીય પક્ષને રૂબરૂ બોલાવીને ઈવીએમ સાથે ચેડાં હેક કરી બતાવવા પડકાર ફેંક્યો હતો, જો કે મોટાભાગના રાજકીય પક્ષોએ ચૂંટણી પંચના આ પડકારને ઝીલ્યો ન હતો. ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં કોઈપણ પ્રકારના ચેડાં થયા ન હતા. પરંતુ કોંગ્રેસને એવું દિવા સ્વપ્ન આવેલ કે ત્યાં ચેડાં કરવામાં આવ્યા છે. અવા સપનાઓ નિહાળી નિહાળીને કોંગ્રેસે પોતાની ઘોર ખોદી છે.

છેલ્લી પાંચ ચૂંટણી પછી પ્રથમવાર એક જ સવાલ ચર્ચાય છે કે ભાજપ જીતશે કે કોંગ્રેસ? જો કે આ વખતે ઉભી થયેલી દ્વિધા એક્ઝિટ પોલ પણ દૂર કરી શકી નથી. જો કે બીજા તબક્કાના મતદાન એક્ઝિટ પોલ દ્વારા ''ભાજપ ફરી આવે છે''' તેવા અહેવાલ બહાર આવ્યા બાદ લોકોમાં ભારે દ્વિધા ઉભી થવા પામી હતી. જો કે રાજકીય વિદ્વાનું માનવું છે કે ભાજપનું પુનરાવર્તન નિશ્ચિત છે નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા અને મતદારોની તેમના પ્રત્યેની લાગણી એવી છે કે ગુજરાત મોદીને હારવા દેશે નહિં.

સિગ્નેટ હોટેલ્સ એન્ડ રિસોર્ટસ વિસ્તરણનાપંથે યાત્રાધામ દ્વારકામાં૪૮ રૂમની સિગ્નેટઈનનો પ્રારંભ



અમદાવાદ

હોટેલ એન્ડ રિસોર્ટની ઝડપથી વિસ્તરી રહેલી ચેઈન સિગ્નેટ હોટેલ્સ એન્ડ રિસોર્ટસ આધ્યાત્મિક મથક દ્વારકામાં તા. ૧૫મી ડિસેમ્બરથી ૪૮ રૂમની સુવિધા ધરાવતી હોટલ સિગ્નેટઈન શરૂ કરીનેપોતાના હોટેલ સમૂહમાં ઉમેરો કરી રહી છેઅનેદ્વારકામાં બિઝનેસ ટ્રાવેલર્સ અને યાત્રાળુઓ બંને માટે સિગ્નેટ ઈન દ્વારકાનો પ્રારંભ કરી રહી છે. મહેમાનોને નવો અનુભવ પૂરો પાડવા ત્યાં વિવિધ સર્વિસીસ ઉપલબ્ધ કરાઈ છે. દ્વારકાના પ્રસિધ્ધ મંદિરથી હોટલે ક્વ્ત દસ મિનીટ ડ્રાઈવ કરીને પહોંચી શકાય છે. હોટેલ સુગમ ડિઝાઈનમાં માને છે. તે સ્યુટ સહિત વિશાળ અને આધુનિક રૂમ્સ અને પૂરા દિવસ દરમ્યાન ભોજનની સુવિધા ઓફર કરી રહી છે. હોટલમાં ખુબ જ આકર્ષક કાફી લાઉન્જ અને સિગ્નેટ પેવેલિયન પૂરો દિવસ આરામ પૂરો પાડશે અને મુખ્ય આકર્ષણ બની રહેશે.

આ નવા ઉમેરા સાથે આ ચેઈનમાં હવે ૯ હોટલ કાર્યરત થઈ છે, યશુમાં દ્વારકા સહિત ૫ નવી પ્રોપર્ટીસ ડિસેમ્બર ૨૦૧૭ સુધીમાં ખુલ્લી મુકવાનો કાર્યક્રમ નક્કી થયો છે. વર્ષ ૨૦૧૮ સુધીમાં વધુ ૬ થી ૮ હોટલો શરૂ કરવાનું ભવ્ય આયોજન છે. આ હોસ્પિટાલિટી ચેઈન ૨૬ સ્થળો સાથે જોડાણ ધરાવે છે.

આત્મચિંતન

સુખ અને દુઃખ-સહોદર છે

એવું સમજવામાં આવે છે કે સુખ અને દુઃખ પરસ્પર વિરોધી છે. એકબીજાને કાપે છે. સુખી અને દુઃખી બે વિપરીત સ્થિતિની વ્યક્તિ છે, પણ ઊંડી વિચારવામાં આવે તો બીજી જ વાત સામે આવે છે. ચિંતન બતાવે છે કે દુઃખએ નગ્ન સત્ય છે, સુખ તો તેને સુસજ્જિત કરનાર પરિધાન અર્લકાર માત્ર છે.

પુત્ર પ્રાપ્તિના સ્મિતની પાછળ માતાની પ્રસવ પીડા ઝાંકે છે. આજનું ગૌરવાન્વિત સોનાનો હાર કાલે સોનાની બઢીમાં તપી રહ્યો હતો અને હથોડીની માર ખાતો હતો. આગ પર પકાવ્યા વિના સ્વાદિષ્ટ ભોજન બનવું કેવી રીતે સંભવ છે.

ધનવાન ખેડૂત,પદોન્ન તથ્રમિક અને પુરસ્કૃત કલાકારના આજના સૌભાગ્યની પ્રસન્નતા કરવાની સાથે થોડુક પાછળ જઈને પણ જોવું પડશે. આ ઉપલબ્ધિઓ માટે તેમને કેટલા સમય સુધી, કેટલા મનોયોગપૂર્વક કેટલી કઠોર સાધના કરવી પડી છે. વિશાળ અને પલ્લવિત વૃક્ષનો ઈતિહાસ ત્યાંથી આરંભ થાય છે જ્યાં એકબિજે પોતાના અસ્તિત્વની બીજી લગાવી હતી.

દુઃખ મોટો ભાઈ છેઅને સુખ નાનો દુઃખ પહેલા પેદા થયુ છે, સુખ બાદમાં તેઓ હંમેશા સહચર છે તેમની એકતાને કોઈ તોડી શકતું નથી. દુઃખને સ્વેચ્છાપૂર્વક વરણ કર્યા વિના સુખ સૌભાગ્ય મેળવી શકાતું નથી.- **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યક્તિગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

વાલીમંડળના એક દિવસીય પ્રવાસના આયોજનથી શિક્ષક, વાલી અને બાળક વચ્ચેની આત્મિયતા જરૂર વધી.....

કોઈકે કહ્યું છે ને કે,"તુ હળીમળીને રહીશ તો તારો વિકાસ અચુક થશે.. અને તેનો લાભ તારા કુટુંબ, સમાજને જરૂર થશે."આ પંક્તિને સાર્થક કરવા માટે સીની સાથે હળીમળીને રહેવું ઉચીત છે. પછી હળીમળીને રહેવામાં શાળાના વાલીઓ કેમ ન હોય..! જેની સાથે આપણે સુમેળ ભર્યો વ્યવહાર રાખીશું તો તે જ આપણી સાથે સારો વ્યવહાર રાખવાનો છે જ.. એ સર્વથા સત્ય છે. શાળામાં દિવસભર રહીએ એટલે બાળકોની સાથે ઓતપ્રોત થઈ જવાય.. પણ એવું તો શું કરીએ તો બાળકોના વાલીઓ પણ આપણી સાથે જોડાય..? આ પ્રશ્નનું સમાધાન પ્રાથમિક શાળાના ઉત્સાહી પ્રમુખ, ઉપપ્રમુખ અને મંત્રીએ તથા અન્ય વાલીમંડળના સમીતીએ વિચાર્યું કે, બાળકો અને વાલીઓની સાથે કોઈક એક જ સ્થળે પ્રવાસનું આયોજન એક દિવસ માટે થાય તો તેનો લાભ જરૂર થાય. જેનાથી વાલીઓ, શિક્ષકો, બાળકો વચ્ચેની આત્મીયતા વધે.. દરેક જણ એકબીજાના પરીચયમાં આવે.

જેનામાં કંઈપણ સ્વાર્થની ભાવના ન હોય તેવા ઉમદા કાર્યના માત્ર વિચારથી આનંદ આવે અને એ કાર્ય પણ ખુબ જ સરસ રીતે કોઈ પણ જાતના સંકટ વગર પાર પડે. આદર્શ પ્રાથમિક શાળા ડીસાના એક દિવસના પ્રવાસ માટે પણ કંઈક આવું જ થયું. શરૂઆતથી જ દરેકની અંદર ઉત્સાહ હતો જેનો લાભ પ્રવાસમાં જરૂર થયો. પ્રવાસના સ્થળ અને દિવસ નક્કી કરવા માટે જનરલ વાલીમંડળની મીટીંગ બોલાવી તેમાં નક્કી થયું કે, આપણે ૧૦ મી ડીસેમ્બર ૨૦૧૭ ના દિવસે સવારે ૬ કલાકે માઉન્ટ આબુના રમણીય સ્થળના પ્રવાસે જવું. સૌએ એ પ્રસ્તાવને વધાવી લીધો. બસની સુવિધા અને જમવા માટેની પણ ખુબ જ સરસ રીતે વ્યવસ્થા થઈ ગઈ. માત્ર ૫૦૦ રૂપિયાની ટીકીટમાં ને વળી તેમાં નાનાં બાળકની ટીકીટ ન હોય ત્યારે પ્રવાસની મજા કરવા કોણ ન આવે..? ગોડાક જ સમયમાં બસની સંખ્યા આવી ગઈ. સીના સાથ સહકારની માઉન્ટ આબુ પ્રવાસ જવા માટે રવિવારના મંગળમય સોનેરી સુપ્રભાતે જવા પ્રયાણ કર્યું. બસમાં મુક્ત રીતે વાતો કરતા કરતા, ગીતો ગાતાં ગાતાં જ્યાં દુદરતે પોતાની પ્રકૃતિનાં સુંદર દર્શન કરાવ્યાં છે એવી માઉન્ટ આબુની ઘરામાં ઉતરાણ કર્યું.. તળેટીથી માઉન્ટની ઉંચી ઘરામાં આવતા હતા. ત્યારે પહાડના સર્પાકાર રસ્તા.. વાંદરાંના ઝૂંડ.. ઉંચા ઉંચા વૃક્ષ.. લટકતા પહાડ.. વહેતા પાણીનાં અલ્લાદક દ્રશ્યો જોઈને નાનાં બાળકો સહીત મોટેરાઓ પણ ખુશ મિજાજમાં આવી ગયા. કહેવાય છે ને કે, ખુશ માણસ, હસતો માણસ ભગવાનની નજીક હોય છે ને વળી ભગવાનને પ્રિય પણ હોય છે..ત્યારે બસમાં જે માણસો હતા તે દરેકે પોતાનું દુઃખ જાણે ઘેર અલમારી ઉપર મુકીને આવ્યા હોય તેવું ફલીત થઈ રહ્યું હતુ.

માઉન્ટ આબુની ઠંડી હવામાં, સુંગધમય આહલાદક વાતવરણમાં પ્રથમ દ્રશ્યમા અબ-ુદા દેવીના સ્થાનકનું જોવાણી રોમેરોમ આનંદની સરવાણી ફૂટી હોય તેવું દેખાઈ આવ્યું. બાળકોએ પોતાના ભાઈબંધનો હાથ પકડીને તથા વાલીઓએ પોતાના સ્વજન અને મિત્રો સાથે અલકમલકની વાતો કરતા કરતા અર્બુદા માતાના ગર્ભગૃહમાં જઈને દર્શન કર્યા.. ધન્યતા અનુભવી." મા ના પ્રથમ દર્શન કર્યા બાદ જ બ્રહ્માકુમારીના વિશાળ ધ્યાન તથા સત્સંગના હોલમાં જઈને બે ઘડી ભગવાનની વાતો સાંભળીને જ્યાં કારી ગરોએ દિલથી કામ કરીને નબશિબ સુંદર કોતરણી કરી છે. એવા દેલવાડાના દેરાનાં દર્શન કરીને મનને પ્રફુલ્લિત કર્યું. દેરાણી-જેઠાણીના ગોખલાં તથા ભગવાન મહાવીર સ્વામી વગેરેના દર્શન કરીને કારીગરોની કળાનાં વખાણ કરતાં કરતાં અચળગઢ સ્થાનકે ગયા. જ્યાં ભગવાનનું લીંગ પૂજાતું નથી પણ માત્ર અંગૂઠાનું પૂજન થાય છે તે સ્થળ એટલે કે અચળગઢે ભગવાન શીવ તથા તળાવના કીનારે જર્જરીત હાલતમાં ઉભેલા પાડાનાં દૂરથી દર્શન કરીને બ્રહ્મા-

સંવેદના

પ્રવીણ એમ. નાઈ

કુમારીના સુંદર બગીચાની..શોભાની મજા લીધી. માઉન્ટ આબુનું આ "પીક પાઈ" ને જોવા એ પણ એક લ્હાવો છે. તેમાંય વળી મનગમતો સાથ હોય.. સેલ્ફી વડે ફોટામાં કેદ થતા હોઈએ ત્યારે મજા કોણે ન આવે..! પીકપાર્કમાં ભેરૂના હાથમાં હાથ પરોવીને મુક્ત મનોરંજન મેળવીને માઉન્ટનું હાર્ટસમું "નકી લેક" જવા ઉપડ્યા. સાંજનું વાતાવરણ નકીલેનું કંઈક ઓર જ હોય છે. ઠંડા પાણીની ઉંડતી છોળો.. મંદમંદ વાતો પવન.. સહેલાણીઓનો ખુશમિજાજી ભાવ તથા હાલક ડોલક હોડીઓ જોઈને પોતાનું પ્રિય પાત્ર યાદ આવ્યા વગર શેને રહી શકે..! એમાંય વળી પ્રિય પાત્ર સાથે હોય ત્યારે તેનો અંતરના ઉંરનો નીર્દોષ આનંદ કંઈક ઓર જ હોય છે. સૌ સાથીઓએ પોતાની મનગમતી વસ્તુ ની ખરીદી કર્યા બાદ રાતના આછા..આછા અંધકારમાં સૌ જણ ઘર તરફ આવવા પ્રયાણ કર્યું. સૌના મિજાજમાં ઉંડો ઉંડો થાકનો અનુભવ થઈ રહ્યો હતો પણ એનીયે વધારે જે આનંદ મળ્યો તેને ભૂલી શકે તેમ હતા નહી. બસમાં અઠાવન વાલીઓ તથા બત્રીસ જેટલા બાળકોના સાથ સહકારની જે મનોરંજન મળ્યું તેને કોઈ વિસરી શકે તેમ હતા નહી.

આ સમગ્ર પ્રવાસમાં ઉડીને આંખે વળગે એવી એક વાત જરૂર બની. વાલીમંડળના એક દિવસીય પ્રવાસમાં મુસલમાન અને હિન્દુ ધર્મના વાલીઓ જોડાણા એ હતી. મુસલમાન ભાઈ હબીબભાઈનો સમગ્ર પરિવાર આ માઉન્ટ આબુના પ્રવાસમાં જે હિન્દુઓ સાથે જોડાઈને રહ્યો અને મુક્ત રીતે મનોરંજન મેળવ્યું તે કહી. હિન્દુઓ વાલીઓ એકબીજાની સાથે રહીને ભાઈચારાની ભાવના વિકસાવી તે કરતાં આ હબીબભાઈના પરીવારે હિન્દુના પરીવારો સાથે સુમેળ ભર્યો હળીમળીને વ્યવહાર કર્યો તેને ભૂલી શકાય તેમ નથી.

આદર્શ પ્રાથમિક વાલીમંડળ દ્વારા આયોજીત એક દિવસીય માઉન્ટ પ્રવાસને સફળ અને યાદગાર બનાવવા માટે પ્રવાસમાં જોડાયેલા તમામ વાલીમિત્રો, શિક્ષકભાઈઓ, તેમજ પ્રવાસ દરમ્યાન સુંદર બસ, આ નાસ્તો ભોજન તથા જોવાલાયક દર્શનીય સ્થળો સુધી લાવવા લઈ જવાની સુંદર વ્યવસ્થા પૂરી પાડનાર આસ્થા ટ્રાવેલર્સ અને સંસ્કાર મંડળ પરીવારને વળી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ પ્રવાસને સફળ બનાવનાર દરેકનો આ સ્થળે આભાર વ્યક્ત કરવો રહ્યો.

અને અંતમાં,

અમે તો નીકળ્યા હતા એકલા.. પણ સારા સ્વભાવને લીધે લોકોનો સાથ મળતો ગયો અને મંજીલ સુધી પહોંચી ગયા, ખબરેય ન પડી.

પ્રવીણ એમ.-નાઈ રતનગઢ (તા.-કાંકરેજ)

મોટીવેશનલ સ્પીકર અને એમટીવી ટોપ મોડલ નીરજ ગાબા એ યુવા ફોલોઅર્સને માર્ગદર્શન આપ્યુ

જાણીતા મોટીવેશનલ સ્પીકર અને એમટીવી ના ટોપ મોડલ નીરજ ગાબા એ અમદાવાદની મુલાકાત લીધી હતી . તેઓ પોતાના ફોલોઅર્સને રુબરુ મળવા આવ્યા હતા. ગુજરાત ભરમાંથી તેમના ફોલોઅર્સ પોતાના મોટીવેશન સ્પીકર્સને મળવા આવ્યા હતા. નીરજે બધા ફોલોઅર્સને સાંભળી તેમને યોગ્ય માર્ગદર્શન આપ્યુ હતુ. યુવાઓ એ પોતાના કરીયર , શોખ, મોડલીંગ વગેરે પ્રશ્નો વિશે મુકતપણે નીરજ ગાબાને જણાવ્યુ હતુ. તેમણે બધાને ધ્યાનથી સાંભળી યોગ્ય સલાહ પણ આપી હતી. તેમને જણાવ્યુ હતુ કે પોતાને ઓળખવુ ખુબ જરુરી છે. અને પોતાની જાત થી ખોટુ બોલવુ જોઈએ નહી. તો જીવનની યોગ્ય દિશા મળી રહે છે. તેમણે જણાવ્યુ કે ખુશ હોવુ તે દેખવાડવા ઈન્સ્ટાગ્રામથી માંડીને બધા સોશિયલ મીડીયા પર ફોટો અપલોડ કરવાનો કેઝ છે પરંતુ હમેશા ખુશ હોય તેવુ બનતુ નથી લોકો પોતાની પરેશાની છુપાવવાનો પ્રયત્ન કરે છે. તેના બદલે રિયલ લાઈફ જીવવી જરુરી છે.

મેજિકબ્રિક્સના કન્ઝ્યુમર સર્ચ ટ્રેન્ડ્સ અનુસાર ગ્રાહકો હવે ૨ અને ૩ બીએચકે કેટેગરીમાં મોટા આકારના ઘરો પસંદ કરી રહ્યા છે

હાલમાં જે પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા કારપેટ એરિયા સંશોધિક કરવાના સરકારના નિર્ણયની અસર મેજિકબ્રિક્સ કન્ઝ્યૂમર સર્ચ ટ્રેન્ડ્સમાં માત્ર દેખાઈ દે છે. અધ્યયનો અનુસાર છેલ્લા ૧૨ મહિનામાં ગ્રાહકોને ૧૨૫૦-૨૦૦૦ વર્ગફૂટના મોટા આકારમાં ૨ અને ૩ બીએચકે એપાર્ટમેન્ટમને પ્રાથમિકતા આપે છે.

મેજિકબ્રિક્સ કન્ઝ્યૂમર સર્ચ ટ્રેન્ડ્સ અનુસાર ૨ બીએચકેની વાત કરીએ તો ૧૨૫૦-૧૫૦૦ વર્ગફૂટ, ૧૫૦૦-૧૭૫૦ વર્ગફૂટ કેટેગરીમાં તથા ૩ બીએચકેની બાબતમાં ૧૨૫૦-૧૭૫૦ વર્ગફૂટ અને ૧૭૫૦-૨૦૦૦ વર્ગફૂટ કેટેગરીમાં ગ્રાહકોની માંગ વધી રહી છે.

મેજિકબ્રિક્સના સીઈઓ શ્રી સુધીર પાઠેએ કહ્યું કે, આપણા વિશ્લેષણશી સાફ છે કે ૧૨૫૦-૨૦૦૦ વર્ગફૂટ રેન્જમાં મોટા ઘરોની માંગ ઝડપભરી વધી છે.

અકોર્ડેબલ હોમ સેગમેન્ટ્સ જ્યાં માંગ પુરવઠાથી વધુ બનેલી છે. એવામાં સરકાર દ્વારા વ્યાજમાં છૂટની સાથે કારપેટ એરિયા વધારવાનો નિર્ણય નિશ્ચિત રીતે ડેલવપર્સ અને ખરીદનારોને આ સેગમેન્ટની તરફ આકર્ષિત કરશે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ડેવલપર્સ માટે પણ કરમાં છૂટ અને અન્ય ફાયદાઓની ઘોષણા કરવામાં આવી છે, જેથી ગ્રાહકોની વધતી જરૂરિયાતોને પૂરી કરી શકાય.

સોમવતી અમાવસ્યા

અમાવસ્યા વદાપાર્થ સોમવારાન્વિતામવેત
તદા પૂજ્ય તમ : કાલ્વે દેવાનામપિ દુર્લભ

અર્થાત :- વિક્રમ સંવતના જે મહીનાની જે અમાસ સોમવારે આવતી હોય તેને 'સોમવતી અમાસ' કહે છે. તે દિવસનો પુણ્યફળ માલવો એ દેવો માટે પણ દુર્લભ ગણાય છે. સોમવતી અમાવસ્યાનું આગવું મહત્વ છે. આ દિવસે જળાશયોમાં સ્નાન કરવાનો મહિમા છે.

સોમવતી અમાસએ ભાવનાત્મક એકતાનું પર્વ છે. એકતા અને અખંડીતતાનું પ્રતીક છે. આ પરમ પવિત્ર દિવસે વિભિન્ન સ્થાનો - જળાશયો પર પર્વસ્નાન કરવું અતીહિતકારી અને પુણ્યકારી ગણાય છે. આ પવિત્ર સોમવતી અમાસનું મહત્વ સતયુગથી છે. વિક્રમ સંવત - ૨૦૭૪ અઢારમી ડિસેમ્બર - ૨૦૧૭ ને માગશર વદ અમાવસ્યાને સોમવાર એટલે સોમવતી અમાવસ્યા. શ્રાવણ માસનો અંતિમ દિવસ - દર્શ પીઠોરી કુશગ્રહણી અમાસ. શિવાલયોમાં યજ્ઞ - હોમ હવન દાન દક્ષિણને વ્રતધારી આ વ્રત - ઉપાસનાની શિવને પ્રાર્થના કરી પૂર્ણ કરશે. સોમવતી અમાસનું મહાત્મય દર્શાવતી એક દંતકથા આપણે જોઈશું.

પ્રાચીનકાળમાં દેવો અને દાનવો વચ્ચે યુધ્ધ થયું. યુધ્ધમાં દેવોની હાર થવા લાગી અને દાનવોની વિજય પતાકા લહેરાવવા લાગી. ઈન્દ્રનું ઈન્દ્રાસન ડોલવા લાગ્યું દેવો ચિંતાતુર હતા. તેમણે વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરી વિષ્ણુ ભગવાને દધિચી ઋષિના પીઠના હાડકાનું શસ્ત્ર બનાવી તેનો યુધ્ધમાં ઉપયોગ કરવાનું કહ્યું.

ઈન્દ્ર બ્રાહ્મણનો વેશ ધારણ કરી દધિચી ઋષિ પાસે ગયા. દાનમાં પીઠના હાડકાની માગણી કરી. ઋષિએ તથાસ્તુ કહ્યું પણ એક શરત મુકી કે તેઓ અસ્થિદાન આપશે પણ તે પહેલા દેશના સર્વતિર્થોમાં સ્નાન કર્યા બાદ જ. એટલે દેવાધિદેવ ઈન્દ્રે ઋષિને સમિક્ષિત સરોવરમાં સોમવતી અમાસના દિવસે સ્નાન કરવાથી તેમની દરેક ઈચ્છા પરિપૂર્ણ થશે અને જે જે તીર્થસ્થાનો, દેવ - દેવીઓનું સ્મરણ કરશે તે સ્વયં પ્રગટ થશે તેમ કહ્યું.

કહેવાય છે કે , દધિચી ઋષિએ સોમવતી અમાસે સમિક્ષિસત સરોવરમાં તે રીતે સ્નાન કર્યું અને જે જે તીર્થો, દેવ - દેવીઓનું સ્મરણ કર્યું તે ત્યાં પ્રગટ થયા. આમ ઋષિની મનોકામના પરિપૂર્ણ થતાં ઋષિવર્યે પોતાનું જીવન સમર્પિત કર્યું તેમના પીઠના હાડકામાંથી શસ્ત્ર તૈયાર થયું અને તેનો ઉપયોગ યુધ્ધમાં દેવોએ કરતાં દેવતાઓએ દાનવો પર વિજય પ્રાપ્ત કર્યો.

કહેવાય છે કે, જે દિવસે સોમવાર અને અમાસનો યોગ થયો હોય ત્યારે જળમાં ગંગા, પુષ્કરતીર્થ અને કપિલધારાનો ત્રિવેણી સંગમ થાય છે. આ પરમ પવિત્ર દિવસે પૃથ્વી, આકાશ અને સ્વર્ગના સર્વતીર્થસ્થાનો જળાશયમાં આવીને વસે છે, તેથી જ આ દિવસે વ્રતધારી અથવા કોઈપણ વ્યક્તિએ કરેલ તીર્થ સ્નાન, દાન, દક્ષિણા, યજ્ઞ, હોમ - હવન, ધ્યાન પૂજા વગેરે અક્ષય બને છે. મધ્યાહન સમયે સૂર્યાસ્ત પછી જ્યારે ચાર અને તિથીનો સુભગ યોગ થતો હોય તે સમયને પુણ્યકાળ કહે છે. આવા પુણ્યકાળ દરમ્યાન પ્રારંભ કરેલ દરેક કાર્યો માંગલીક બની પરિપૂર્ણ બને છે.

આવા સોમવારના શુભ દિવસે પીપળાના વૃક્ષનું અર્ચન - પૂજન કરવાથી પાપો નાશ પામે છે. જન્મ - જન્માંતર સુધી સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. પુત્ર - પૌત્રાદીની અભિવૃધ્ધિ થઈ વંશવેલો જળવાઈ રહે છે.

વિક્રમ સંવત - ૨૦૭૪ માગસર વદ - અમાવસ્યાને સોમવાર આ પવિત્ર દિવસે પીપળાના વૃક્ષને જળ રેડી સુતરના તાંતણા વીંટવા અને વીષ્ણુ ભગવાનની પ્રાર્થના - સ્તુતિ કરવી.. આરતી - પૂજા કરી પીપળાના વૃક્ષની પ્રદક્ષિણા કરવી. પ્રદક્ષિણા કરતી વખતે 'ઓમાર્ય નમ : ' અને 'સોમાય નમ :' મંત્રનો જાપ કરવાથી વાંછિત ફળ પ્રાપ્ત થાય છે.આમ અમાસના દિવસે પીપળાના વૃક્ષની ૧૦૮

વાર પ્રદક્ષિણા એકલા અથવા ફળ સાથે ઉપરોક્ત મંત્રથી કરવામાં આવે તો વિષ્ણુ ભગવાનની કૃપા દષ્ટિ થાય છે ને તે સર્વ મનોકામના પરિપૂર્ણ કરે છે. સોમવતી અમાસ શ્રાવણમાસમાં થણા વર્ષો બાદ આવતા તેનું મહત્વ થણું હોવાનું મનાય છે હવે વર્ષો બાદ શ્રાવણમાસમાં સોમવતી અમાવાસ્યા આવશે. આજના દિવસે કરેલ તમામ તપ - વ્રત દાન - પૂણ્યનું યોગ્ય ફળ પ્રાપ્ત થાય છે. તેવું શાસ્ત્રોમાં કહ્યું છે.

ગુજરાત અને હિમાચલ વિધાનસભા ૨૦૧૭ ની ચુંટણીનું પરિણામ આજે જાહેર થશે ત્યારે આપણે સોમેશ્વરને પ્રાર્થના કરીએ કે, ભારતની જનતાને લોકશાહીના સાચા ફળ ચાખવા મળે તેવા મજબુત વિરોધપક્ષ સાથેની શાસન વ્યવસ્થાવાળી સરકાર મળે.

યશપાલસિંહ ટી.વાઘેલા - થરા

મોબાઈલ ફોનનો યુગ આવ્યો છે ત્યારે ત્રણ વાત શીખવી જ રહી..

સંબધના બંધને અકબંધ રાખવામાં મોબાઈલની શીખ યાદ રાખવા જેવી છે..

તમારા પરમમિત્ર મનોજના ઘરે તમે પહોંચ્યો ત્યારે તે કોઈ કંકોતરી વાચતો હતો. મને જોઈને અવકાર્યો.. અને કહ્યું 'આ મારા કઝીન ભાઈની દીકરીના લગ્ન છે.. તેની કંકોતરી છે. અમારે બધાને જવું પડશે. એક કામ કર તું પણ ચાલ.. તારે માટે એ શહેર સાવ નવું છે. જોવાઈ જશે.. અને અમને બધાને મઝા પણ આવશે.. તારા વિચારો વાર્તા જોક્સ સાંભળવાની 'વિચારીને કહીશ..' કહી મેં ચાલતી પકડી પણ... મનોજનો મોબાઈલ બે ત્રણ વાર આવી ગયો. અને મેં હા પાડી. અને વડોદરાથી ૩૮૦ કિલોમીટર દુર આવેલા એક શહેર જવા ટ્રેન પકડી અમે.

જો કે ટ્રેન તેના સમય કરતા બે કલાક મોડી હતી જે. ગંતવ્ય સ્થાને પહોંચતા અઢી કલાક સુધી મોડી થવાની હતી.

રસ્તામાં મનોજના સંબંધીના મોબાઈલ ફોન પર કેટલા વાગ્યે પહોંચશો ?ના મેસેજ આવી ગયા.

રાત્રે મોડુ થવાનું હતું તેથી રસ્તામાં બધા જમ્યા. ગંતવ્ય શહેરમાં તેના સગા લેવા આવવાના હતા. તેણે ઘડીમાં રેલવે સ્ટેશને આવું હું, ઘડીમાં તેના ઘરે પહોંચ્યો તેવા ફોન કરી રાખ્યો આખરે રિક્ષા કરી તેના ઘરે પહોચ્યાં આવકાર મોરો હતો તેથી મનોજ મને જોઈ મુંઝાયો. કારણ તેના સગા ખાલી ઘરમાં મુકી પાંચ મિનિટ રોકાયા ન રોકાયા ને લગ્ન સ્થળે જતાં રહ્યાં. મેં નોજની વેદના સમજી લીધી.

સવારે લગ્ન સ્થળે મંડપ મુહુર્ત માટે પહોચ્યા. જે ભાઈની દીકરીના લગ્ન હતા તેને મળ્યા ઉષ્મા ભર્યો આવકાર મળ્યો. દિવસ આખો આનંદમાં વીત્યો. રાતે ઉતારે પેલા સગાના ઘરે પહોચ્યાં તો ઘરના મેઈન દરવાજે તાળું. જે ભાઈએ ઘર આપ્યું હતું તેણે કોમન દરવાજાની એન્ડ્રસ ની કોમન યાવી ન હતી. અને મનોજને તે અંગે વાત પણ કરી ન હતી.

પણ નસીબ સારા કે કોઈ પાડોશી જાગતુ હતું અને દરવાજો ખોલી ગયું મનોજનો ચહેરો જોવા જેવો હતો.

સવારે લગ્નનો દિવસ હતો એ દિવસે લગ્ન સ્થળે પહોંચતા પહેલા જ મનોજે પાડોશી સાથે મસલત કરી રાતે દરવાજો ખુલ્લો રાખવા જણાવી દેતા પાડોશીએ હરખભેર હા પાડી અને કાંઈ જોઈતું હોય તો જણાવવા કહ્યું.. અને માણસાઈની સુવાસ પ્રસરી ગઈ. લગ્ન સ્થળે જવા નીકળતી વખતે હોટેલમાં ચા પીવા ગયા ત્યારે સરસ ભજન સાંભળવા મળ્યું.'એજી તારે આંગણિયે કોઈ આવે. તો તમે આવકારો મીઠો આપજે..'

બસ પછી લગ્ન ધામધૂમ થયા અને ક્યા વિદાય બાદ અમે પણ વડોદરા આવવા નીકળ્યા ત્યારે ફરા ઉદાસ હતો તેથી મેં એને મોબાઈલ ફોન પાસેથી શીખ લેવા જણાવ્યું કે મોબાઈલ ફોન પાસેથી ત્રણ વાત યાદ રાખ (૧) જે સારું લાગે તેને સેવ(સંગ્રહી) રાખો (૨) જેનાથી બીજા ખુશ થાય તેને શેરવર્

સંજીવની

દર્દ, દવા અને ડૉક્ટરના ક્ષેત્રનો વિપુલ વાંચન આપે છે...

આપની તંદુરસ્તીની માર્ગદર્શન....

ભૂખ ન લાગવામાં મનોવૈજ્ઞાનિક કારણો પણ હોઈ શકે

તમારા સ્વસ્થ રહેવા માટે સમયસર જમવું ખૂબ જરૂરી છે. આજકાલની સૌથી મોટી સમસ્યા છે તે ભૂખ ના લાગવી જેના કારણે મોટાભાગના લોકો પરેશાન છે. ભૂખ ના લાગવી, ખાસ કરીને અસ્થાયી અને પ્રતિવર્તી હોય છે. આ મોટાભાગે ચિંતા, તણાવ અને અવસાદ જેવા મનોવૈજ્ઞાનિક કારણોની સાથે જોડાયેલા છે. તેના ઉપરાંત ઘણી મેડિકલ સમસ્યાઓ જેમકે બેક્ટેરિયલ સંક્રમણ, હાઈપોથાયરાયડિજ્મ, લીવરની સમસ્યાઓ, હેપેટાઈટિસ, કિડની અને હાર્ટ ફેલ્યોર, ડિમેંશિયા વેગેરે પણ ભૂખ ના લાગવાના કારણ હોય છે. ઘણી દવાઓ પણ આ સમસ્યા માટે યોગદાન આપી શકે છે. ભૂખ ઓછી લાગવાના કારણે શરીરને પર્યાપ્ત અને જરૂરી ખોરાક મળી શકતો નથી, જેના કારણે બીજા રોગ થવાની આશંકા પણ વધી જાય છે.જો તમને પણ આવી સમસ્યા હોય તો તમારે ચિંતા કરવાની જરૂર નથી.

અનુસંધાન પાના નં.૬ ઉપર

રસપ્રદ કિસ્સાઓ

હોમીયોપેથીક એક સરળઉપાર — **ડૉ. જગદીશ ચોલકીયા**

જીજ્ઞાસુ મિત્રો,

લગ્ન કર્યા બાદ દરેક દંપત્તિને ઈચ્છા હોય છે કે તેમને 'સંતાન પ્રાપ્તિ' યોગ્ય સમયે થાય, સંતાનસુખ પામવાની મહેચ્છા હોય છે. સામાન્ય રીતે લગભગ આ ઈચ્છા ઈશ્વર પૂર્ણ કરે છે પણ અમુક દંપત્તિઓને અમુક કારણોને લીધે સંતાન પ્રાપ્તી મેળવવા વિલંબ થતો હોય છે. જેમાં શારીરીક કારણો કે મેડીકલ કારણો વિશેષ હોય છે પણ ઘણીવાર બંનેના મેડીકલ રીપોર્ટ નોર્મલ હોય તો પણ 'સંતાન પ્રાપ્તિ' મેળવવા વિલંબ થતો હોય છે. જેમાં શારીરિક કારણો કે મેડીકલ કારણો વિશેષ હોય છે પણ ઘણીવાર બંનેના મેડીકલ રીપોર્ટ નોર્મલ હોય તો પણ સંતાન પ્રાપ્તિ માટે વિલંબ થતો હોય છે. આજે આપણે પાલનપુરના નજીકના ગામના દંપતિનો કિસ્સો જાણીશું.

રસપ્રદ કિસ્સાઓ :

૧. પાલનપુરના નજીકના એક દંપતિને લગ્ન કર્યા બાદ પાંચ વર્ષસુધી સંતાન પ્રાપ્તિ થયેલ નહીં. પાંચ વર્ષમાં અનેક વિશેષજ્ઞોની દવા લેવા છતાં સફળતા મળી નહીં.

અમારા ક્લીનીકમાં આવતાં અમે હીસ્ટ્રી લેતાં ભાઈની ઉંમર સત્યાવીશ વર્ષ છે અને પત્નીની ઉંમર પચ્ચીસ વર્ષ છે. ભાઈ જ્યારે અઢાર વર્ષના હતા ત્યારે તેમને ફેફસાનો ટીબી થયેલ. જે બે વર્ષમાં યોગ્ય ઉપચાર કરવાથી મટી ગયેલ. લગ્ન બાદ ભાઈ એ વાત છુપાવી રાખેલી. સંતાન પ્રાપ્તિ માટે જે જે વિશેષજ્ઞોને બતાવેલ તેમને જાણ કરી નહોતી.

હોમિયોપેથી એ લક્ષણશાસ્ત્ર છે. જેમાં પગથી માથા સુધી દરેક લક્ષણોનો તલસ્પર્શી અભ્યાસ કરવામાં આવે છે.

'સંતાન પ્રાપ્તિ' ન થવી કે સ્ટરીલીટી' માટે ઘણાં કારણો હોય છે.

૧. પ્રથમ તો પુરૂષોમાં શુક્રાણુઓ ઓછા હોય, અથવા જેને ઓલીગોસ્પર્મીયા કહેવામાં આવે છે અથવા સંપૂર્ણ ન હોય (જેને એઝુસ્પર્મીયા) કહેવામાં આવે છે.

૨. પુરૂષને ગુપ્ત રોગો જેવા કે સીફીલીસ કે ગનોરીયા થયેલ હોય ત્યારે કાં તો સંતાન પ્રાપ્તિ નથી થતું અથવા રોગીષ્ટ બાળક જન્મે છે.

૩. પુરૂષને ટીબી થયેલ હોય તો પણ સંતાન પ્રાપ્તિ થવામાં કાં વિલંબ થાય અથવા ન થાય.

૪. બહેનોને અંડાશય (ઓવરી)માં તકલીફ હોય, ગર્ભાશય (યુટેરસ) ની તકલીફ હોય, માસિકની તકલીફ હોય બ્હેનોને પણ ગુપ્તરોગ હોય, બ્હેનોને એનીમીયા (પાંડુ રોગ) હોય ઓવરીમાંથી અંડ છુટા પડતા ન હોય, બહેનોને પણ ટીબી હોય તો પણ સંતાન પ્રાપ્તિ કરવામાં મુશ્કેલી પડે છે.

અમે ભાઈની હીસ્ટ્રી લીધી એટલે જાણવામાં આવેલ કે બે વર્ષ સુધી ટીબી રહેલ જે સારવારથી આરામ થયેલ. અમે આ મુદ્દાને ધ્યાનમાં લઈ લક્ષણ પ્રમાણે ભાઈની સારવાર કરી. ત્યારબાદ બે મહીના બાદ બંનેની સારવાર કરી અમારી સારવારને આજે ૮ મહીનાનો ગાળો વીત્યા બાદ બહેનને ગર્ભ રહેલ તથા લેબોરેટરીમાં પણ નક્કી થયું. આજે બેનના શરીરમાં સાત મહિનાનો ગર્ભ છે. આમ હોમિયોપેથીક દવાથી સારૂં ફળ મળવાથી દર્દીને તેમજ અમને સંતોષ થયેલ છે. પાંચ વર્ષથી સંતાન પ્રાપ્તિની ઝંખના કરતા દર્દીને પરિણામ આપી શકયા તેનું ગૌરવ છે.

રસપ્રદ કિસ્સો : ૨

રાજકોટના એક દંપતિને અગીયાર વર્ષથી સંતાન સુખ નહોતું. અનેક વિશેષજ્ઞોને બતાવતાં પુરૂષના શુક્રાણુઓ ઓછા હતા. જેને ઓલીગોસ્પર્મીયા કહેવામાં આવે છે. અગિયાર વર્ષમાં અલગ અલગ વિશેષજ્ઞોની સારવાર કરાવવા **અનુસંધાન પાના નં.૬ ઉપર**

ઠંડીમાં લીલા શાકભાજી અને ફળફળાદીના ફાયદા

આરોગ્ય સંહીતા

ઠંડીની શરૂઆત થતાં જ બજારમાં તમામ પ્રકારના લીલા શાકભાજી, ફળફળાદી મળવા લાગે છે. આ ઋતુમાં પાચનક્રિયા ઝડપથી થતી હોવાથી ભુખ પણ વધારે લાગે છે. શિયાળામાં મળતાં ફળમાંથી સૌથી વધારે લાભકારક હોય છે જામફળ. જામફળ ખાવામાં સ્વાદિષ્ટ હોવાની સાથે સ્વાસ્થ્ય અને સૌંદર્ય માટે પણ ફાયદાકારક સાબિત થાય છે. આ ફાયદા વિશે જાણીને તમે પણ આજથી જ શરૂ કરી દેશો જામફળ ખાવાની.

વજન ઘટાડે છે :જામફળ વજન ઘટાડવામાં મદદરૂપ થાય છે. તેમાં કેલેરીનું પ્રમાણ ઓછું હોય છે. પરંતુ તેને ખાવામાં ભારે હોય છે જેથી વારંવાર ભુખ લાગતી નથી. એક જામફળ પણ તમારું પેટ ભરી દે છે.

ડાયાબિટીસ :જામફળમાં ફાયબર ભરપૂર માત્રામાં હોય છે જે ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક હોય છે. જામફળ ખાવાથી શરીરમાં શુગરની માત્રા પણ નિયંત્રણમાં રહે છે.

કબજિયાત :જામફળમાં નાના-નાના બી હોય છે. તેનાથી પેટની સમસ્યાઓ દૂર થાય છે. આ બી પેટમાં જઈ આંતરડાની સફાઈ કરે છે જેની કબજિયાતની સમસ્યા દૂર થઈ જાય છે.

દાંતના દુખાવામાં રાહત :જામફળમાં રહેલા કેટલાક તત્વો દાંતના ઈન્ફેકશનને દૂર કરવામાં મદદરૂપ હોય છે. જામફળના પાંદડાનો રસ કાઢી અને દાંત સાફ કરવાથી દાંત અને પેઢાની સારી રીતે સફાઈ થાય છે અને સડો પણ દૂર થઈ જાય છે.

મગજ માટે ફાયદાકારક જામફળમાં રહેલા વિટામીન મગજને રીલેક્ષ કરે છે અને મેમરી પાવર વધારે છે. તેને ખાવાથી રક્ત પરીભ્રમણ પણ સારી રીતે થાય છે.

કર્ણ પૂય - કાનમાં રસી આવવી

આયુર્વેદનું અમૃત — **વૈદ્ય મહેશ અખાણી**

આયુર્વેદ ના આચાર્ય જયારે એમ કહે કે," ચક્ષુષો વિશેષાત શ્લેષ્મતો ભયમ્" એટલેકે આંખ ને વિશેસ કરીને કફ નો ભય હોયછે. આ સૂત્ર વૈદ્ય વાંચી ને વિચાર કરેછે કે અહીં આંખ ની સાથે કાન, નાક, ગળું, દાંત, પેઢા, જીભ અને તમામ માનસિક રોગો થવામાં મુખ્ય કારણ કફ નો સૌ પ્રથમ વિચાર કરવો જોઈએ.

આંખ માં તેજ મહાભૂત છે તો કાન માં આકાશ મહાભૂત નું સ્થાન છે. પૃથ્વી ને જળ પકડી શકાય, તેજ ને જોઈ શકાય, વાયુ નો અનુભવ કરી શકાય જયારે આકાશ નો અનુભવ પણ કરી શકતા નથી તો પછી કાન ના રોગો ને સમજવા, સારવાર કરવી ને મૂળ થી મટાડવા તે આકાશ ને સ્પર્શ કરવા જેટલું અઘરું છે ને તેથી જ કાન ના રોગો નથી તો ઓપરેશન થી સંપૂર્ણ મટતા કે નથી બહેરાશ કે નથી કાન માં અવાજ આવવો જેવા રોગો ની થતી મૂલગામી સારવાર.

પરંતુ જયારે શરદી થાય કે અપાન વાયુ અવળો થવાથી કાન, નાક, આંખ ની કુદરતી ચિકાશ બહાર ના કચરા સાથે કે કફ સાથે બહાર નીકળે છે તેને સાદી ભાષા માં કાન, નાક કે આંખ ની શરદી કહીએ તોય ખોટું નથી. એટલેકે કાન માં થી રસી આવે, ખંજવાળ આવે, નાક બંધ થાય, છીંકો આવે, નાક માં સોજો આવે, નાક નો પડદો વાંકો થાય, આંખ માં ખજવાળ, પાણી, સાજો થઈ આવે.... આ બધાજ એકબીજા સાથે જોડાયેલા રોગો છે જાણે ચાર બાજુ ચાર ઓરડા અને મધ્ય માં સૌની સહિયારી ઓસરી.

● કાન ની રસી... .આ રસી- પૂય એ વાયુ, પિત્ત, કફ , ત્રણેય દોષ અને રક્તદોષ થી થાય છે. આ કર્ણ પૂય ઝડપ થી નહિ મટાડવા થી કાન ના અંદર ના અને પાસે ના હાડકા માં સોજો, સડો ને બહેરાસ થાય છે. કાન ના પડદા માં કાણું તો તરતજ થઈ જાયછે.તેથી તત્કાળ આયુર્વેદ સારવાર થી મૂળ થી, ઝડપથી મટે છે અન્યથા ઓપરેશન પછી પણ કાયમી દર્દ દૂર થતું નથી. ઝડપથીને મૂળ માંથી દર્દ નહિ મટાડવાથી આંખ ને અને માનસિક શક્તિ ને ખૂબજ નુકશાન થવા સંભવ છે.

● ઠંડુ પાણી, ઠંડા પીણા, દહીં, ભેંસ નું દૂધ, અડદ, મીઠાઈ, ડુંગળી, કેળાં નું સેવન કરવું નહિ અને કાનમાં પવન, પાણી પ્રવેશ કરે નહિ તે કાળજી લેવી, કાન માં ચોવીસે કલાક રૂ રાખવું. મૌન રાખવું ને બ્રહ્મચર્ય નું પાલન કરવું તે કાન ના તમામ રોગો ની પ્રાથમિક પરહેજ છે.

● નિષ્ણાત વૈદ્ય ના માર્ગદર્શન થી હરડે, સુંઠ, ત્રિફલા ચૂર્ણ, ત્રિફલા ગુગલ, કાંચનાર ગુગલ, કિશોર ગુગલ, ત્રિકટુ, શૃંગ ભસ્મ, સાટોડી, સારિવા, ગળો, અરડુશી,

તુલસી, રસાયણ કર્મ કરનાર સુવર્ણ ભસ્મ માં થી તૈયાર થતી ઔષધિઓ અને ચ્યવનપ્રાશ જેવા ઔષધો નું પંચકર્મ પદ્ધતિ સિર નિયમિત સેવન કરવાથી અને જરૂર જણાય તો પંચકર્મ પદ્ધતિ થી વમન, વિરેચન કરવાથી પ્રાયઃ રોગ મટી જાયછે.

● આયુર્વેદ અને શ્રીમદ્ ભગવત ગીતા નો એક શ્લોક કાન, નાક, ગળું, આંખ ને માથા ની તંદુરસ્તી માટે નો સામાન્ય લાગેછે...

ઉર્ધ્વ મૂલં અધ શાખ્યં અશ્વં પ્રાહુરવ્યં .. અ.૧૬

વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.

કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર) મો.૯૪૨૬૩૯૯૧૨૫

સજગતાથી ઉલેચો મનને કરો ખાલી તો ઉતરશે પરમાત્માને પરમાનંદ...!

માનસ — **ડૉ. પ્રવીણ પટેલ**

ગર્વાંકથી ચાલુ

એક વાર એક રાજાએ પોતાના રાજકુમારને ભણાવવા માટે એક ગુરૂને પસંદ કર્યા. રાજાએ તેને ધાર્મિક શિક્ષણ આપવા માટે વિનંતી કરી. મહાત્માએ રાજાને કહ્યું, રાજન્ ! ધર્મ જાણવો સહેલો નથી એ માટે પ્રથમ શરીર અને મનને કેળવવાં જોઈએ. મન અને શરીર તેના માટે લાયક બને પછી જ તમે સાચું ધાર્મિક જીવન જીવી શકો છો. રાજકુમારને હું ધાર્મિક શિક્ષણ આપવા સંમત છું પરંતુ એક શરત છે અને તે એ છે કે, તેનાં તન મન ઘડતી વખતે તેને હું ઉગ્ર તાલીમ આપીશ અને તે દરમ્યાન તે કાયો નીકળશે તો તેનાં પ્રાણ જવાની પણ સંભાવના રહેશે.

મહાત્માની વાત સાંભળી રાજા વિચારમાં પડી ગયો. તે પોતાના એકના એક પુત્રને આ રીતે જાનના જોખમમાં નાખવા માગતો ન હતો પરંતુ રાજકુમાર શાણો હતો. તેણે ધર્મનું રહસ્ય જાણવા માટે જીવને જોખમમાં મુકવા તૈયારી બતાવી. રાજાએ અંતે સંમતિ આપી. રાજકુમારને મહાત્મા પાસે આશ્રમમાં છોડી ગયો.

બીજા દિવસે મહાત્માએ રાજકુમારને અભય પદ ધારણ કરવાની દીક્ષા આપી અને ત્યારબાદ પોતાની વિદ્યા આપવાની શરૂઆત કરી. પહેલા દિવસે ગુરૂએ રાજકુમારને લાકડાની તલવાર બતાવી અને કહ્યું કે, 'રાજકુમાર ! તમારે અહીં બીજું કંઈ નથી કરવાનું.. માત્ર આશ્રમમાં ચાલતી અન્ય પ્રવૃત્તિઓ કરવાની છે પરંતુ એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે આ મારી લાકડાની તલવાર વડે, કોઈપણ સમયે તમે કોઈપણ કામ કરતા હશો હું તમારા ઉપર ઘા કરીશ.' પછી ગુરુએ રાજકુમારને એક ઢાલ આપતાં કહ્યું : તમારે કોઈપણ કામ કરવા દરમ્યાન ખુબ જ સજાગ રહેવાનું છે. કેમ કે આ તલવાર તમારા ઉપર ગમે તે સમયે ત્રાટકી શકે છે અને તેનાથી બચવા તમારે આ ઢાલનો ઉપયોગ કરવાનો છે..' રાજકુમાર સંમત થઈ ગયો.

હવે તે આશ્રમમાં કામ કરવા લાગ્યો. ગુરૂ જેવા અચાનક તલવાર લઈને તેના ઉપર વાર કરવા જતા તો **અનુસંધાન પાના નં.૬ ઉપર**

આધુનિક યુગની બીમારી ડ્રાઈ આઈ સિન્ડ્રોમ

સાઈકોથેરાપીસ્ટ

કોમ્પ્યુટર પર કામ કરતી વખતે સ્ક્રીનને સતત જોયા કરો અને આંખના પલકારા મારવાનું ભૂલી જાવ તો આ બીમારી થઈ શકે છે. આ ઉપરાંત એર-કન્ડિશનનું સૂકું વાતાવરણ અને કોન્ટેક્ટ લેન્સનો સતત ઉપયોગ પણ ડ્રાય આઈ સિન્ડ્રોમ માટે જવાબદાર છે

આધુનિક યુગની બીમારી એટલે ડ્રાય આઈ સિન્ડ્રોમ. કોમ્પ્યુટર પર કામ કરતી વખતે સ્ક્રીનને સતત જોયા કરો અને આંખના પલકારા મારવાનું ભૂલી જાવ તો આ બીમારી થઈ શકે છે. આ ઉપરાંત એર-કન્ડિશનનું સૂકું વાતાવરણ અને કોન્ટેક્ટ લેન્સનો સતત ઉપયોગ પણ ડ્રાય આઈ સિન્ડ્રોમ માટે જવાબદાર છે. ડ્રાય આઈ સિન્ડ્રોમ ફક્ત સ્માર્ટ ફોન જ નહીં; પણ ટીવી, કમ્પ્યુટર કે કોઈ પણ ગેજેટ્સની સ્ક્રીનને સતત જોયા રાખવાથી થાય ત્યારે આ રોગને કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમના નવા નામથી પણ બોલાવવામાં આવે છે. આંખમાં સતત ખંજવાળ આવે, આંખ લાલ થઈ જાય, ખૂબ ઈરિટેશન થાય. ક્યારેક એવું પણ લાગે કે આંખમાં કંઈક ક્યરો પડયો છે જે આંખમાં ખટકે છે. ડ્રાય આઈને કારણે આંખને કોઈ મોટું નુકસાન થતું નથી, પરંતુ સતત તમને એ હેરાન કર્યા કરે છે. એને કારણે વ્યક્તિના કામ પર અને તેના જીવન પર અસર થાય છે. અમુક પ્રકારના હોર્મોનલ બદલાવ, વધતી ઉંમર, અમુક રોગો અને શુષ્ક વાતાવરણ આ બીમારી થવાના મુખ્ય કારણો છે. આથી જો આંખમાંથી આંસુ સુકાઈ જાય તો વ્યક્તિને ડ્રાય આઈ સિન્ડ્રોમ થઈ જાય છે, જેને લીધે આંખ સાવ સૂકી થઈ જાય છે. આ બધાં કારણો તો એવાં છે જેનું નિયંત્રણ આપણા હાથમાં નથી, પરંતુ અમુક કારણો એવાં પણ છે જે આપણે જાતે ઊભાં કર્યા છે અને એને રોકવાં ખૂબ જ જરૂરી બન્યાં છે. આજની ભાગદોડ વાળી જીવનશૈલીમાં ડ્રાય આઈ પ્રોબ્લેમ્સ થવાનું પ્રમાણ વધી રહ્યું છે. સાથે સાથે નાની ઉમરમાં પણ આ તકલીફ જોવા મળે છે. સંશોધકોએ કરેલા રિસર્ચ અનુસાર સ્કૂલમાં ભણતાં અને સ્માર્ટ ફોનનો ઉપયોગ કરતાં બાળકોમાં ડ્રાય આઈનો પ્રોબ્લેમ જોવા મળે છે. આટલી નાની ઉમરમાં ડ્રાય આઈનો પ્રોબ્લેમ થવા પાછળનું મુખ્ય કારણ સ્માર્ટ ફોનનો ઉપયોગ જ છે એવું આ રિસર્ચમાં જણાવવામાં આવ્યું હતું. ૨૮૮ સ્કૂલનાં બાળકોને આવરી લેતાં આ રિસર્ચમાં બધાં જ બાળકોની આઈ-ટેસ્ટ કરવામાં આવી અને ૨૮ બાળકોમાં ડ્રાય આઈનો પ્રોબ્લેમ જોવા મળ્યો. બાળકોની પૂછપરછ કરતાં ખબર પડી કે જે બાળકો સ્માર્ટ ફોન વાપરતાં હતાં તે બાળકોને જ ડ્રાય આઈનો પ્રોબ્લેમ હતો.

એક સમજવા જેવી વાત એ છે કે આંસુ આંખમાં રહેલાં હોય છે અને જ્યારે આપણે આંખ પટપટાવીએ એટલે કે પલકારા મારીએ ત્યારે એ ક્ષણિક વારમાં આંખને સાફ કરી નાખે છે અને એને ભીની રાખવાનું કામ કરે છે. માણસની આંખ એક મિનિટમાં એવરેજ ૩-૪ વાર પલકારા મારે છે. આ લોજિકની સાથે આ રિસર્ચ પ્રત્યે સહમત થતાં આંખના નિષ્ણાતો કહે છે કે જ્યારે આપણે કોઈ પણ સ્ક્રીનને જોઈએ છીએ અને એ રસની વસ્તુ હોય તો આપોઆપ આપણે આંખ પટપટાવવાનું ભૂલી જતા હોઈએ છીએ. આથી આંખ સાફ થતી નથી અને એ સૂકી થતી જાય છે. આ પ્રક્રિયા વારંવાર બનતી જાય છે ત્યારે વ્યક્તિને ડ્રાય આઈનો પ્રોબ્લેમ થઈ જાય છે. કોન્ટેક્ટ લેન્સ સતત પહેરવાથી પણ આ પ્રોબ્લેમ થાય છે. જ્યારે વ્યક્તિ કોન્ટેક્ટ લેન્સ પહેરે છે ત્યારે વ્યક્તિની આંખ સૂકી થાય છે, આંખ સૂકી હોય ત્યારે કોન્ટેક્ટ લેન્સ પહેરવાથી આંખ વધુ સૂકી થાય છે. સૂકા વાતાવરણમાં રહેવાથી જેમ ડ્રાય આઈનો પ્રોબ્લેમ થાય છે એમ નકલી સૂકા વાતાવરણ એટલે કે સતત એર-કન્ડિશન ટ્રૂમમાં રહેવાથી પણ આંખ સૂકી થાય છે. જ્યાં એર-કન્ડિશનર ચાલુ હોય ત્યાં વાતાવરણ સૂકું થઈ જાય છે. આવા ડ્રાય વાતાવરણમાં રહેવાથી આંખ સૂકી થવાનો ભય રહે છે.

શિયાળામાં જ નહીં પણ બારેમાસ ગરમ પાણી પીવું આરોગ્ય માટે ફાયદા કારક

મન બિલોરી કાચ

આપણાં શાસ્ત્રોમાં જે વાત ધર્મરૂપે કરવાની લખાઈ છે તે વૈજ્ઞાનિક અને આરોગ્યને ફાયદારૂપ જ છે. આનું વધુ એક ઉદાહરણ છે પાણી ગરમ કરીને પીવું. આજે પણ ધર્મને ચુસ્ત રીતે અનુસરતા લોકો પાણી ગરમ કરીને પીવે છે અને પોતાની તબિયત તરોતાજા રાખે છે. પશ્ચિમી વિજ્ઞાન હૂંફાળા પાણીના કેટલા ફાયદા ગણાવે છે તે તમે વાંચશો તો તમને પણ થશે કે આપણાં શાસ્ત્રો કેટલાં આધુનિક છે અને સમયસર્યી આગળ છે.ગરમ પાણી પીવાથી સૌ પ્રથમ તો નાક ચોખ્ખું થાય છે. ગરમ પાણીમાં વરાળ રહેલી હોય છે. આથી ગરમ પાણી પીવો ત્યારે થોડી વરાળ પણ નીકળે છે જે તમારા નાકમાં જાય છે અને આથી તમારું નાક જો બંધ હોય તો ખૂલે છે. તમને સાઈનસની તકલીફ હોય તો તેમાં પણ રાહત મળે છે. તમારી ડોકમાં પણ જો કોઈ ક્યરો ભરાયો હોય તો તે સાફ થાય છે. આથી અવાજ બેસી ગયો હોય તો અવાજ પણ ખુલે છે.

હૂંફાળું પાણી પીવાનો બીજો ફાયદો એ છે કે તેનાથી પાચનમાં મદદ મળે છે. પાચનની ક્રિયા સરળ બને છે. તે ઉજ્જષનું કામ કરે છે. પેટ, આંતરડા, પાચનનાં અવયવો ભીના થાય છે જેનાથી ક્યરો અથવા મળ દૂર થાય છે. આમ, જેને પાચનની તકલીફ હોય તેમણે હૂંફાળું પાણી પીવું જોઈએ.

ત્રીજો ફાયદો એ છે કે તેનાથી તમારા આંતરડાંને સંકોચાવામાં મદદ મળે છે. જ્યારે તેમ થાય છે ત્યારે તમારા આંતરડાંમાં ફસાયેલો જૂનો મળ તમારા શરીરમાંથી બહાર નીકળે છે. ગરમ પાણી નિયમિત પીવાથી તમે તંદુરસ્ત રહો છો કારણકે કબજિયાત ન રહે અને શરીરમાંથી મળ બહાર નીકળી જાય તો વ્યક્તિ તંદુરસ્ત જ રહે. પરંતુ જો તમે નિયમિત ગરમ પાણી પીવા ન માગતા હો તો જ્યારે કબજિયાત થાય ત્યારે તે પીને કબજિયાત દૂર કરી શકો છો.

આ નુસખાનો ચોથો ફાયદો છે તે કેન્દ્રીય ચેતા પ્રણાલિને શાંત પાડે છે અને શરીરને ઉજ્જવાનું કામ કરે છે. જ્યારે તમને ગુસ્સો આવ્યો હોય અને તમે ગુસ્સો દેખાડ્યા વગર તંદુરસ્ત અને સંયમિત પ્રતિક્રિયા આપવા માગતા હો તો તમને જણાશે કે તમે કંઈક દુઃખાવો અને દર્દ થાય છે. આખો દિવસ તમારા મગજમાં આ વાત ચાલતી રહે છે. આવી સ્થિતિમાં ઠંડું પાણી નહીં, પણ હૂંફાળું પાણી લાભદાયક છે. જે લોકોને આર્થરાઈટિસ અથવા સાંધાના દુઃખાવાની તકલીફ હોય તેમને પણ ગરમ પાણી પીવાથી ચેતા તંત્ર સુધરે છે અને સાંધાની તકલીફમાં રાહત મળે છે.

દરેક માણસે તેના શરીરને ભીનું રાખવું જરૂરી છે. આથી ગરમ પાણી રૂમ ટેમ્પરેચર કે ઠંડા પાણીની જેમ જ શરીરને ભીનું રાખે છે. તમારે રોજ ૨૩૬ મિલી પાણી લેવું જોઈએ. પરંતુ લોકો માટે કામની ભાગદોડમાં આ અઘરું છે. જો ઉઠતાંની સાથે તમે ગરમ પાણી પી લો અને સૂતી વખતે પણ ગરમ પાણી પી લો તો તમારું શરીર પૂરતું હાઈડ્રેટ થઈ જશે.

ગરમ પાણી પીવાથી તમારા શરીરની તાપમાન નિયંત્રણ પ્રણાલિ જાગૃત થાય છે. તમારું શરીર પાણીના તાપમાન **અનુસંધાન પાના નં.૬ ઉપર**

જો હંમેશા કરશો આ ચીજનું સેવન તો ૭૦ વર્ષે પણ દેખાશે એકદમ સ્માર્ટ

આરોગ્ય

માણસ માત્રને ઉમંર વધતી જાય એમ-એમ જુવાન થવાના ઓરતા પણ વધતા જાય છે. કહેવામાં આવે છે કે શરીરમાં કોષોનું ઓક્સિડેશન અટકાવવા માટેની પ્રક્રિયા ઝડપી બનાવાય તો વૃદ્ધત્વની સમસ્યાઓને દૂર રાખી શકાય છે. જો તમે પણ ઉમર કરતાં યંગ દેખાવા માગતા હોવ તો આ ચીજોનું સેવન કરો

અખરોટ અખરોટમાં વિટામિન ઈ અને ખાસ પ્રકારના એસેન્શિયલ ઓઈલ્સ હોય છે જે બ્રેઈન માટે ખૂબ પોષક છે. શરીર માત્ર બહારથી જ યંગ હોય એટલું પૂરતું નથી. બ્રેઈન શાર્પ, સતેજ અને સક્રિય રહે એ માટે અખરોટ ઈઝ મસ્ટ. ગ્રીન ટી શરીરમાં ભરાયેલો ટોક્સિક ક્યરો આંતરિક અવયવોને ડેમેજ કરે તો અંદરના અવયવોને ઘસારો પહોંચે છે.નિયમિત ગ્રીન ટી પીવાથી યુરિન વાટે ઝેરી તત્વોનો નિકાલ થાય છે એટલે લિવર, કિડની, બ્લડનું ધ્યુરિફિકેશન થતું રહે છે.

એન્ટિ-એજિંગ ફૂડ અત્યાર સુધી વિટામિન ઈ, વિટામિન સી ધરાવતા ચીજોમાં એન્ટિ-એજિંગ પ્રોપર્ટી છે એવું માનવામાં આવે છે. આ ઉપરાંત લીલા પાનવાળી શાકભાજી તેમજ ફ્રૂટમાં કલર બ્લેન્સ એટલે કે રોજ પાંચ જુદા-જુદા કલરની શાકભાજી ખાવાની ટિપ્સ મોખરે ગણાય છે. કઈ ચીજમાં શું પોષકતત્વ છે ને કેટલી માત્રામાં છે એ જાણવાની ઝંઝટ કરવાને બદલે ડાયેટિશ્યન જેકલિને ટોપ ૧૦ એન્ટિ-એજિંગ ચીજોની યાદી તૈયાર કરી છે. સૂર્યમુખીનાં બી ત્વચાની ઈલેસ્ટિસિટી જાળવી રાખે એવું વિટામિન ઈ સૂર્યમુખીના બીમાં રહેલું છે. આ બીનું તેલ નહીં, પરંતુ બીને શેકીને ખાવાથી મેક્સિમમ **અનુસંધાન પાના નં.૬ ઉપર**

હોમીયોપેથીક

અનુસંધાન પ નુ ચાલુ...

છતાં શુકાણુઓ ખુબ વધ્યા નહોતાં. ડો.આલાપની સારવાર લેવામાં આવતાં હોમિયોપેથીક દવા પાંચ મહીના લેવાથી શુકાણુઓ નોંધપાત્ર રીતે વધી ગયા હતા અને બંનેની સારવાર બીજા ચાર મહીના સુધી આપતાં બ્હેનને ગર્ભ રહ્યો અને ગર્ભ રહ્યાના નવ માસ બાદ સુંદર બાળાએ જન્મ લીધો છે.

નવજાત શિશુને ચેક કરતાં પગના બંને તળીયામાં ચામડીઓ ઉતરાઈ ગયેલી જોવામાં આવી. નવજાત શિશુને સાત દિવસની હોમિયોપેથીક સારવાર ડૉ.આલાપે આપતાં ચામડી પણ મટી ગયેલ છે.હોમિયોપેથીક વિજ્ઞાન એ અઢીસો વર્ષ જુનું તબીબી વિજ્ઞાન છે જે લક્ષણશાસ્ત્ર ઉપર આધારીત હોય છે. જેમાં દર્દીના પગથી માથા સુધીના લક્ષણો લેવામાં આવે છે. ૨. લક્ષણોનો વધારો કે ઘટાડો કઈ ઋતુમાં થાય છે તેની નોંધ લેવામાં આવે છે. માણસની પ્રકૃતિ સ્વભાવ, રૂચિ, સહનશક્તિ વિગેરેની નોંધ લેવામાં આવે છે. પછી લક્ષણ પ્રમાણે દવાની પસંદગી કરવામાં આવે છે. આપણે જે રસપ્રદ કિસ્સા જાણ્યા તેમાં દરેક લક્ષણોનો તલસ્પર્શી અભ્યાસ કરીને જે દવાઓ હોમિયોપેથીશી નિયમ પ્રમાણે પસંદ કરવામાં આવી તેના સારા પરિણામો મેળવી શકયા છીએ..રાજકોટના ડૉ. આલાપ ઘોળકિયા જુના હઠીલા રોગો માટે દર શુક્રવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે.

ડૉ. જગદીશ ઘોળકિયા
ડૉ.આલાપ ઘોળકિયા ડીસા

મન બિલોરી કાચ

અનુસંધાન પ નુ ચાલુ...

સાથે અનુકૂળ થવા જાય છે જેનાથી તમારું આંતરિક તાપમાન ઘટે છે. તમારી ચયાપચયની ક્રિયા સક્રિય થાય છે. તમારા શરીરમાંથી મળ દૂર થાય છે. પરિણામે તમારું વજન પણ ઘટે છે.ગરમ પાણી તમારા શરીરની પરિવહન પ્રણાલિને મદદ કરે છે. તમારી નસો અને ધમનીઓ વિસ્તરે છે અને આથી તમારા સમગ્ર શરીરની અંદર લોહી અસરકારક રીતે પહોંચે છે. આમ, લોહીના પરિભ્રમણમાં સુધારાથી તમને કાર્ડિયોવાસ્ક્યુલર રોગથી મુક્તિ મળે છે અને રક્તચાપ (બ્લડપ્રેશર)માં પણ રાહત થાય છે. વધારામાં રાતના સમયે ગરમ પાણી પીવાથી તણાવ ઘટે છે અને તમને નિરાંતની ઊંઘ આવે છે. આથી જેમને તણાવ રહેતો હોય કે જેમને અનિદ્રાની તકલીફ હોય તેમણે પણ ગરમ પાણી પી શકાય. (જી.એન.એસ)

માનસ..

અનુસંધાન પ નુ ચાલુ...

તે સજગ થેલો તે લાકડાની તલવારને ઢાલ પર ઝીલી લેતો. શરૂઆતમાં જો કે ક્યારેક ક્યારેક સજગ ન હોય, બેધ્યાન હોય તેવા ટાણે તેને તલવારના ઘા ખાવા પડયા હતા. પરંતુ ત્રણ માસના અંતે તે પુરો ટ્રેઈન થઈ ગયો હતો. હવે હતો તેટલો તે સજગ બની ગયો હતો. એક દિવસ ગુરૂએ કહ્યું, શાબાશ !બેટા તે મારી તાલીમના પ્રથમ ત્રણ માસ સફળતાપુર્વક પુરા કરી દીધા છે..હવે તારી તાલીમનો બીજો તબક્કો ચાલુ થાય છે અને હવે હું લાકડાની તલવાર લઈને દિવસે જ માત્ર નહીં પરંતુ રાત્રે પણ ગમે ત્યારે બરાબર વાર કરવા આવીશ. તારે સજગ રહેવાનું છે..!

રાજકુમાર થોડીવાર પુરતો ગભરાઈ ગયો. 'દિવસે તો જાગત અવસ્થામાં સજાગ રહેવું સહેલું હતું પરંતુ રાત્રે ઉંઘ્યા હોઈએ ત્યારે ? રાજકુમાર મનોમન વિચારી રહ્યો હતો. તેણે સામનો કરવાનો નિશ્ચય કરી લીધો. સમયાંતરે બીકમાં અને બીકમાં રાજકુમાર તૈયાર થઈ ગયો. શરૂઆતમાં રાત્રે તે બિલકુલ ઉંઘતો નહીં અને સજગ પણ રહેતો અને ગુરૂની તલવારથી બચતો રહેતો પરંતુ થોડીક રાતો આ રીતે પસાર કર્યા પછીતે થાકી ગયો. હવે ઉંઘવું જરૂરી હતું તેથી તેણે એવું કર્યું કે તે થોડા સમય પુરતો ઉંઘી જતો. છતાં તે ઉંઘમાં પણ સતત સાબદો રહેવા પ્રયત્ન કરતો પરંતુ આમ કરવામાં

તે કેટલીક વાર સફળ થતો, તો કેટલીક વાર નિષ્ફળ જતો ત્યારે તેને ગુરૂની તલવારનો વાર ખમવો પડતો. જ્યારે મોટા ભાગે તે જાગી જતો અને પોતાની ઢાલ ઉપર તલવારનો વાર ઝીલી લેતો. આ રીતે સમય વીતાવા લાગ્યો. આખરે તે એવો કેળવાઈ ગયો કે પછી દિવસે અને રાત્રે પણ જાણે જાગૃત હોય તેમ તલવારને એક પણ ઘા તેની ઉપર ન થવા દેતો. **ડૉ. પ્રવિણ પટેલ**

આરોગ્ય

અનુસંધાન પ નુ ચાલુ...

ફાયદો મળે છે. તલ તલમાં વિટામિન ઈ ભરપૂર માત્રામાં હોવાથી હાડકાં, દાંત અને નખ માટે ઉત્તમ છે. એજેંગ પ્રોસેસ અટકાવવા માટે હાડકાંનું નિયમિત પોષણ થતું રહે એ માટે આખા તલ સારા છે. ઓલિવ ઓઈલ ખોરાકને રાંધતી વખતે થોડાક તેલનો ઉપયોગ અનિવાર્ય હોય છે. એ માટે ઓલિવ ઓઈલ ઉત્તમ છે. એમાં ખૂબ જ ઓછી માત્રામાં કોલેસ્ટરોલ જમા કરે એવી ચરબી હોય છે. ઓછું વાપરવા છતાં પૂરતી ચીકાશ અને સ્વાદ હોવાથી સ્વાભાવિકપણે એ ઓછું ખવાય છે. ડેઠલી ત્રણ ચમચી ઓલિવ ઓઈલથી વધુ માત્રામાં ન લેવું. કાકડી ઓછી કેલરી, ભરપૂર પાણી અને સિલિકા નામનું ખનીજ તત્વ ધરાવતી કાકડી ચમકીલી, ચુંવાળી ત્વચા આપે છે. વેઈટ-કન્ટ્રોલ માટે અને કેલરી-કન્ટ્રોલ માટે કાકડી સારી છે.

સંદેશ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રંભેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂ. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂ. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :..... પતિ/પિતા :.....
માતા : .....જ.તા. .....ઉ.વ.
પરિચય: .....
સરનામુ : .....
મોકલનારની સહી : .....

ભૂખ

અનુસંધાન પ નુ ચાલુ..

આજે અમે જણાવીશું કેટલાક એવા ઘરગથ્થું ઉપાય વિશે જેનાથી તમને ભૂખ લાગવા માંડશે અને તમે સ્વસ્થ રહેશો.

ત્રિફળા ચૂર્ણ-

જો તમને ભૂખ નથી લાગતી અને કબજીયાતની સમસ્યા રહેતી હોય તો તમારે તેના માટે ત્રિફળા ચૂર્ણનો ઉપયોગ કરવો જોઈએ. તેનુ સેવન કરવા માટે તમારે હળવા ગરમ દૂધમાં તેને મિક્સ કરીને લેવાની તમારી કબજીયાતની સમસ્યા દૂર થાય છે અને તમને ભૂખ પણ લાગવા લાગે છે.

આદુ-

જો તમને ભૂખ ના લાગતી હોય તો તમે તેના માટે આદુનું સેવન કરો. તેના માટે તમારે જમ્યા પહેલા મીઠાની સાથે આદુનું સેવન કરવું જોઈએ. તેનાથી તમારી ભૂખ ઉઘડી જશે.

ગ્રીન ટી-

જો તમે ગ્રીન ટી ના પીતા હોય તો આજથી જ પીવાનું શરૂ કરી દો કેમકે તેનાથી તમારી ઘણી સમસ્યાઓ ઓછી થઈ જાય છે અને તમને સમયસર ભૂખ પણ લાગે છે. દૂધની સાથે બનેલી ચા ભારે હોય છે એટલે તેનું સેવન ના કરો.

પાણી

જો તમને પાણી પીવાના ફાયદા ખબર ના હોય તો જાણી લો કે તમારે કોઈપણ પ્રકારની કમજોરીમાં પણ દિવસમાં ઓછામાં ઓછું ૩ થી ૪ લિટર પાણી પીવું જોઈએ. જો તમે કોઈ તાંબાના વાસણમાં રાતે પાણી ભરીને રાખી દો અને સવારે તેનું સેવન કરો તો તે તમારા માટે ફાયદાકારક છે.

અજમો-

તમને જણાવી દઈએ કે અજમાંનું સેવન ઘણું ફાયદાકારક છે. તેના સેવનથી તમારું પેટ એકદમ સાફ રહે છે. તેનાથી તમારી ભૂખ પણ વધે છે. તેનું સેવન તમારા માટે સારું હોય છે. તમારે દરરોજ જમ્યાના અડધા કલાક પહેલા તેનુ સેવન કરવું જોઈએ.

મીંઠુ-

જો તમે લસ્સી કે છાશમાં દરરોજ સફેદ મીંઠાનો અને કાળા મીંઠાને મિક્સ કરીને સેવન કરશો તો તે તમારી ભૂખ વધારશે. તેનાથી તમારું પેટ પણ સાફ રહેશે. તમારે દરરોજ તેનું સેવન કરવું જોઈએ.

એકલાં જમો નહીં-

તમને જણાવી દઈએ કે એકલા બેસીને ખાવાથી ભૂખ ઓછી લાગે છે. એટલા માટે તમારે કોશિશ કરવી જોઈએ કે તમે કોઈની સાથે બેસીને ભોજન કરો. તેનાથી તમને ભૂખ પણ વધારે લાગશે અને તમે પર્યાપ્ત ખાવાનું ખાઈ શકશો.

કાળાં મીંઠાનો ઉપયોગ-

તમે ઈચ્છો તો થોડી થોડી વારે કાળા મીંઠનો ઉપયોગ કરી શકો છો. એવું કરવાથી તમને ભૂખ લાગવાની શરૂ થઈ જશે. અને પેટ પણ સાફ રહેશે.

ટામેટાંનો ઉપયોગ-

તમે ઈચ્છો તો ટામેટાં પણ ખાઈ શકો છો. તમારે એક વાતનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ કે આખું પાકેલું ટામેટું ખાવું જોઈએ. તે તમારા માટે સારું છુ. ધ્યાન રહે કે તમારે તળેલી વસ્તુ ખાવાની નથી. તમે આ શાકભાજીને કાચી ખાઈ શકો છો જે ખાવામાં આવે છે. તમને જણાવી દઈએ કે તમારી ભૂખ જગાડવા માટે તમારે આંમલી, લવીંગ, તજ અને મરીને મિક્સ કરીને સેવન કરો. તેનાથી તમારા પેટને ઘણો આરામ મળશે અને તમારી ભૂખ પણ વધશે.

વહેલી સવારે આવેલો હાર્ટ- અટેક વધુ પ્રાણઘાતક સાબિત થઈ શકે

હાર્ટ-એટેક હળવો હોય કે ગંભીર, જો એની સમયસર સારવાર ન કરવામાં આવે તો એ પ્રાણઘાતક નીવડી શકે છે. જોકે દિવસના કયા સમયે અટેક આવ્યો છે એ પણ એની ગંભીરતા પર અસર કરે છે. સ્પેનના અભ્યાસકર્તાઓએ નોંધ્યું છે કે વહેલી સવારે આવતા હાર્ટ-અટેકમાં દર્દીના બચવાના ચાન્સિસ પ્રમાણમાં ઓછા હોય છે. મેડ્રિડમાં આવેલી નેશનલ સેન્ટર ઓફ કાર્ડિયોવેસ્કયુલર રિસર્ચના સાયન્ટિસ્ટોએ સ્પેનની વિવિધ હોસ્પિટલ્સમાં ૨૦૦૩થી ૨૦૧૦ દરમિયાન નોંધાયેલા હાર્ટ-અટેકના દર્દીઓની નોંધ લીધી હતી. એ અભ્યાસમાં મળેલી આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું હતું કે, સવારે ૬ થી ૧૦ વાગ્યા વચ્ચે આવેલા હાર્ટ-અટેકના દર્દીઓમાં ડેથનું રિસ્ક અન્ય સમય કરતાં ૨૧ ટકા જેટલું વધારે હતું. કેટલાક લોકો એવું માને છે કે, સવારના સમયે હાર્ટ-અટેક આવવાનું રિસ્ક વધુ હોય છે, પરંતુ એવું નથી. હાર્ટ-અટેક આવવાની સંભાવના દિવસના કોઈપણ સમયે લગભગ એકસરખી જ હોય છે, પરંતુ સવારના સમયે જે હાર્ટ-અટેક આવે છે એ વધુ ક્રિટિકલ સ્થિતિ પેદા કરી શકે છે.

રોજ પીવો કિશમિશનું પાણી પછી કમાલ જુઓ

કિસમિસ ડ્રાય ફ્રૂટ્સનો જ ભાગ છે. મોટાભાગની લોકો તેને ખાવુ પસંદ કરે છે. કિશમિશ આપણા આરોગ્ય માટે ખૂબ લાભકારી હોય છે. તેનાથી શરીરનો વિકાસ સારી રીતે થાય છે. જો એ કિશમિશના પાણીની વાત કરીએ તો તેનાથી પણ સ્વાસ્થ્ય સંબંધી અનેક પ્રકારની બીમારીઓ દૂર થાય છે. કિશમિશને રોજ રાત્રે પાણીમાં પલાળીને મુકી દો અને સવારે તેનુ પાણી પીવો. પછી જુઓ તેનાથી તમે કેવી એકદમ સ્વસ્થ દેખાશો.

૧. આંખની રોશની તેજ - આ પાણીમાં વિટામિન એ, બીટા કેરોટિન હોય છે જે આંખો માટે લાભકારી તત્વ હોય છે. તેથી રોજ સવારે કિશમિશનુ પાણી પીવો. તેનાથી આંખો કમજોર નહી થાય.

ઓરેંજ કિશમિશ સ્નો

૨. નબળાઈ દૂર - કિશમિશના પાણીમાં એમીનો એસિડ્સ હોય છે જે બોડીને એનર્જી આપવાનુ કામ કરે છે. તેનાથી થાક પણ દૂર થાય છે.

૩. કબજિયાતમાં આરામ - કિશમિશ પાણીમાં ફૂલીને નેચરલ લેક્સેટિવનુ કામ કરે છે. રોજ સવારે ખાલી પેટ કિશમિશનુ પાણી પીવાથી પેટની સારી રીતે સફાઈ થઈ જાય છે.

૪. એસિડિટીમાં આરામ - કિશમિશમાં વર્તમાન સોલ્યૂબલ ફાઈબર્સ પેટની સફાઈ કરીને ગેસ અને એસિડિટીથી રાહત અપાવે છે.

૫. કિડની સ્વસ્થ - કિશમિશના પાણીમાં પોટેશિયમ અને મેગ્નેશિયમ જેવા મિનરલ્સ હોય છે જે બોડીમાંથી ટોક્સિન્સ કાઢીને કિડનીને હેલ્થી બનાવવાનું કામ કરે છે.

૬. લોહીની કમી પૂરી - કિશમિશના પાણીમાં આયરન, કોપર અને બી કોમ્પલેક્સની ભરપૂર માત્રા હોય છે. આ લોહીની કમીને પૂરી કરીને બ્લડ સેલ્સને હેલ્થી બનાવે છે.

૭. કેંસરથી બચાવ - કિશમિશના પાણીમાં રહેલા એંટી ઓક્સીડેંટ્સ શરીરના સેલ્સને હેલ્થી બનાવીને કેંસર જેવી બીમારીઓથી આપણી રક્ષા કરે છે.

કેસરીયા ...

પાના નં.૧ ચાલુ

તમામ પરિબળોનો લાભ ઉઠાવીને સત્તા પરિવર્તન માટે તમામ તાકાત લગાવી ચુકી છે. પાટીદાર અનામત આંદોલન, દલિત આંદોલન, ઠાકોર સમુદાયના આંદોલન તથા સત્તા વિરોધી લહેર, જીએસટી, નોટબંધીને લઈને લોકોની નારાજગી જેવા તમામ મુદ્દા ભાજપની વિરુદ્ધમાં હોવા છતાં આવતીકાલે આ તમામ પરિબળોનો લાભ ઉઠાવી કોંગ્રેસે મતદારોને પોતાની તરફ કર્યા છે કે કેમ તે બાબત પુરવાર થશે. સત્તા પરિવર્તન કે સત્તા પુનરાવર્તનની બાબત ઉપર ચર્ચા જારી છે. આવતીકાલે સોમવારના દિવસે ૧૮૨ બેઠક ઉપર મેદાનમાં રહેલા કુલ ૧૮૨૮ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે જેમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ, અર્જુન મોઢવાડિયા ના ભાવિનો પણ ફેંસલો થનાર છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે ૧૪મી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાયું હતું. બીજા તબક્કા માટે ૯૮.૭૦ ટકા મતદાન થયું હતું. બીજા તબક્કામાં ૯૩ સીટ પર મતદાન થયુ હતું. ૨.૨૨ કરોડ મતદારો પૈકી ૯૮.૭૦ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. બીજા તબક્કામાં મતદારો પૈકી ૧.૧૫ કરોડ પુરૂષો અને ૧.૦૭ કરોડ મહિલા મતદારો નોંધાયા હતા. જે ભારે ઉત્સાહિત દેખાયા હતા. ૨૫૫૫૮ મતદાન મથકો પર બીજા તબક્કામાં મતદાન થયું હતું. આ વખતે ૩૭.૩૭ લાખ મતદારોની વય ૧૮થી ૨૯ વર્ષની વચ્ચેની રહી હતી. બાવન પાર્ટીના ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ભાજપે ૯૩ અને કોંગ્રેસે ૯૧ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યાં હતા. જેમના ભાવિ હવે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. બીજા તબક્કામાં મતદારોની સંખ્યાની દ્રષ્ટિએ લિમખેડા સૌથી નાની સીટ હતી. જેમાં ૧.૮૭ લાખ મતદારો પૈકીના મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આવી જ રીતે ઘાટલોડિયા સૌથી મોટી સીટ છે જેમાં ૩.૫૨ લાખ મતદારો નોંધાયા હતા. બીજા તબક્કામાં સૌથી વધુ ઉમેદવારો મહેસાણામાં ૩૪ અને સૌથી ઓછા ઉમેદવાર ઝાલોદમાં રહ્યા હતા. કુલ મળીને ૨૫,૫૭૫ પોલિંગ સ્ટેશન ઉપર મતદાનની પ્રક્રીયા યોજાઈ હતી. કુલ મતદારો ૨,૨૨,૯૬,૮૭૭ છે. કુલ ૧.૭૪ લાખ પોલીસ જવાનો, સર્વેલન્સ, સીસીટીવી કેમેરા સાથે કુલ ૨.૪૧ લાખ કર્મચારીઓ ફરજ પર હતા. તે પહેલા ૯ની ડિસેમ્બરના દિવસે હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ૬૯.૭૫ ટકા મતદાન થયું હતું. આની સાથે જ ૯૭૭ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. મતદાન પૂર્ણ થવાની સાથે જ પ્રથમ તબક્કામાં મુખ્યપ્રધાન વિજય રૂપાણી, ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલ અને મોઢવાડિયા સહિત ૯૭૭ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ દક્ષિણ ગુજરાતમાં મતદાન થયું હતું. પ્રથમ તબક્કામાં આ બે વિસ્તારોમાં ૮૯ સીટ પર સવારે મતદાન થયું હતુ પ્રથમ ચરણમાં ૨.૧૨ કરોડ મતદારો પૈકી ૬૯.૭૫ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પ્રથમ તબક્કાની ચૂંટણીને સાનુકુળ રીતે પાર પાડવા માટે ૨.૪૧ લાખ કર્મચારીઓ ચૂંટણી ફરજ પર તૈનાત કરવામાં આવ્યા હતા. પ્રથમ તબક્કામાં કચ્છ-સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લામાં ચૂંટણી થઈહતી. પ્રથમ તબક્કામાં જે જિલ્લામાં મતદાન થયું હતું તેમાં કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, અને બોટાદનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં ૫૪ સીટો હતી. બીજી બાજુ દક્ષિણ ગુજરાતના સાત જિલ્લામાં મતદાન થયું હતું. જેમાં નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, અને વલસાડનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં કુલ ૩૫ સીટો હતી. સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતની ૧૯ જિલ્લાને આવરી લેતી ૮૯ સીટ પર પ્રથમ તબક્કામાં મતદાન થયું હતું. પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ૧૪૧૫૫ સ્થળો પર ૨૪૬૯૮ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા હતા. ગુજરાત વિધાનસભા માટે આ વખતે યોજાઈ રહેલી ચૂંટણી દેશ અને વિદેશમાં પણ ભારે ચર્ચાનું કેન્દ્ર બનવા પામી છે.પહેલીવખત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સીધી હાજરી વગર આ ચૂંટણી યોજાઈ રહી છે.આ ઉપરાંત રાજ્યમાં પાટીદાર ફેકટર સહિત અનેક પરિબળો આ વખતના ચૂંટણીજંગમાં સામે આવવા પામ્યા છે.

અમદાવાદ સહિત...

અનુસંધાન ૨ નુ ચાલુ..

વિરમગામ બેઠકના નગરપાલિકા ભવનના પી.ઇબલ્યુડી રૂમમાં ઉભા કરાયેલા મતદાન મથક નંબર-૨૩૯ અને દસ્ક્રોઈ બેઠકના નવા નરોડા વિસ્તારના સીએમ ઠાકર વિદ્યાલયમાં ઉભા કરાયેલા મતદાન મથક નંબર-૧૫ એમ આ બે મતદાન મથક પર આજે સવારના આઠ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી ફેર મતદાન યોજાયુ હતું. આ જ પ્રકારે વડગામ બેઠકના છનિયાણા બુથ નં-૧ અને ૨, સાવલી બેઠકના ન્હાર અને સાકરડા મતદાન મથક એમ મળી રાજયના કુલ છ મતદાન મથકો પર આજે ફેર મતદાન યોજાયું હતું.

૧૪૦ એન્જિ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

હાર્દિક પટેલે તેના ટ્વીટ્સાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, મારી વાતો પર તમને માત્ર હસવુ આવશે પરંતુ વિચાર કોઈ નહી કરે. ભગવાન દ્વારા બનાવાયેલા આપણા શરીરમાં જો છેડછાડ થઈ શકતી હોય તો, માનવ દ્વારા બનાવાયેલા ઈવીએમ મશીનમાં કેમ છેડછાડ ના થઈ શકે..? એટ-ઈએમ હેક થઈ શકે છે તો, ઈવીએમ કેમ નહી ? એવા ગંભીર સવાલ પણ હાર્દિકે ઉઠાવ્યા હતા. અમદાવાદની એક કંપની દ્વારા ૧૪૦ સોફટવેર એન્જિનીયરના હાથો મારફતે પાંચ હજાર ઈવીએમ મશીનના સોર્સ કોડને હેકીંગ કરવાની તૈયારી કરાઇ છે.

સ્થૂળ મહિલાઓને બ્રેસ્ટ-કેન્સરનું જોખમ વધારે : નિષ્ણાતોનો મત

સ્તનોમાં કેન્સરની શકયતા ધરાવતા ગઠ્ઠા અવારનવાર જામી જતા હોય એવી મહિલાઓએ અવારનવાર મેમોગ્રામ્સ કરાવતા રહેવાની જરૂર પડે છે જેથી કેન્સરની ગાંઠનું પ્રારંભિક તબક્કામાં જ નિદાન થઈ જાય છે. બ્રિટનમાં એ બાબતની તપાસ માટે પચાસથી ૭૦ વર્ષની ઉંમરની મહિલાઓને દર ત્રણ વર્ષે બોલાવવામાં આવે છે. બ્રેસ્ટ-કેન્સરનું જોખમ એ બીમારીની કેમિલી હિસ્ટરી અને ચોક્કસ પ્રકારનાં સિમ્પ્ટમ્સ ધરાવતી મહિલાઓ ઉપરાંત સ્થૂળ અને વધારે વજન ધરાવતી મહિલાઓને વધારે હોય છે.

૨૦૦૧ થી ૨૦૦૮ના ગાળામાં બ્રેસ્ટ-કેન્સર થયું હોય એવી ૨૦૧૨ મહિલાઓનું પ્રશ્નોત્તરીના આધારે સ્વીડનમાં આ અભ્યાસ-સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. સ્વીડનમાં દરેક મહિલાએ દોઢથી બે વર્ષના ગાળામાં મેમોગ્રામ કરાવવાનું નિર્ધારિત ધોરણ છે. સંશોધકોએ ચિકિત્સા કે નિદાન વખતે સ્તનોમાં ગઠ્ઠા કે ગાંઠો કેટલી મોટી છે. એ બાબતની તપાસ કરી હતી. ખાસ કરીને સ્થૂળતાના પ્રમાણરૂપ બોડી માસ ઇન્ડેક્સ (મ્ઈ)ના આધારે સ્તનોમાં રહેલી ગાંઠો કે ગઠ્ઠાની સ્થિતિ વિશે તપાસ કરવામાં આવી હતી. એમાં સ્થૂળ મહિલાઓને મોટી ગાંઠોની શકયતા સંશોધકોની ટીમને જણાઈ હતી. જેમનાં સ્તનોનું કદ ખૂબ મોટું હોય એવી મહિલાઓમાં ગાંઠો શોધવાનું પણ મુશ્કેલ બનતું હોવાનું સંશોધકોએ જણાવ્યું હતું. એવી મહિલાઓમાં કેન્સરની ગાંઠો ઝડપથી વિકસતી હોવાનું પણ સંશોધકોએ નોંધ્યુ હતું.

ઉત્તર ભારતમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

રાજોરીના પીર પંજાલ રેંજમાં પણ સતત હિમવર્ષા થઈ રહી છે. અહીં ચારેબાજુ બરફની ચાદર છવાયેલી છે. જેના કારણે જનજીવન સંપૂર્ણ અસ્ત વ્યસ્ત થઈ ગયુ છે. હિમાચલ પ્રદેશના મનાલીમાં સ્તિત સોલાંગ ખીણમાં હિમવર્ષા થઈ છે. શિમલા વિસ્તારમાં પણ હિમવર્ષા થઈ રહી છે. કાશ્મીરમાં કેટલીક રાહત મળી છે. કારણ કે શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવેને સત્તાવાળાઓએ ખોલી દેવાનો નિર્ણય કર્યો છે. આની સાથે ખીણ અને દેશના અન્ય ભાગો કરી સંપર્કમાં આવ્યા છે. હાલમાં કેટલીક જગ્યાએ બરફના કારણે રસ્તાને બંધ કરવાની ફરજ પડી હતી. જો કે ઉંચાણવાળા વિસ્તારમાં હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષા જારી રહી છે. જેથી ઠંડીમાં એકાએક વધારો થયો છે.

આજે ત્રિસ્તરીય...

પાના નં ૮ ચાલુ

કરતા એકપણ બેઠકની આગોતરી આગાહી થઈ શકે તેમ નથી. જેના કારણે પરિણામને લઈ બનાસ વાસીઓની ઉત્સુકતા પરાકાષ્ટા વટાવી ગઈ છે. જે ઉત્સુકતા અને ઉત્તેજનાભર્યા માહોલમાં આજે સોમવારે પાલનપુર - અમદાવાદ હાઈવે ઉપર આવેલ જગાણા સરકારી એન્જનિયરીંગ કોલેજમાં સવારે ૮ ક. મત ગણતરી શરૂ થશે. જેને લઈ બનાસકાંઠા પોલીસ સાથે બી.એસ.એફ. અને એસ.આર.પી. જવાનો સુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. અને જગાણાથી એસ.બી.પુરા સુધીના હાઈવેને 'વનવે' જાહેર કરી દીધો છે. મતદાન ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીનમાં થયેલ હોઈ બપોર સુધીમાં પરિણામ આવી જવાની શક્યતા ચૂંટણી અધિકારી આર.જે.માંકડીયાએ વ્યક્ત કરી હતી.

ડીસામાં એગ્રો...

પાના નં ૮ ચાલુ

હોઈ ત્યાં ગયા હતા. જેથી મોડી રાત્રે તેઓ અમદાવાદ જવા સાંચોર હાઈવે પર વાહનની રાહ જોઈ ઉભા હતા. ત્યારે એક નંબર વગરની સ્વિફ્ટ કાર આવતા તેમણે અમદાવાદ જવાનું જણાવતા કારમાં બેસી ગયા હતા. કારમાં ત્રણ શખ્સો બેઠેલા હતા. કાર ડીસા તરફ હંકારી ધાનેરા નજીક ડ્રાઈવર પેશાબ કરવા ઉતરતા બાજુમાં બેઠેલા શખ્શે ગાડી ચલાવવા લીધી હતી. અને ત્યારબાદ રાત્રિના દોઢેક વાગ્યે સુરેશભાઈને ઊંઘનું ઝોકું આવતા કાર ડીસા આવી ત્રણ હનુમાન મન્દિર રોડ ઉપર વળી જતા શૈલેષભાઈએ પૂછવા જતા ડ્રાઈવર સિવાયના બે શખ્સોએ ચપ્પુ કાઢી તેમની પર હુમલો કરી લૂંટવાની કોશિશ કરી હતી. ઝપાઝપીમાં શૈલેષભાઈ ને પગના ભાગે અને પેટના ભાગે ચપ્પાના ઘા વાગ્યા હતા જ્યારે મૂઢ માર વાગ્યો હતો .

જોકે તેઓએ હિંમતપૂર્વક મુકાબલો કરતા તેઓને લોહીલુહાણ હાલતમાં મુકી ત્રણે શખ્સો રૂપિયા ત્રણ હજાર રોકડા અને મોબાઈલ ફોન લૂંટી કાર લઈ નાસી છૂટ્યા હતા. શૈલેષભાઈએ બૂમાબૂમ કરતા મધરાતે આજુબાજુથી લોકો આવી જતા તેમને સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ લઈ જવામા હતા. જ્યારે સવારે શૈલેષભાઈ પાસેથી લૂંટાયેલો તેમનો બિઝનેસ કીટનો થેલો, તેમના દસ્તાવેજ કાગળિયા અને લોહીલુહાણ વાળું જાકીટ ઈનદીરાનગર ધુળીયા કોટ નજીકના વડલા પાસેથી મળી આવ્યુ હતું.

આ બનાવની જાણ થતા સૌપ્રથમ ડીસા શહેર પીઆઈ કે.બી. ખાંટ દોડી આવ્યા હતા. જોકે ઘટનાસ્થળ તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં આવતું હોય તેમને તાલુકા પોલીસને જાણ કરી હતી. જેથી તાલુકા પોલીસે મુદ્દામાલ કબજે લઈ ડીસા સિવિલ હોસ્પિટલમાં જઈ શૈલેષભાઈ ની ફરિયાદના આધારે અજાણ્યા ત્રણ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કોંગ્રેસને કેમ...

પાના નં ૮ ચાલુ

ધમકીઓ આપી હતી. જે અંગે ડાહીબેન રાવલની ફરીયાદના આધારે બન્ને શખ્સો વિરોધ ભાભર પોલીસ મથકે ગુનો નોંધાયો છે જેની વધુ તપાસ ભાભર પોલીસ ચલાવી રહી છે. અત્રે નોંધનીય છે કે મતદાનમાં ભાભર તાલુકામાં કુલ ત્રણ ફરીયાદો નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

થરા - નાના...

પાના નં ૮ ચાલુ

મહેરબાનીથી કાંકરેજ તાલુકામાં રેતખનન પ્રવૃત્તિનું મોટું 'નેટવર્ક' ચાલી રહ્યું છે. સાંજના ૬ થી વહેલી સવાર સુધી ભુખનન પર પ્રતિબંધ હોવા છતાં

પી.એચ.ડી.ની પદવી એનાયત

રાધનપુર

રાણા ઉમેશકુમાર બાબુભાઈએ ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી ''દક્ષિણ ગુજરાતના સંદર્ભમાં વસ્તી વિષયક આંકડાકીય પાસાંઓના અભ્યાસ'' વિષય પર ડો.સી.એમ. ઠક્કર, પ્રિન્સીપાલ, શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ- રાધનપુરના માર્ગદર્શન હેઠળ શોધનિબંધ રજૂ કરેલ છે. તેને યુનિવર્સિટીએ માન્ય કરી પી.એચ.ડી.ની પદવી એનાયત કરેલ છે.

પાટણમાં પીંપળાશેર રોડ પર બાઈક ઊંટલારીને અથડાતા બે ને ઈજા

પાટણ

પાટણમાં પીંપળાશેરથી પંચાસર જૈન દેરાસર તરફ જવાના માર્ગ પર બાઈક અને ઊંટલારી અથડાતા બે જણાને સામાન્ય ઈજા થવા પામી હતી. પાટણના રેલવે સ્ટેશનના પરા વિસ્તારમાં રેહતા દેવચંદભાઈ સુથાર તેમના બાઈક ઉપર પીંપળાશેરમાંથી પંચાસર જૈન દેરાસર તરફ જતા હતા ત્યારે જુની બી.એમ. હાઈસ્કુલ નજીક એક ઊંટલારીને અથડાઈ પડતાં ઊંટલારીમાં સવાર ચારેક વ્યક્તિઓમાંથી બે જણા નીચે રોડ પર પટકાતાં સામાન્ય ઈજા થઈ હતી. સદર રોડ ખુબ જ સાંકડો હોવાથી આંતરે દિવસે અકસ્માતના બનાવો બને છે.

સાંતલપુર બાર એસોસિયેશનના પ્રમુખ બિનહરીફ ચૂંટાયા

રાધનપુર

સાંતલપુર બાર એસોસિયેશનના પ્રમુખની બે વર્ષની મુદત માટે ચૂંટણી યોજાઈ ગયી,જેમાં ચૂંટણી કમિશનર એન.વી.ઓઝાએ એડવોકેટ સોહરાભખાન એન.થેબાને અન્ય કોઈ ઉમેદવારીપત્ર દાખલ ના થયું હોઈ બિનહરીફ વિજેતા જાહેર કર્યા હતા.જેને સમગ્ર બાર એસોસિયેશનના સદસ્યોએ સહર્ષ વધાવી લઈને પ્રમુખને અભિનંદન પાઠવ્યા હતા.

રાધનપુરમાં જલારામ બાપાની પ્રસાદી ખીચડીનું વિતરણ

કમલ ચકવર્તી

રાધનપુર

રાધનપુર શહેરમાં જલારામ સત્સંગ મંડળ દ્વારા દર રવિવારે ગરીબ અને આર્થિક રીતે પછાત વિસ્તારોમાં જઈને દાતાઓના સહયોગથી જલારામ બાપાની પ્રસાદી ખીચડીનું વિતરણ કરવામાં આવે છે, આ રવિવારે દાતા ચિરાગભાઈ એસ.ઠક્કરના સહયોગથી ખીચડીના પ્રસાદનું વિતરણ કરવા આવ્યું હતું.આ પ્રસંગે જલારામ સત્સંગ મંડળના સેવાભાવી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા,જલારામ સત્સંગ મંડળ દ્વારા જલારામ બાપાના ભજનોનો કાર્યક્રમ રાખવામાં આવે છે,જેમાં સંગીતમય શૈલીમાં બાપાના ભજનોની રમઝટ બોલાવવામાં આવે છે.

ભાજપથી એક વર્ષમાં શિવસેના અલગ થઈ જશે : આદિત્ય ઠાકરે

મુંબઈ

મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેનાનું ગઠબંધન સંકટમાં નજરે પડી રહ્યું છે. શિવસેના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેએ એ વાતનો સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ૨૦૧૯ની ચુંટણી શિવસેના એકલા હાથ લડશે શિવસેનાએ કહ્યું કે તે એક વર્ષની અંદર ભાજપના નેતૃત્વવાળી સરકાર છોડી દેશે. શિવસેનાની સરકારથી અલગ થવાની આ એક નવીનતમ ચેતવણી એ વાતનો સંકેત આપે છે કે પાર્ટી ૨૦૧૯ની ચુંટણી એકલા હાથે લડશે ભાજપની સાથે પોતાના કડવાહટ ભર્યાં સંબંધને જાહેર કરી રહેલ શિવસેના આ પહેલા પણ એનડીએ સરકારથી બહાર થવાની અનેકવાર ધમકી આપી ચુકી છે.

૨.૪૫ લાખની નકલી નોટ સાથે પોલીસે ૩ ને દબોચી લીધા

(હિં.સ.) મુંબઈ

મુંબઈની ભિવંડી પોલીસે તાજેતરમાં ૨.૪૫ લાખની નકલી બનાવટી નોટો પાડી હતી. આ આરોપી પાસેથી કલર પ્રિન્ટ કરેલી બનાવટી નોટો છાપતાં કેટલાક લોકોની અટક કરતા તેમની પાસેથી ૨૦૦૦ રૂપિયાની ૧૧૩ નોટો પકડાઈ હતી.

આ નોટો સાથે ત્રણ આરોપીઓ પાસેથી બે હજારની બનાવટી ૧૧૩ નોટો તેમજ રૂપિયા ૧૦૦થી ૬ અને ૫૦ની ૧૦, વીસ રૂપિયાની ૧૧ નોટો અને રૂપિયા દસની આઠ બનાવટી નોટો મળી કુલ એકંદર બે લાખ ૪૫ જાર ૨૫૦ રૂપિયાની બનાવટી નોટો મળી હતી. આરોપીઓએ નોટો કલર પ્રીન્ટ કાઢીને કરતા હતા.ઉલ્લેખનીય છે ૨૦૦૦ ની નોટ ભારતીય બજારમાં મુકવાનો પાછળનો હેતુ સરકારનો એવો હતો કે નકલી નોટ ભારતીય બજારમાં ફરતી ઓછી થાય પરંતુ છેલ્લા કેટલાક સમયથી માર્કેટમાંથી પકડાતી નકલી નોટોને કારણે ઘણી સમસ્યા થાય છે.

ત્યારે આવી ગેરબંધારણીય પ્રવૃત્તિ કરતા લોકોને પોલીસ પકડી પાડે અને તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરે તેવી એક લોકમાંગ ઉઠવા પામી છે.

રાધનપુર બેઠકના ઉમેદવાર લવિંગજી સોલંકીએ પીપલેશ્વર મહાદેવના દર્શન કર્યા

રાધનપુર

રાધનપુર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર લવિંગજી સોલંકીએ રવિવારે કોરડા ગામે કાનાબાર પરિવાર દ્વારા પીપલેશ્વર મહાદેવના મંદિરે યોજાયેલ યજ્ઞ પ્રસંગે પહોંચીને પીપલેશ્વર મહાદેવના દર્શન કરીને સોમવારે વિધાનસભા ચૂંટણીની મત ગણતરીમાં પોતાને વિજયી બનાવે તેવા આશિષ મેળવ્યા હતા,

યજ્ઞના આચાર્ય પ્રકાશભાઈ શર્માએ તેમને કંકુ તિલક કરીને આર્શીવાદ આપ્યા હતા.

મેઘરજના ધાંધીયા ગામની યુવતીએ ગળે ફાંસો ખાઈ કરેલી આત્મહત્યા

મોડાસા

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ધાંધીયા ગામે એક પરિવારની ૧૮ વર્ષીય પુત્રીએ જાંબુડાના ઝાડની ડાળીએ ઓઢણીનો છેડો બાંધી ગળે ફાંસો ખાઈને આપઘાત કરતાં ચકચાર મચી ગઈ હતી.

ધાંધીયા ગામે રહેતા કાંતિભાઈની ૧૮ વર્ષીય પુત્રી હર્નિશાબેનની લાશ ગત ગુરૂવારે સવારે આઠેક વાગ્યાના સુમારે જાંબુડાના ઝાડની ડાળીએ ગળે ફાંસો ખાધેલી લાશ લટકતી જોવા મળી હતી. ગામની યુવાન દીકરીએ આમ જીવતર ટુંકાવી લેવાની જાણ ગામમાં થતાં લોકોના ટોળે ટોળાં ઘટના સ્થળે એકત્ર થઈ ગયા હતા.

દરમ્યાન પુત્રીના પિતા કાંતીલાલ મેઘરજ પોલીસને જાણ કરતા મેઘરજ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. ગત બુધવારની રાત્રીએ હર્નીશા ઘરમાંથી બહાર નીકળ્યા બાદ આ પગલું તેણીએ ભર્યું હતું. જો કે તેણીએ કયા સંજોગોમાં આ અંતિમ પગલું ભર્યું હશે તેની કોઈ માહિતી પોલીસને મળી નથી. તેણીએ કોઈ અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો હોવાની નોંધ પોલીસે રજીસ્ટરમાં કરી હતી. બાદમાં તેણીની લાશને પી.એમ. માટે મોકલી હતી. યુવાન પુત્રીની આત્મહત્યાથી પરિવારજનોમાં શોકની લાગણી ઉદ્રભવી ઉઠી હતી.

હિંમતનગર તા.પં.ના પ્રમુખ સામેની અવિશ્વાસની દરખાસ્ત અંગે ૨૦ મી એ સભા

હિંમતનગર

વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ આગામી સોમવારે પરિણામ જાહેર થઈ જશે. અને આચાર સંહિતા પણ સમાપ્ત થવાની છે. ત્યારે થોડા દિવસો અગાઉ હિંમતનગર તાલુકા પંચાયતના સત્તધારી કોંગ્રેસ પક્ષના ૧૧ થી વધુ સભ્યો અને વિરોધ પક્ષોએ સાથે મળીને તાલુકા પંચાયતના પ્રમુખ વિરૂધ્ધ અવિશ્વાસની દરખાસ્ત ટીડીઓ સમક્ષ રજુ કરી હતી. જેથી તાલુકા વિકાસ અધિકારીએ આ મામલે આગામી ૨૦ મી ડીસેમ્બરના રોજ તાલુકા પંચાયતની સામાન્ય સભા બોલાવી છે. જેના કારણે તાલુકાના રાજકારણમાં ચહલ - પહલ શરૂ થઈ ગઈ છે. જાણવા મળતી વિગતો અનુસાર હિંમતનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસનું શાસન હોવા છતાં કેટલાક સભ્યોએ તાલુકા પંચાયતના પ્રમુખ ઈમરાનભાઈ ઠાકોરની કાર્યપધ્ધતિથી નારાજ થઈ તેમને થોડા દિવસ અગાઉ સત્તધારી કોંગ્રેસ પક્ષના સભ્યોએ વિરોધપક્ષ ભાજપના સભ્યોને વિશ્વાસમાં લઈ પ્રમુવ વિરૂધ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરતા હિંમતનગર તાલુકા કોંગ્રેસમાં રીતસર ભુકંપ આવી ગયો હોય તેવો માહોલ ઉભો થયો હતો જો કે અવિશ્વાસની દરખાસત રજુ થઈ ત્યારે વિધાનસભાની ચૂંટણીની આચાર સંહિતા અમલી થતાં ટીડીઓ એ આ અંગે સામાન્ય સભા બોલાવી શકે તેવી સ્થિતિમાં ન હતા પરંતુ જિલ્લા વિકાસ અધિકારી અને અન્ય તજજ્ઞોના માર્ગદર્શન બાદ વિધાનસભાની ચૂંટણીનું પરિણામ ૧૮ મીએ જાહેર થયા બાદ આચાર સંહીતા પૂર્ણ થઈ જાય છે. તેથી તે પછી ગમે તે દિવસે સામાન્ય સભા બોલાવી શકાય તેમ હોવાથી તા.૨૦ ડીસેમ્બરે સામાન્ય સભા બોલાવી છે. જેમાં તાલુકા પંચાયતમાં શું થાય છે તે જોવાનું રહ્યું.

રાધનપુર તાલુકાની સુરકા પ્રા શાળાના ભૂલકાઓની સ્પર્ધાઓ યોજાઈ

રાધનપુર

રાધનપુર તાલુકાના સુરકા પ્રાથમિક શાળાના ભૂલકાઓની વિજય દિવસ પ્રસંગે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી, જેમાં આજના મોબાઈલના જમાનામાં ભુલાઈ ગયેલી લીંબુ ચમચી અને કોથળા દોડ જેવી રમતો રમાડવામાં આવી હતી,જેના કારણે ભુલકાઓમાં અનેરો આનંદ છવાયેલો જોવા મળ્યો હતો,

કમલ ચકવર્તી

શાળાના પ્રગતિશીલ શિક્ષક રઘુભાઈ રબારીએ ભુલકાઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ચેક બાઉન્સ કાયદામાં સુધારાને મંજૂરીઃ વચગાળાના વળતરની જોગવાઈ

જી.એન.એસ ન્યુ દિલ્હી

નાણાકીય લેવડ-દેવડના માધ્યમ તરીકે ચેકની વિશ્વસનીયતા વધારવા માટે કેન્દ્ર સરકારે હાલના નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૮૮૧માં સંશોધનને મંજૂરી આપી દીધી છે. હવે અદાલતો પીડિત પક્ષને વચગાળાનું વળતર અપાવી શકશે.

સૂત્રોએ જણાવ્યું કે સરકાર આ કાયદામાં સંશોધન દ્વારા એવી જોગવાઈ કરશે કે આવા મામલાઓમાં સુનાવણી દરમિયાન અદાલતો ઈચ્છે તો ચેક લખનારા વ્યક્તિ વિરુદ્ધ પીડિત પક્ષને વચગાળાના વળતરનું ચૂકવણી કરવાનો આદેશ જારી કરી શકે. સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારે અપીલીય સ્તર પર પણ આવી જોગવાઈનો પ્રસ્તાવ કર્યો છે કે અપીલીય અદાલત ચેક લખનારા અપીલકર્તાની સુનાવણી અદાલત દ્વારા નક્કી કરેલા વળતરનો એક હિસ્સો અપીલ દાખલ કરતી વેળાએ જ જમા કરાવવાનો આદેશ કરી શકે.

સંશોધનને સંસદના હાલના શિયાળુ સત્રમાં જ રજૂ કરવામાં આવી શકે છે. કાનૂન મંત્રી રવિશંકર પ્રસાદે મંત્રીમંડળની બેઠકમાં કરવામાં આવેલા નિર્ણયોની જાણકારી આપતાં કહ્યું કે નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧માં સંશોધનને મંજૂરી આપી દીધી છે. જો કે તેમણે વિગત આપી નથી.દેશભરની વિવિધ અદાલતોમાં ચેક બાઉન્સના અંદાજે ૨૦ લાખ કેસ નોંધાયેલા છે. આમાં અનેક મામલાઓ તો પાંચ વર્ષથી પણ વધુ જૂના છે. નોટબંધી બાદ સરકાર દ્વારા ડિઝિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા છતાં મોટાભાગના કારોબારીઓ ચેક મારફતે ચૂકવણું કરે છે પરંતુ અનેક વખત ચેક બાઉન્સ થાય છે. ખાતામાં પૂરતી બેલેન્સ ન હોવા ઉપરાંત ચેક બાઉન્સ થવાના અનેક કારણ હોય છે જેમાં કટિંગ, હસ્તાક્ષર મિસમેચ,

કડી રાજપુર સીમમાં બાઈકની ટક્કરથી એક યુવાનનું મોત

મહેસાણા

કડીના રાજપુર ગામની સીમમાં બાઈકની ટક્કર વાગતા એક ઈસમને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મોત નિપજ્યું હતું. આ અંગે નંદાસણ પોલીસ મથકમાં અજાણ્યા બાઈક ચાલક સામે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ ચલાવેલ છે.

જાણવા મળતી વિગતો અનુસાર કડીના રાજપુર સીમમાં અંબુજા ફંપની નજીક ગત ગુરૂવારે આ વિસ્તારના રહીશ અને મુળ મધ્યપ્રદેશના નરેશ રાવત નામનો શખ્સ નીકળી રહ્યો હતો. ત્યારે એક અજાણ્યા બાઈક ચાલકે પુરઝડપે પોતાનું બાઈક ચલાવી નરેશ રાવતને ટક્કર મારતા તેને ગંભીર ઈજાઓ થવાથી તેનું મોત નિપજ્યું હતું. આ બાબતે જગદીશ રાવતે નંદાસણ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

કડીના ઘુઘલા ગામે પરિણીતા પર દુષ્કર્મના પ્રયાસ સંદર્ભે ફરિયાદ

મહેસાણા

કડી તાલુકાના ઘુઘલા ગામમાં એક પરિણીતા પર દુષ્કર્મ આચરવાનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. આ બાબતે ગામના એક યુવક સામે બાવલુ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવામાં આવી છે.

જાણવા મળતી વિગતો અનુસાર ઘુઘલા ગામમાં ભરતજી ડાહ્યાજી ઠાકોર સામે ગત ગુરૂવારે બાવલુ પોલીસ સ્ટેશને ફરિયાદ પરિણીતા દ્વારા નોંધાઈ હતી.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર પરિણીતા ગામમાં પોતાના વાડામાં કામ કરી રહી હતી. ત્યારે તેની એકલતાનો લાભ લઈ આરોપી યુવકે તેની પર દુષ્કર્મ આચરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે પરિણીતાએ બુમરાડ મચાવતા આરોપી ગાળો બોલી નાસી ગયો હતો.

મહેસાણા- મોઢેરા રોડ પર બસ - સ્કુટર ટકરાતા યુવકનું મોત

મહેસાણા

મહેસાણાના મોઢેરા રોડ પર આવેલા સ્વામિનારાયણ મંદિર નજીક સાંજના સુમારે એસટી અને સ્કુટર વચ્ચે અકસ્માત સર્જાતા યુવકનું મોત નીપજ્યું હતું.

જાણવા મળતી વિગતો અનુસાર મહેસાણા મોઢેરા રોડ પર ગત શુકવારે મોડી સાંજે આઠ વાગ્યાના સુમારે એક સ્કુટર ચાલક જઈ રહ્યો હતો. ત્યારે સામેથી પુરઝડપે આવતી એસટી બસના ચાલકે ટક્કર મારતા સ્કુટર ચાલક યુવક ઠાકોર દિનેશભાઈ નીચે પટકાયો હતો. જેને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી તેનું મોત નિપજ્યું હતું. આ અકસ્માત સર્જાતા લોકો એકઠા થઈ ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને ઘટતી કાર્યવાહી કરી હતી.

સદર રોડ પર અકસ્માતના આંતરે દિવસે બનાવો બને છે. જેથી સ્થાનિક પોલીસે ઝડપી વાહન ચલાવનારા ચાલકો સામે કાર્યવાહી કરવી જોઈએ.

રાધનપુરના બંધવડ આશ્રમની આનંદી માંએ મુલાકાત લીધી

રાધનપુર

રાધનપુર તાલુકાના બંધવડ ગામે ધ્યાનયોગી પૂજ્ય મધુસુદનદાસજીના શિષ્યા અને અમેરિકા ખાતે રહીને યોગા અને મેડિટેશનના પાઠ ભણાવતા પૂજ્ય આનંદી માં અને પૂજ્ય દીપકજી દર ડિસેમ્બર મહિનામાં ભારતની મુલાકાતે આવે છે અને ભરૂચ નજીક નિકોરાસ્થિત ધ્યાનીધામ આશ્રમ મંદિર અને રાધનપુર તાલુકાના બંધવડ ખાતે આવેલા આશ્રમની મુલાકાત લે છે, આશ્રમની મુલાકાતે આવેલા પૂજ્ય આનંદી માં અને પૂજ્ય દિપકજીએ ધ્યાનયોગી પૂજ્ય

મધુસુદનદાસજીની પ્રતિમાને ફૂલહાર પહેરાવીને ચરણવંદ ના કરી હતી,

ત્યારબાદ સદ્ગુરુના શિષ્યો સાથે મુલાકાત કરીને માર્ગદર્શન આપ્યું હતું.આ ઉપરાંત કપાસની ખેતી અંગે પણ માહિતી મેળવી હતી, ગુરુજીના શિષ્યોએ પણ આ મુલાકાતથી ધન્યતા અનુભવી હતી.

રાધનપુરમાં ભિક્ષુકની લાશના હિન્દૂ-મુસ્લિમ યુવાનોએ અગ્નિ-સંસ્કાર કર્યા

રાધનપુર

રાધનપુર શહેરમાં છેલ્લા આઠ વર્ષથી ભિક્ષા માંગીને પોતાનું જીવન ગુજરાન ચલાવતા અજાણ્યા ભિક્ષુકને અઠવાડિયા પહેલા બીમારીના કારણે કેટલાક સેવાભાવી યુવાનોએ રેફરલ હોસ્પિટલમાં દાખલ કર્યો હતો,જેની રેફરલના તબીબ ડો.અરવિંદભાઈ ચૌધરીએ સેવાભાવનાથી સારવાર કરી હતી,ભિક્ષુકને શ્વાસની બીમારી હોવાનું જાણવા મળ્યું હતું,જેને બે દિવસ પહેલા રેફરલ હોસ્પિટલમાંથી સારવાર બાદ રજા આપવામાં આવી હતી,જે વડપસાર તળાવના કિનારે રેનબસેરા કરતો હતો, આ ભિક્ષુકનું

કમલ ચકવર્તી

શનિવારે રાત્રે અવસાન થયું હતું, રવિવારે સવારે સેવાભાવી યુવાનો હરેશભાઈ રઘુરામભાઈ ઠક્કર, એહમદભાઈ શમાં તેમજ હારૂનભાઈ સહિતે પોલીસને જાણ કરીને પોલીસ સ્ટાફના દિનેશભાઈ દેસાઈ અને વિપુલભાઈ ચૌધરીને સાથે રાખીને શ્રીરામ સેવા સમિતિની શબવાહિનીમાં શાંતિધામ ખાતે લઈ જઈને અગ્નિ-સંસ્કાર કરવામાં આવ્યા હતા,રાધનપુર શહેરમાં આવા સેવાભાવી યુવાનો દ્વારા ભિક્ષુકો કે અજાણી લાશો મળે તો સેવાભાવનાથી અંતિમવિધિ કરવામાં આવે છે.

સાંતલપુર તાલુકાના કોરડામાં કાનાબાર પરિવારે યજ્ઞમાં આહુતિ આપી

રાધનપુર

સાંતલપુર તાલુકાના કોરડા ગામે આવેલા પીપળેશ્વર મહાદેવના મંદિરે કાનાબાર પરિવાર દ્વારા રવિવારે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કાનાબાર પરિવારના સદસ્યો દૂર-દૂરથી પધાર્યા હતા અને યજ્ઞમાં આહુતિ આપીને ધન્યતા અનુભવી હતી,દર મહિનાના અમાસના દિવસે કાનાબાર પરિવારના કુળદેવતા ના પ્રાંગણમાં યજ્ઞનું આયોજન કરવામાં આવે છે,રવિવારે રાધનપુરના ડો.ભરતભાઈ કાનાબાર પરિવારે યજમાન તરીકેનો લાભ લીધો હતો,આ પ્રસંગે ડો.મહેશભાઈ મુલાણી, રાધનપુર ઠક્કર,પ્રવીણભાઈ મહાલક્ષ્મી, લવિંગજી સોલંકી સહિતે દર્શનનો લાભ લીધો હતો.

આજે ત્રિસ્તરીય સુરક્ષા સાથે ઉમેદવારોના ભાવિનો ફેસલો

પરિણામને લઈ લોકોની ઉત્સુકતા ચરમસીમાએ : બપોર સુધીમાં નિર્ણાયક બેઠકોનું ચિત્ર સ્પષ્ટ થશે

ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લાના મુખ્યાલય પાલનપુર નજીકની જગાણા એન્જીનિયરીંગ કોલેજમાં આજે સવારે ૮ ક. થી લઈ જિલ્લાભરમાં ઉત્તેજના સાથે ઉત્સુકતા ચરમસીમાએ છે. મતદાન ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીનમાં થયુ હોઈ બપોર સુધીમાં પરિણામ આવી જવાની ધારણાં છે.

ગત ગુરૂવારે જિલ્લાની ૯ વિધાનસભા બેઠકો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ મત ગણતરી શરૂ થશે. જેને લઈ જિલ્લાભરમાં ઉત્તેજના સૌથી વધુ ૮૫.૫૩ ટકા મતદાન જ્યારે સૌથી ઓછું ૬૮.૮૯ ટકા મતદાન થયું હતું. જિલ્લાની થરાદ, વડગામ અને ડીસા બેઠકમાં ખરાખરીનો ચૂંટણી જંગ જામ્યો હતો. જ્યારે બાકીની બેઠકો ઉપર પરંપરાગત હરીફ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કસોકસની ટક્કર થઈ હતી. એ સિવાય વાવ બેઠક ઉપર રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી અને કોંગ્રેસના ગેનીબેન ઠાકોર વચ્ચે કાંટાની ટક્કર જામી હતી. જેથી મતદાન બાદથી પરિણામને લઈ ઉત્તેજના છવાઈ છે. જોકે મત ગણતરીની પૂર્વ સંધ્યા સુધી જિલ્લાના શાણાં મતદારો મન કળીવા દેતા નથી. તેથી જો અને તોની અટકળોને બાદ

અનુસંધાન પાના નં.૬

એજન્ટોની ચાર સ્થળે તપાસણી કરાશે

મત ગણતરી કેન્દ્રમાં પ્રવેશતા ઉમેદવારોના એજન્ટો માટે વનવે પ્રવેશતા માર્ગ બાદ ચાર જગ્યાએ તેમની તપાસ કરાશે. કેન્દ્રમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા ઉપર પૂર્ણ પાબંદી ફરમાવી છે તેમજ એજન્ટોને મત ગણતરી બાદ બહાર નીકળતા પણ બીજો વનવે રસ્તો બનાવાયો છે જેથી એજન્ટો ભેગા થઈ શકશે નહીં.

રાઉન્ડ પ્રમાણે મત ગણતરી થશે

મત ગણતરીમાં પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયા બાદ તેની વિગત બોર્ડમાં લખાશે. એ પછી જ બીજા રાઉન્ડની ગણતરી શરૂ કરાશે. તમામ ગણતરી રાઉન્ડ પ્રમાણે કરાશે. તેમ ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર આર.જે.મકડીયાએ જણાવ્યું હતું.

પત્રકારો માટે મીડીયા સેન્ટર બનાવાયું

પત્રકારોને કવરેજ માટે કોળજના મેદાનમાં મીડીયા સેન્ટર બનાવાયું છે. જેમાં પત્રકારો માટે ઈન્ટરનેટ અને વાઈફાઈની સુવિધા સાથે ટીવી અને કોમ્પ્યુટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી પત્રકારો મત ગણતરીનું સંપૂર્ણ કવરેજ કરી શકશે.

વાવ અને વડગામ બેઠક માટે અલાયદી વ્યવસ્થા

મત ગણતરીમાં રક્ષા કર્મચારીઓને જોતરવામાં આવ્યા છે. જેમાં મત ગણતરી કેન્દ્રના પ્રથમ માળે ૭ બેઠકો ડીસા, દાંતેવાડા, દાંતા, સાબરકંઠ, દિયોદર, થરાદ અને પાલનપુર બેઠકની એક સાથે મત ગણતરી શરૂ થશે. જ્યારે વાવ અને વડગામ બેઠક માટે અલાયદા રૂમમાં મત ગણતરી કરાશે.

ડીસામાં એગ્રો કંપનીના સેલ્સમેનને ચપ્પા મારી લૂંટી લેવાયો

સાંચોરથી અમદાવાદ જવા ખાનગી કારમાં બેઠેલા સેલ્સમેનને ડીસા નજીક ત્રણ શખ્સોએ લૂંટ્યો

ભરત સુંદેશા

ડીસા

સાંચોરથી અમદાવાદ જવા માટે શનિવારે મોડીરાત્રે ખાનગી કારમાં બેઠેલા અમદાવાદની એગ્રી-બિઝનેસ કંપનીના સેલ્સમેન ને ડીસા નજીક કારમાં બેઠેલા જ ત્રણ શખ્સોએ ચપ્પા મારી લૂંટી લીધો હતો સેલ્સમેન હિંમતપૂર્વક મુકાબલો કરતાં ત્રણેય શખ્સો ઘાયલ હાલતમાં મૂકી થેલો લઈ નાસી છૂટ્યા હતા. સેલ્સમેનને ઈજાગ્રસ્ત હાલતમાં ડીસા સિવિલમાં લઈ જવાયો હતો જ્યારે તેનો થેલો અને લોહીવાળા કપડા જાકિટ ડીસાના ઈન્દીરાનગર ધુળીયા કોટ નજીકથી મળી આવ્યું હતું. સેલ્સમેનની ફરિયાદના આધારે ડીસા તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે, અમદાવાદના બાપુનગર ખાતેની ભક્તિ રેસિડેન્સીમાં રહેતા અને એસ.જી.એસ. ઈન્ડિયા પ્રા.લિ નામની એગ્રી-બિઝનેસ કંપનીમાં સેલ્સમેન તરીકે ફરજ બજાવતા શૈલેષભાઈ બળદેવભાઈ પરમાર શનિવારે તેઓની કંપની સાંચોર ખાતે શિબિર

અનુસંધાન પાના નં.૬

રાધનપુરમાં હીટ & રન : પુરઝડપે જઈ રહેલા બાઇક સવારે નવ વર્ષની બાળાને ચાર ફૂટ ઉછાળી

ધો.૩ માં ભણતી બાળાનું ઘટના સ્થળે જ મોત

કમલ ચકવર્તી

રાધનપુર

રાધનપુર શહેરમાં રવિવારે સાંજે પાંચ વાગ્યાના સુમારે કે.બી.હાઈસ્કૂલમાં ધો.૩ માં ભણતી નવ વર્ષીય દિવ્યા નરેશભાઈ ઠક્કર અખીદોશીની પોળમાં તેના કાકાને ત્યાં જઈ રહી હતી ત્યારે સરોવર રેડીમેડની સામે પુરઝડપે આવી રહેલા પચ્ચીસ વર્ષીય બાઈકસવાર (બાઈક જી.જે.૨૪ આર ૭૮૯૦) અબ્દુલકાદર મહેમૂદભાઈ ઘાંચીએ એવી જોરદાર ટક્કર મારી હતી કે દિવ્યા લગભગ ચાર ફૂટ અધ્ધર ઉછળીને સીધી જ એક દુકાનના શટર સાથે ટકરાઈને નીચે પટકાઈ હતી અને ઘટના સ્થળે જ તેનું કમકમાટીભર્યું મોત થવા પામ્યું, જ્યારે બાઈક સવાર પણ ઘાયલ થવા પામ્યો હતો, જેને ધારપુર હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યારે દિવ્યાને રેફરલ હોસ્પિટલે લઈ જવાતા તબીબોએ મૃત જાહેર કરી હતી, ઘટનાની જાણ થતા રેફરલ હોસ્પિટલ ખાતે સગા-સબંધીઓ અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને બજારમાં પુરઝડપે બાઈકો ચલાવનાર ઉપર પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવો એકસુર ઉઠવા પામ્યો હતો.જ્યારે અકસ્માત કરનાર બાઈકચાલકની પણ ધરપકડ કરીને કડકમાં કડક કાર્યવાહી કરવા લોકમાંગ ઉઠી હતી. પો.ઈ.ડી.એચ.ઝાલાના જણાવ્યા મુજબ બાઈકસવારને ઈજાઓ થવાથી ધારપુર લઈ જવામાં આવ્યો છે,જેની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

પાલનપુરના શ્યામ વિહાર ઉપવનમાં તસ્કરો ત્રાટકયા : ૭ મકાનોના તાળાં તૂટ્યા

સંજય જોષી

શિયાળામાં ઠંડીના વધતા જતા પ્રભાવ વચ્ચે પાલનપુરમાં તસ્કરો પણ પોતાનો ચમકારો બતાવી રહ્યા છે. પાલનપુરની શ્યામ વિહાર ઉપવન સોસાયટીમાં ગતરાત્રે તસ્કરો ત્રાટકયા હતા. જેઓએ સોસાયટીના ૭ બંધ મકાનોને નિશાન બનાવી તાળાં તોડયા હતા. તસ્કરો અંદાજે લાખો રૂપિયાની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનું અનુમાન થઈ રહ્યું છે. ત્યારે પાલનપુર તાલુકા પોલીસએ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

ભાભરના ઉજ્જનવાડા ગામે

કોંગ્રેસને કેમ વોટ આપ્યો કહીને માર માર્યો : બે શખ્સો સામે ફરીયાદ નોંધાઈ

ભાભર તા પ્રતિ.

ભાભર તાલુકામાં વિધાનસભાની ચૂંટણીના મતદાન બાબતે થયેલ મારામારી મુદે એક ભાભર અને બે ઉજ્જનવાડા ગામની ફરીયાદો નોંધાવા પામી છે.

જાણવા મળતી વિગત મુજબ ભાભર તાલુકાના ઉજ્જનવાડા ગામના ફરીયાદી ડાહીબેન વિરમભાઈ રાવલ તા.૧૪-૧૨-૧૭ ના સવારે ઉજ્જવાડા ગામે વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કરીને ઘરે જતાં હતા. તે સમય દરમ્યાન કરશનજી અરજણજી રાઠોડ ભાજપ અગ્રણી રહે. ત વાડ. તા.ભાભરવાળા અને પીરાજી કુંવરશીજી ઠાકોર રહે. વાવડી. તા. ભાભરવાળાઓ ઉજ્જવાડા ગામે મતદાન મથકની મુલાકાતે આવેલ હતા. તેમણે ડાહીબેનને રસ્તામાં કહેલ કે તમે કોને મત આપ્યો છે. ફરીયાદી બહેને કહેલ કે તમારે શું કામ છે, તેમ કહેતા તમોએ કોંગ્રેસમાં વોટ આપો છો તેવુ કહીને બન્ને જણે મતદારને ઉશ્કેરાઈ જઈ ગાળો બોલીને ફરીયાદી બહેનને ગડદા-પાટુનો માર મારી જાનથી મારી નાંખવાની

અનુસંધાન પાના નં.૬

દીઓદર નવા બસસ્ટેન્ડ પાસેથી લાશ મળી

(અશોક શેઠ)

તાલુકા પ્રતિ. દીઓદર

દીઓદરમાં આવેલ નવીન બસ્ટેન્ડ વિસ્તારમાં આજે એક બિનવારસી લાશ મળી આવેલ.

જેની તપાસ કરતાં લાશ કાંકરેજ તાલુકા ના જામપુર ગામના રબારી રામાભાઈ વિરાભાઈ (ઉ.વ.૬૦) ની હોવા નું બહાર આવેલ આ વૃધ્ધ વ્યક્તિનું મોત ઠંડીના મોત થયેલ હોવાનું મનાય છે અને ખાટલામાં સુઈ રહેલ આ વૃધ્ધ મોડે સુધી ઉઠવા નહતા. તેથી લોકોએ તેમને જગાડવા કોશીશ કરેલ.લોકોનાં ટોળાં લાશને જોવા ઉમટી પડ્યા હતાં.આ બાબતે દીઓદર પોલીસે ફરીયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ચૂંટણી પરિણામ તો આજે જાહેર થઈ જશે, સરકાર પણ રચાશે : પ્રજા વિસ્તારના પ્રશ્નો કરતાં લૂંટણખોરી વધુ ચાલુ થશે

યશપાલસિંહ ટી.વાઘેલા

કહી ખુશી.. કહી ગમનો નજારો આજે નવ વાગ્યા પછી જોવા મળશે. ગુજરાત હિમાચલ વિધાનસભા ચૂંટણી -૨૦૧૭ ની મતગણતરી બરોબર સવારે આઠના ટકોરે શરૂ થઈ જશે. ગુજરાતમાં ૩૭ જેટલા મતગણતરી કેન્દ્રો પર ગત તા. ૯/૧૨/૧૭ ના રોજ ઈવીએમ વીવીપેટમાં સીલ થયેલ વિધાનસભાના ભાવિ સભ્યોના ભાવિના સીલ ખુલશે. ગુજરાતમાં પાંચ વાર કોંગ્રેસ અને પાંચ વાર ભાજપ બહુમતીથી પ્રજાના ઉત્સાહ વચ્ચે સરકાર રચાઈ. ૧૪ મી વિધાનસભામાં આજે કોણબાજી મારે છે. ચૂંટણી પછીના એકઝીટ પોલ ગુજરાતમાં છેવટે તો ભાજપની સરકાર જ રચાશે. તેવા આંકડા જાહેર કર્યા છે. ત્યારે પ્રજાનો અંડર કરંટ કંઈક જુદો જ છે. હવે એક તક બીજા પક્ષ પરિવર્તન રૂપે ૬૦ મા રાષ્ટ્રિય કોંગ્રેસના પ્રમુખ પદે રાહુલ ગાંધીની તાજપોશીની ભેટ ગુજરાતમાંથી મળશે. તેવું પણ કેટલાક લોકો કહી રહ્યા છે. તો પરિણામ જે આવવાં હોય તે આવે પરંતુ ગુજરાતની પ્રજામાં ચર્ચાનો મુખ્ય વિષય એ રહ્યો કે, રાજસ્થાનની પ્રજા હોશિયાર છે ને દર પાંચ વર્ષે પરિવર્તન જ કરે છે. આવું ગુજરાતમાં જરૂરી છે. આજે પરિણામો જાહેર થયા બાદ કયા વિસ્તારમાં કેવા પ્રકારની આતશબાજી અને તોફાનો થશે. તેની આગાહી પણ કેટલાક રાજકીય રસીકો કરી રહ્યા છે. હિમાચલ પ્રદેશના લોકો તો મતદાનની પ્રક્રિયાને ભૂલી ગયા હશે ને આજે શું થશે. તેવી ચર્ચાના બદલે જે થવાનું હતું. તે તો મતદાન સમયે થઈ ગયું. આપણે આપણાં કામ કરો. છેવટે આપણે ક્યાંય ઉત્સવોને સમારંભોના મારો ચાલવાનો છે. ગુજરાતમાં બીજા તબક્કાની ૮ બેઠકોના ૧૦ મતદાન કેન્દ્રોમાં થયેલું મતદાન વીવીપેટ માં પડેલી સ્લીપોનો આધારે ગણવાનું ચૂંટણીપંચે જાહેર કર્યું છે. ગઈકાલે બીજા તબક્કાના મતદાન પૈકી ૦૬ બુથ પર ફેર મતદાન થયું હતું. આજે ઉમેદવારોના ભાવિ ખુલશે.

પણ એ પહેલાં ભાજપ-કોંગ્રેસ પક્ષ દ્વારા પોતાના પક્ષને જ બહુમતી મળશે. તેવી આશા સાથે શપથવિધિ- મંત્રી મંડળનું આયોજન પૂરું કરી લીધું છે. ગુજરાતમાં ભાજપ સરકાર રચાય તો મુખ્યમંત્રી વજુભાવાળા કે અન્ય કોઈ તો કોંગ્રેસમાં બહુમતી આવે ને સરકાર બને તો મુખ્યમંત્રી શક્તિસિંહ, પરેશ ધાનાણી કે ભરતસિંહ સોલંકી, ગૃહ- નાણાં વિભાગ કોને સોંપવો. દેશ અને રાજ્યોમાં ગુજરાત વિધાનસભાના પરિણામ તરફ સૌ કોઈની નજર છે. આજે ચૂંટણી પરિણામ સાથે રાજકીય વાવાઝોડું આશેપ - અનુસંધાન પાના નં.૬

ધાનેરાના હાઇ-વે ઉપર દુકાનદારોએ કરેલ દબાણથી રાહદારીઓ ત્રાહીમામ

એક તરફ ટ્રાફિક અને બીજી તરફ દબાણ વિદ્યાર્થીઓ મુસ્કેલીમાં મુકાયા

થરાદ

નેશનલ હાઇવે ધાનેરા શહેરમાંથી પસાર થાય છે અને અગાઉ આ માર્ગ સ્ટેટ હાઇવેમાં હોવાથી લોકોને ચાલવા માટે ફુટપાથ બનાવવામાં આવ્યા હતા પરંતુ રોડની બન્ને બાજુના દુકાનદારોએ ફુટપાથ ઉપર દબાણો કરી દેતા લોકોને ચાલવુ મુસ્કેલ બન્યુ છે તેમજ આ માર્ગ ઉપર ત્રણ શાળાઓ આવેલ હોવાથી રોજના ૪૦૦૦ થી વધારે બાળકો પસાર થાય છે. ફુટપાથ દબાણમાં હોવાના કારણે આ બાળકોને ચાલવા માટે ભારે મુસ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગુજરાત સ્ટેટ હાઇવે વિભાગ દ્વારા વિવેકાનંદ ત્રણ રસ્તા થી થરાદ ત્રણ રસ્તા થઇ નેનાવા ત્રણ રસ્તા સુધીના માર્ગ ને વિકાશ પથ બનાવવામાં આવેલ જેમાં બન્ને સાઈડે ફુટપાથ બનાવવામાં આવ્યા

અનુસંધાન પાના નં.૬

થરા - નાના જામપુર રોડ પર ઓવરલોડ રેત ભરીને દોડતા ડમ્પરો - ટ્રકથી લોકો ત્રાહીમામ

નાના જામપુર- ઉગમણોવાસ પ્રાથમિક શાળા થરા બસસ્ટેન્ડ વિસ્તારના ભુલકાઓ રહીશોમાં આંખ પવરીના રોગનું પ્રમાણ વધ્યું

તાલુકા પ્રતિ. થરા

બનાસકાંઠા જિલ્લા ભૂસ્તર ખાણ ખનીજ વિભાગની ખોટી દાનતના કારણે કાંકરેજ તાલુકામાં બનાસ નદી પટ વિસ્તાર આડેધડ રાત- દિવસ ખોદાઈને ડમ્પર- ટર્બો- ટ્રક- ટ્રેક્ટર ઓવરલોડ ભરીને બેફામ દોડી રહ્યા છે. કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકા વિસ્તારમાં બસસ્ટેશનની બાજુમાં આવેલ. નાના જામપુર રોડ પર નાના જામપુર બનાસ નદી પટ- ખેત વિસ્તારમાંથી નિતિ - નિયમને નેવે મૂકીને હીટાચી જેસીબી મશીનથી ખોદકામ કરીને ટર્બો- ડમ્પર- ટ્રકો- ટ્રેક્ટરો દ્વારા 'ઓવરલોડ' ભરીને નાના જામપુર પ્રાથમિક શાળા ઉગમણોવાસ વિસ્તાર પ્રાથમિક શાળા બસસ્ટેશન- થરા, નગરના સર્વીસ રોડ પર બેકામ દોડી રહ્યાં છે. ઓવરલોડ આવા વાહનોને કારણે ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાઈ રહી છે. તો બીજી તરફ નાના વાહનો- બાઈકવાળાને હેરાન કરી થરા પોલીસને આ ઓવરલોડ દોડતા આવા વાહનો દેખાતા જ નથી. ચૂંટણીમાં કડક વાહન ચેકીંગની પ્રક્રિયામાં આવા વાહનો ડરપે ને ચડતા લોકોમાં અનેક પ્રકારના તર્ક વિતર્ક ચાલી રહ્યાં છે. કાંકરેજ મામલતદાર - સર્કલ ઓફિસર તલાટીઓની મીલીભગતને ભૂસ્તર ખાણ ખનીજ વિભાગની

અનુસંધાન પાના નં.૬

આજે સોમવતી અમાવસ્યાનો દુર્લભ સંયોગ

અમાસના દિવસે પુજા - અર્ચન કરવાથી અનેક ઘણુ ફળ મળે છે

પ્રતિનિધિ વડાવળ

આપણા શાસ્ત્રોમાં સોમવતી અમાસનું વિશેષ મહત્વ બતાવવામાં આવ્યું છે. સોમવાર અને અમાસનો દિવસ દુર્લભ સંયોગ ગણવામાં આવે છે. ત્યારે આજે માગસર માસના અંતિમ દિવસે સોમવાર આવતા શ્રધ્ધાળુ લોકો માટે ખુબ મહત્વ વધી ગયું છે. સોમવતી અમાસના રોજ દાન, જપ, તપ સહિત પવિત્ર નદીઓમાં સ્નાન સાથે શિવપુજન અને પીપળાના વૃક્ષનું પુજન કરવાનો ખુબ મહિમા રહેલો છે. વિવિધ દોષો દુર કરવા માટે પણ આજના સોમવતી અમાસના દિવસે વિવિધ વિધિ વિધાન કરવામાં આવે છે. આ બાબતે જ્યોતિષાચાર્ય ભુતનાથ મહારાજના જણાવ્યા પ્રમાણે માગસર માસની સોમવતી અમાસના દિવસે સુર્ય અને શનિ તથા ચંદ્ર ત્રણેય ગ્રહો ગુરૂની ધન રાશિમાં છે ગુરૂ ધર્મનો કારક ગ્રહ છે. આથી માગસર માસની સોમવતી અમાસનું મહત્વ ખુબ વધારે છે. ત્યારે દરેક લોકો દ્વારા સોમવતી અમાસના દિવસે તીર્થને યાદ કરીને સ્નાન કરવું. ઉપરાંત પીપળાના મુળમાં ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીજીનું પુજન અર્ચન કરવું તથા પવિત્ર સ્થળ પર જઈ પિતૃકાર્ય તર્પણ પણ કરવામાં આવે અને શિવમંદિરોમાં પણ મહાદેવની પુજા આજના પવિત્ર દિવસે કરવામાં આવે તો તેનો અનેક ગણો ફાયદો થઈ શકે છે. જેથી જિલ્લાવાસીઓ દ્વારા સોમવતી અમાસને લઈ તેની તમામ તૈયારીઓ કરી છે.